અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

06 DECEMBER-2025 SATURDAY | Vol. : 17 | Issue : 155 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

અમિત શાહ 3 દિવસ ગુજરાતમાં : ગાંધીનગરમાં અર્થ સમિટનું ઉદ્ઘાટન કર્યું, ગામડાઓને બાજુમાં રાખી.....

4

તત્કાલ બુકિંગ સિસ્ટમમાં ફેરફાર : અમદાવાદ મંડળમાંથી ચાલતી વધુ ચાર પ્રતિષ્ઠિત ટ્રેનો માટે ઓટીપી....

6

રોવમેન પોવેલે જણાવ્યું પોતાની પાવર હિટિંગનું રહસ્ય : કહ્યું- સખત મહેનતથી આત્મવિશ્વાસ વધે છે

7


લોન સસ્તી થશે, RBIએ વ્યાજદર 0.25% ઘટાડ્યો : 20 વર્ષમાં 20 લાખની લોન પર લગભગ 74 હજાર રૂપિયાનો ફાયદો...

### પ્રવાસન, હેલ્થકેયર, ખાદ્ય સુરક્ષા, યુરિયા ઉત્પાદન જેવા ક્ષેત્રોને આવરી લેવાયા

# મેડિકલથી લઈને ખાતર સુધી ભારત અને રશિયા વચ્ચે 7 કરાર

## રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું હતું કે, "અમારો વેપાર રુબેલ્સ અને રૂપિયામાં થાય છે, અમે મેક ઈન ઈન્ડિયામાં સહયોગ કરીશું

**નવી દિલ્હી, તા.5**

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનની ભારત મુલાકાત દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પુતિને સંયુક્ત પત્રકાર પરિષદ યોજીને દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવા માટે ૭ મહત્ત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષરની જાહેરાત કરી હતી. આ કરારોમાં પ્રવાસન, હેલ્થકેયર, ખાદ્ય સુરક્ષા, યુરિયા ઉત્પાદન જેવા ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે. વડાપ્રધાન મોદીએ જાહેરાત કરી છે કે રશિયાના પ્રવાસીઓને ભારત મફત ઈ-ટુરિસ્ટ વિઝા આપશે જે ૩૦ દિવસ માટે માન્ય ગણાશે.

ફર્ટિલાઈઝર અંગેના કરારને ભારત માટે મોટો ફાયદો માનવામાં આવે છે. આ કરાર હેઠળ, ભારત અને રશિયા સંયુક્ત રીતે યુરિયાનું ઉત્પાદન કરશે. ભારત હાલમાં રશિયા પાસેથી મોટા પાયે યુરિયાની આયાત કરે છે. સંયુક્ત ઉત્પાદન શરુ થવાથી ભારતને યુરિયાની આયાત પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળશે.

ભારતીય શ્રમિકો માટે આ કરાર ખૂબ સારા સમાચાર છે. આનાથી ભારતીય શ્રમિકો વ્યવસ્થિત રીતે રશિયા મુસાફરી કરી શકશે અને વધુ સારા પગાર મેળવી શકશે. યુરોપિયન દેશોમાં નિયમો કડક થતાં આ કરાર મહત્ત્વપૂર્ણ બન્યો છે. વડાપ્રધાન મોદીએ રશિયાના લોકો માટે એક મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી કે ભારતે રશિયનો માટે મફત ઈ-ટૂરિસ્ટ વિઝા શરુ કર્યા છે, જે ૩૦ દિવસ માટે માન્ય રહેશે. નોંધનીય છે કે, કેનેડા અને યુકે જેવા યુરોપિયન દેશોમાં વધતા કડક સ્થળાંતર નિયમો વચ્ચે આ કરાર રાહત પૂરી પાડે છે. પુતિન સાથેની બેઠકમાં યુક્રેન સંકટ પર વાત કરતાં વડાપ્રધાન મોદીએ કહ્યું, કે યુક્રેન મુદ્દે આપણી વચ્ચે સતત ચર્ચા થતી રહે છે. એક સાચા મિત્રના રૂપે તમે પણ તમામ ઘટનાઓથી અમને પરિચિત કર્યા. મને વિશ્વાસ છે કે વિશ્વ ફરી શાંતિના માર્ગ પર પરત ફરશે. પાછલા દિવસોમાં જ્યારે પણ મારી દુનિયાના નેતાઓ સાથે વાત થઈ ત્યારે મેં વારંવાર કહ્યું છે કે ભારત ન્યૂટ્રલ ( તટસ્થ ) નથી, ભારત શાંતિના પક્ષમાં છે. શાંતિના તમામ પ્રયાસોમાં અમે તમારી સાથે ખભેથી ખભો મિલાવીને ઊભા છીએ. વિશ્વએ કોવિડથી લઈને અત્યાર સુધી ઘણા સંકટ જોયા છે, આશા છે કે હવે પ્રગતિની રાહ પર આગળ વધશે. જેના જવાબમાં પુતિને પણ કહ્યું કે, રશિયા પણ શાંતિના જ પક્ષમાં છે. યુક્રેન સંઘર્ષ પર વાતચીત ચાલી રહી છે અને હું તમને આ વિષય અંગે સમય સમય પર અપડેટ આપતો રહીશ.

પુતિન સાથેની દ્વિપક્ષીય બેઠકમાં વડાપ્રધાન મોદીએ કહ્યું, કે ૨૦૦૧માં તમે પદ સંભાળ્યું અને પહેલીવાર ભારત આવ્યા હતા, તે વાતને ૨૫ વર્ષ થઈ ગયા. તે પહેલી ભારત મુલાકાતમાં તમે બંને દેશો વચ્ચેના મજબૂત સંબંધોનો પાયો નાંખ્યો હતો. મારા માટે પણ ખુશીની વાત છે કે તમારા અને મારા સંબંધોને પણ ૨૫ વર્ષ થયા. તમે ૨૦૦૧માં જે ભૂમિકા નિભાવી તે એક દીર્ઘદષ્ટા નેતાનું ઉત્તમ ઉદાહરણ છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું કે, 'અમારો વેપાર રુબેલ્સ અને રૂપિયામાં થાય છે. અમે મેક ઈન ઈન્ડિયામાં સહયોગ કરીશું. અમે નવા લોજિસ્ટિક્સ રૂટ બનાવવા અંગે પણ ચર્ચા કરી રહ્યા છીએ. હિંદ મહાસાગર માર્ગનો ઉપયોગ કરવા અંગે ચર્ચા ચાલી રહી છે. અમે મશીન ઉત્પાદનમાં સહયોગ કરવા તૈયાર છીએ. અમે મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમમાં પણ સહયોગ કરવા તૈયાર છીએ, જે પીએમ નરેન્દ્ર મોદીના હૃદયની નજીક છે.'

પુતિને વધુમાં જણાવ્યું કે, પીએમ મોદી અને મેં વાત કરી છે. અમે ટેલિફોન દ્વારા ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવાનું ચાલુ રાખીએ છીએ. રશિયા અને ભારત વચ્ચેના સંબંધો ખૂબ જ મજબૂત છે. અમારા સંબંધો આર્થિક સહિત દરેક



જગ્યાએ મજબૂત થઈ રહ્યા છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું કે, 'હું રશિયન પ્રતિનિધિમંડળના ઉષ્માભર્યા અને આતિથ્યપૂર્ણ સ્વાગત માટે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને અમારા બધા ભારતીય સાથીઓનો આભાર માનું છું. ગઈકાલે, પીએમ મોદીએ તેમના ઘરે રાત્રિભોજનનું આયોજન કર્યું હતું, અને હું તે માટે તેમનો આભાર માનું છું.'

પીએમ મોદીએ કહ્યું કે, 'દશકોથી, બંને દેશોના લોકો પરસ્પર સ્નેહ, આદર અને આત્મીયતાની ભાવના ધરાવે છે. અમે અનેક પગલાં લીધાં છે. તાજેતરમાં, બે નવા રશિયન-ભારતીય કોન્સ્યુલેટ ખોલવામાં આવ્યા છે, જે આપણી નિકટતાને મજબૂત બનાવશે. આ વર્ષે ઓક્ટોબરમાં, લાખો યાત્રાળુઓએ કાલ્મીકિયામાં ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોની મુલાકાત લીધી હતી. અમે રશિયન નાગરિકો માટે ૩૦-દિવસના ઈ-ટૂરિસ્ટ વિઝા અને ૩૦-દિવસના ગ્રુપ ઈ-વિઝા રજૂ કરી રહ્યા છીએ.'

પીએમ મોદીએ કહ્યું કે, 'ઊર્જા સુરક્ષા ભારત-રશિયા ભાગીદારીનો એક મજબૂત અને મહત્વપૂર્ણ આધારસ્તંભ રહ્યો છે. નાગરિક પરમાણુ ઊર્જામાં આપણો દાયકાઓ જૂનો સહયોગ આપણી સહિયારી સ્વચ્છ ઊર્જા પ્રાથમિકતાઓને પૂર્ણ કરવામાં મહત્વપૂર્ણ રહ્યો છે. આપણે આ વિન-વિન સહયોગ ચાલુ રાખીશું. વિશ્વભરમાં સુરક્ષિત અને વૈવિધ્યસભર સપ્લાય ચેઈન સુનિશ્ચિત કરવા માટે મહત્વપૂર્ણ ખનિજોમાં આપણો સહયોગ મહત્વપૂર્ણ છે. આ સ્વચ્છ ઊર્જા, ઉચ્ચ-ટેક ઉત્પાદન અને નવા ઉભરતા ઉદ્યોગોમાં આપણી ભાગીદારી માટે મજબૂત પાયો પૂરો પાડશે.' તેમણે વધુમાં કહ્યું કે, 'જહાજ નિર્માણમાં આપણો ઊંડો સહયોગ મેક ઈન ઈન્ડિયાને વધુ મજબૂત બનાવવાની ક્ષમતા ધરાવે છે. આ આપણા વિન-વિન સહયોગનું બીજું એક મહાન ઉદાહરણ છે, જે રોજગાર, કૌશલ્ય અને પ્રાદેશિક જોડાણને વેગ આપશે.'વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે રાષ્ટ્રપતિ પુતિન અને મને ભારત-રશિયા બિઝનેસ ફોરમમાં હાજરી આપવાની તક મળશે. મને વિશ્વાસ છે કે, આ ફોરમ આપણા વ્યાપાર સંબંધોને નવી ગતિ આપશે. તે નિકાસ, સહ-ઉત્પાદન અને સહ-નવીનતા માટે પણ નવા દરવાજા ખોલશે. બંને પક્ષો યુરેશિયન આર્થિક સંઘ સાથે FTA ના વહેલા નિષ્કર્ષ માટે પ્રયત્નશીલ છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે સંયુક્ત પત્રકાર પરિષદમાં, પીએમ મોદીએ કહ્યું કે, મને આજે ૨૩મા ભારત-રશિયા સમિટમાં રાષ્ટ્રપતિ પુતિનનું સ્વાગત કરતાં ખૂબ આનંદ થાય છે. તેમની મુલાકાત એવા સમયે થઈ રહી છે, જ્યારે આપણા દ્વિપક્ષીય સંબંધો ઘણા ઐતિહાસિક સીમાચિહ્નો અનુભવી રહ્યા છે. છેલ્લા ૮ દાયકામાં વિશ્વએ ઘણા ઉતાર-ચઢાવ જોયા છે. માનવતાએ અસંખ્ય પડકારો અને કટોકટીઓનો સામનો કર્યો છે, અને આ બધા દરમિયાન, ભારત-રશિયા મિત્રતા ધ્રુવ તારા જેવી રહી છે. પરસ્પર આદર અને ઊંડા વિશ્વાસ પર આધારિત આ સંબંધ હંમેશા સમયની કસોટી પર ખરો ઉતર્યો છે.

ભારત અને રશિયાએ મુખ્ય કરારો પર હસ્તાક્ષર કર્યા છે. એક લેબર એક્ટિવિટી કરાર કરવામાં આવ્યા છે, જેના હેઠળ ભારતના લોકો રશિયામાં કામ કરવા જશે. વધુમાં, આરોગ્ય, શિક્ષણ, ખાદ્ય સુરક્ષા, શિપિંગ, પરિવહન, ખાતર, કસ્ટમ બાબતો અને પોસ્ટલ સેવાઓ પર MOU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, '૧૫ વર્ષ પહેલાં, ૨૦૧૦માં, આપણી ભાગીદારીને વિશેષ વિશેષાધિકૃત વ્યૂહાત્મક ભાગીદારીના દરજ્જા સુધી પહોંચાડવામાં આવી હતી. છેલ્લા અઢી દાયકાથી, તેમણે (રાષ્ટ્રપતિ પુતિન) પોતાના નેતૃત્વ અને દ્રષ્ટિકોણથી આ સંબંધને પોષ્યો છે. તેમના નેતૃત્વએ આપણા સંબંધોને સતત નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યા છે. હું મારા મિત્ર, રાષ્ટ્રપતિ પુતિનનો આ ઊંડી મિત્રતા અને ભારત પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતા માટે હૃદયપૂર્વક આભાર માનું છું.'

### બંને દેશો વચ્ચે જે કરારો પર હસ્તાક્ષર થયા છે તેમાં મુખ્યત્વે નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે

1. કોઓપરેશન અને માઈગ્રેશન એગ્રીમેન્ટ
2. અસ્થાયી શ્રમિક ગતિવિધિ પર કરાર
3. હેલ્થકેર અને મેડિકલ એજ્યુકેશન પર કરાર
4. ફૂડ સેફ્ટી અને સ્ટાન્ડર્ડ્સ પર કરાર
5. પોલર શિપ (Polar Ship) પર કરાર
6. મેરિટાઈમ કોઓપરેશન પર કરાર
7. ફર્ટિલાઈઝર (ખાતરો) પર કરાર

## એક જ દિવસમાં ઈન્ડિગોની 1000 ફ્લાઈટ્સ રદ: સંકટ પર CEOની પ્રથમ પ્રતિક્રિયા, માફી માંગી....

**નવી દિલ્હી, તા.5**

છેલ્લા બેથી ત્રણથી દિવસથી ભારતની સૌથી મોટી એરલાઈન કંપની ઈન્ડિગો સંકટમાં મૂકાઈ છે. જેના કારણે ગુજરાત સહિત અનેક રાજ્યોમાં ફ્લાઈટ્સ રદ કરવી પડી છે. એવામાં સમગ્ર મામલે આજે ઈન્ડિગોના CEOએ પહેલી પ્રતિક્રિયા આપી છે.

પાયલટો માટે સરકારે જાહેર કરેલા નવા નિયમો લાગુ કરવામાં એર લાઈન કંપનીને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. એવામાં આજે જ ઈન્ડિગોએ 1000થી વધુ ફ્લાઈટ્સ રદ કરી છે. ઈન્ડિગોના CEO પીટર એલ્બર્સે વિનંતી કરતાં કહ્યું છે, કે 'છેલ્લા થોડા દિવસથી કંપનીને કામકાજમાં સમસ્યા આવી રહી છે. જે ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે તેના મુસાફરો




કૃપા કરીને એરપોર્ટ પર ન જાય. આજે ફ્લાઈટ્સ સૌથી વધુ પ્રભાવિત થઈ કારણ કે આખી સિસ્ટમ રિબૂટ કરવામાં આવી છે. ઈન્ડિગોનું સંચાલન 10થી 15 ડિસેમ્બરની વચ્ચે સામાન્ય રીતે ચાલુ થઈ જશે. તમને થઈ રહેલી અસુવિધા માટે હું માફી માંગુ છું.'

સમગ્ર દેશમાં ઈન્ડિગોના ફ્લાઈટ્સ ઓપરેશનમાં સર્જાયેલા સંકટ બાદ સરકાર હરકતમાં આવી છે. DGCAએ એરલાઈન્સ પાયલોટ માટે જાહેર કરેલો વિકલી રેસ્ટ એટલે કે સાપ્તાહિક આરામ અંગેનો પોતાનો અગાઉનો આદેશ તાત્કાલિક અસરથી પાછો ખેંચી લીધો છે. ત્યારબાદ હવે ઈન્ડિગો વિરૂદ્ધ તપાસના આદેશ આપ્યા છે. DGCAએ ઈન્ડિગો વિરૂદ્ધ તપાસના આદેશ આપ્યા છે. તપાસ કમિટી 15 દિવસમાં DGCAને પોતાનો રિપોર્ટ સોંપશે, જેથી આગળની કાર્યવાહી થઈ શકે. તમામ ખામીઓની તપાસ કરવા માટે ચાર સભ્યોની કમિટી બનાવવામાં આવી છે. જેમાં DGCAના સીનિયર અધિકારી સામેલ છે. નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડૂએ X પર પોસ્ટ કરીને કહ્યું કે, 'ઈન્ડિગોની ફ્લાઈટ્સમાં મોડું થવું અને કેન્શલ થવાના કારણે થઈ રહેલી મુશ્કેલીઓની એક ઉચ્ચ-સ્તરીય તપાસ પણ શરૂ કરી દેવાઈ છે.

## 10 મિનિટ ડિલિવરી મોડલ સમાપ્ત કરવા માંગ, AAP સાંસદે કહ્યું- જીવ જોખમમાં મૂકે છે ગિગ વર્કર્સ

**નવી દિલ્હી, તા.5**

આમ આદમી પાર્ટીના સાંસદ રાઘવ ચઢ્ઢાએ રાજ્યસભાના શૂન્ય કાળમાં ગિગ વર્કર્સની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે સરકારને માંગ કરી છે કે ડિલિવરી બોઝની સુરક્ષા માટે સરકારે પગલાં લેવા જોઈએ તથા કંપનીઓ દ્વારા થોપવામાં આવી રહેલા 10 મિનિટ ડિલિવરી મોડલ સમાપ્ત કરવો જોઈએ. તેમણે કહ્યુ કે, કે જ્યારે પણ આપણે ફોન પર બટન દબાવીએ અને તેમાં મેસેજ આવે કે તમારો ઓર્ડર રસ્તામાં છે. ત્યારે કોઈ વ્યક્તિ ઓર્ડર સમય પર પહોંચાડવા માટે રેડ સિગ્નલ તોડે છે અને તેજ રફ્તારમાં બાઈક ચલાવે છે. માત્ર એક મિનિટ વિલંબ થવા પર તેના રેટિંગ્સ ઓછા થઈ જાય છે અને ઈન્સેન્ટીવ કપાઈ જાય છે. 10 મિનિટ ડિલિવરી મોડલના કારણે



રાઈડર્સ દરરોજ ટ્રાફિકના નિયમો તોડી રહ્યા છે. કારણ કે જો તેવું નહીં કરે તો તેમને ખરાબ રેટિંગ અપાશે અને ગ્રાહકો ફરિયાદ કરશે. આ વર્કર્સ 12થી 14 કલાક ગરમી,ઠંડી, પ્રદૂષણ અને વરસાદમાં કોઈ પણ સુરક્ષા સાધનો વિના કામ કરે છે. નોકરીમાં વીમો કે ભવિષ્યની ગેરંટી ન હોવાના કારણે તેઓ મજબૂર છે. રાઘવ ચઢ્ઢાએ વધુમાં કહ્યું કે આ લોકો રોબોટ નથી. તે કોઈના પિતા, પતિ, ભાઈ કે પુત્ર છે. પોતાનું દર્દ છુપાવીને સ્મિત સાથે લોકોને પાર્સલ આપી કહે છે કે સર, પ્લીઝ ફાઈવ સ્ટાર રેટિંગ આપજો.

## ટ્રમ્પે કાંગો અને રવાન્ડા વચ્ચે પણ શાંતિ સમજૂતિ કરાવી, રેર અર્થ મિનરલ ડીલ પર હસ્તાક્ષર....

**વોશિંગ્ટન, તા.5**

વૈશ્વિક રાજકારણમાં ડિસેમ્બરની શરુઆત ખૂબ જ રસપ્રદ છે. રશિયાના પ્રમુખ પુતિન ચાર વર્ષ બાદ ભારત યાત્રાએ છે. વળી, ફ્રાન્સના પ્રમુખ મેક્રો હાલ ચીનની યાત્રાએ છે. આ દરમિયાન ખુદને સમજૂતી અને શાંતિના દૂત કહેનારા ડોનાલ્ડ ટ્રમ્પે બે અન્ય દેશ (કાંગો અને રવાન્ડા) વચ્ચે શાંતિ કરાર કરાવી દીધો છે. અમેરિકન પ્રમુખે બંને દેશો વચ્ચે શાંતિ કરાર અને રેર અર્થ મિનરલ ડીલ પર હસ્તાક્ષર કર્યા. તેમણે આ કરારને વોશિંગ્ટન અકૉર્ડ નામ આપ્યું. જોકે, આ કરાર બાદ 30 વર્ષથી ચાલી રહેલો સંઘર્ષ ખતમ થઈ જશે તે વિશે શંકા છે.

બંને દેશોના પ્રમુખો સાથે હાજર અમેરિકન પ્રમુખ ટ્રમ્પે કરાર પર




હસ્તાક્ષર બાદ સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે, 'બંને દેશોએ ઘણો લાંબો સમય એકબીજાને મારવામાં વીતાવ્યો છે. હવે આવું નહીં થાય... હવે લાંબો સમય ગળે મળવા, હાથ મેળવવા અને અમેરિકાની આર્થિક મદદ કરીને તમામનો ફાયદો કરાવવામાં વિતાવશે, જેમ દરેક દેશ કરે છે.'

નોંધનીય છે કે, અમેરિકન પ્રમુખ ટ્રમ્પ અને તેમની ટીમે આ કરારને વોશિંગ્ટન અકૉર્ડ્સ નામ આપ્યું છે. આ કરાર પર હસ્તાક્ષર અગાઉ યુએસ ઈન્સ્ટિટ્યુટ ઑફ પીસ તરીકે ઓળખાતા સ્થળે થયા હતા. જોકે, એક દિવસ પહેલા જ ટ્રમ્પ વહીવટીતંત્રે તેનું નામ બદલીને ટ્રમ્પના નામ પર રાખ્યું હતું. જણાવી દઈએ કે, શાંતિ કરારની સાથે જ અમેરિકા અને કાંગોએ રેર અર્થ મિનરલ્સને લઈને પણ કરાર કર્યો. જે હેઠળ મહત્ત્વપૂર્ણ ખનીજ, સોનું અને રેર અર્થ મેટલ્સનું વ્યૂહાત્મક સંગ્રહ કરવામાં આવશે. કાંગોના પ્રમુખ તરફથી વચન આપવામાં આવ્યું કે, આ સંસાધનોના વિકાસ માટે અમેરિકન કંપનીઓને પ્રાથમિકતા આપવામાં આવશે. એટલું જ નહીં કોબાલ્ટ જેવા મહત્ત્વપૂર્ણ ખનીજને લઈને પણ બંને દેશો વચ્ચે ભાગીદારી થઈ. દક્ષિણ આફ્રિકન દેશ કાંગોમાં સતત ગૃહયુદ્ધની સ્થિતિ જોવા મળી રહી છે.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !



CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

LIVE cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

# ગુજરાતનો વધુ એક ખખડધજ બ્રિજ : 9 વર્ષમાં જ સુરતના અણુવ્રતદ્વાર ઓવરબ્રિજના પિલરમાં મોટી-ઉંડી તિરાડો, સળિયા દેખાયા....


**સુરત, તા.05**

સુરતના અત્યંત વ્યસ્ત સીટી લાઈટ વિસ્તારમાં આવેલા અણુવ્રતદ્વાર ઓવરબ્રિજ પર ગંભીર ચિંતાનું મોજું ફરી વળ્યું છે, જ્યાં એક પિલરમાં મોટી તિરાડો પડવા સાથે અંદરના લોખંડના સળિયા ખુલ્લા દેખાઈ રહ્યા છે. 2016માં 55 કરોડના ખર્ચે બનેલા અને માત્ર 9 વર્ષના ગાળામાં જ 7 કરોડના ખર્ચે રિહેબિલિટેશન કરાયેલા આ બ્રિજની જર્જરિત હાલત અને રિપેરિંગની ગુણવત્તા પર આ ઘટનાએ મોટો સવાલ ઊભો કર્યો છે.

મોરબી બ્રિજ દુર્ઘટના બાદ બ્રિજના હેલ્થ ચેકિંગના આદેશો વચ્ચે, થોડા સમય અગાઉ જ મહિના સુધી બંધ રાખીને કરાયેલા રિપેરિંગ બાદ ગણતરીના સમયમાં જ પિલરમાં તિરાડો દેખાતા વાહનચાલકો અને સ્થાનિકોમાં ભય ફેલાયો છે. આ મામલે બ્રિજના નિર્માણમાં સંકળાયેલી એજન્સી અને અધિકારીઓની કામગીરી પર ગંભીર સવાલો ઊભા થયા છે અને સુરત મનપા દ્વારા તાત્કાલિક ધોરણે સ્ટ્રક્ચરલ એન્જિનિયરોની ટીમ દ્વારા આખા બ્રિજની વૈજ્ઞાનિક ચકાસણી કરવાની તાતી જરૂરિયાત ઊભી થઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અણુવ્રતદ્વાર ઓવરબ્રિજના મધ્યભાગમાં આવેલા એક પિલરમાં સ્પષ્ટ અને ઊંડી તિરાડો જોવા મળી છે. આ તિરાડો એટલી મોટી છે કે પિલરની અંદરનું કોંક્રીટ તૂટી ગયું છે અને લોખંડના સળિયા ખુલ્લા પડી ગયા છે. સ્થાનિકોના મતે, આ દ્રશ્ય બ્રિજની હાલત જર્જરિત હોવાનો સંકેત આપે છે, જે સુરત મહાનગરપાલિકાની ઈજનેરી સેવાઓ પર શંકા પેદા કરે છે.

આ મામલો એટલા માટે વધુ ગંભીર બને છે કારણ કે, થોડા સમય અગાઉ જ આ બ્રિજને મહત્ત્વપૂર્ણ રિપેરિંગ માટે બંધ કરવામાં આવ્યો હતો. રિપેરિંગ



કામગીરી માટે આ બ્રિજને વાહન ચાલકો માટે લગભગ એક મહિના સુધી બંધ રાખવામાં આવ્યો હતો, જેના કારણે વાહનવ્યવહારને ભારે અસર થઈ હતી. લાંબા સમય સુધી વાહનવ્યવહાર બંધ રાખીને કરવામાં આવેલા આ રિપેરિંગના ગણતરીના સમયમાં જ પિલરમાં તિરાડો દેખાય, તો આ રિપેરિંગ માત્ર 'કોસ્મેટિક' હતું કે તેની ગુણવત્તામાં કોઈ ગંભીર ખામી હતી, તેવા પ્રશ્નો લોકોમાં ઊભા થયા છે.

સુરતનું સીટી લાઈટ જંકશન અને આ ઓવરબ્રિજ શહેરના સૌથી વ્યસ્ત માર્ગો પૈકી એક છે. દિવસ દરમિયાન હજારો વાહનો આ બ્રિજ પરથી પસાર થાય છે. પિલરમાં સળિયા દેખાવા અને તિરાડો પડવી એ બ્રિજની માળખાકીય સલામતી માટે જોખમી સંકેત છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તાત્કાલિક ધોરણે સ્ટ્રક્ચરલ એન્જિનિયરોની નિષ્ણાત ટીમ દ્વારા આખા બ્રિજની વૈજ્ઞાનિક ચકાસણી કરવાની તાતી જરૂર છે.

સુરતના અણુવ્રત ફ્લાયઓવર બ્રિજ જે 2016માં BRTS પ્રોજેક્ટ અંતર્ગત રૂ. 55 કરોડના ખર્ચે બનાવવામાં આવ્યો હતો. મોરબી બ્રિજ દુર્ઘટના બાદ રાજ્યભરમાં બ્રિજના હેલ્થ ચેકિંગના આદેશ આપવામાં આવ્યા હતા. સુરત પાલિકા દ્વારા આ દુર્ઘટના પહેલાં પણ બ્રિજનું હેલ્થ ચેકઅપ કરવામાં આવતું હતું. આ સર્વે દરમિયાન, પાલિકાના પ્રિ-મોન્સુન અને પોસ્ટ-મોન્સુન ઈન્સ્પેક્શન રિપોર્ટમાં આ બ્રિજના મુખ્ય સ્ટ્રક્ચરલ ભાગો નબળા હોવાનું સામે આવ્યું હતું. 2016માં જનતા માટે ખુલ્લો મુકાયેલો બ્રિજ માત્ર 9 વર્ષના ટૂંકા ગાળામાં જ રિપેરિંગ કરવામાં આવ્યો હતો.

સામાન્ય રીતે મહાનગરપાલિકા દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે બનતા બ્રિજની આયુષ્યમર્યાદા 20થી 25 વર્ષની હોવી જોઈએ. ત્યારે, માત્ર 9 વર્ષમાં જ આ બ્રિજને રૂ. 7 કરોડના ખર્ચે રિહેબિલિટેશન કરવામાં આવ્યો હતો. બ્રિજનું CC સ્ટ્રક્ચર ડેમેજ હોવાનું બહાર આવ્યું હતું. રૂ. 55 કરોડના ખર્ચે બનેલો બ્રિજ 9 વર્ષમાં જ જર્જરિત થતો હોય, તો તેના નિર્માણ સમયે સંકળાયેલી એજન્સી (રણજીત કન્સ્ટ્રક્શન, જે શહેરમાં અન્ય પ્રોજેક્ટ્સ પર પણ કામ કરી રહી છે), અધિકારીઓ અને PMC (પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ)ની કામગીરી પર સવાલો ઉભા થાય છે.

# વડોદરામાં AI ઈનોવેશન સમિટ : બે દિવસીય સમિટમાં 800 જેટલા CA હાજર રહ્યા....

## CAના ક્ષેત્રમાં AIનો ઉપયોગ કરીને કામ સરળ અને ઝડપી બનશે, ઉપયોગની તાલીમ અને ફાયદાઓ અંગે ચર્ચા થઈ

**વડોદરા, તા.05**

વડોદરા બ્રાન્ચ ઓફ WIRC ઓફ ICAI ICAIની AI કમિટી દ્વારા અને આણંદ, ભરુચ ભાવનગર, ભુજ, ગાંધીધામ, જામનગર, નવસારી, રાજકોટ અને વાપી બ્રાન્ચના સંયુક્ત ઉપક્રમે AI ઈનોવેશન સમિટ ગુજરાત 2025 નેવિગેટીંગ ધ ફ્યુચરની બે દિવસીય કોન્ફરન્સનો આજથી પ્રારંભ થયો છે, વડોદરાના પંડિત દિનદયાલ ઉપાધ્યાય નગર ગૃહ ઓડિટોરિયમ ખાતે આ કોન્ફરન્સ શરૂ થઈ છે. જેમાં દેશભરમાંથી અંદાજે 800 જેટલા સીએ ઉપસ્થિત રહ્યા છે.

ICAI બરોડા ચેપ્ટરના ચેરમેન દ્રુ વિ ક પરીખે જણાવ્યું હતું કે, આજ ની કોન્ફરન્સ એઆઈ ઈ નો વે શ ન સમિટ છે. AIનો ભવિ ષ્યમાં સીએ ફિલ્ડમાં કેટલો ફાય દો થશે, તેની ચર્ચા માટે



આજ ની કોન્ફરન્સ યોજાઈ છે. ભવિષ્યમાં સીએના ક્ષેત્રમાં AIનો ઉપયોગ કરીને કામ સરળ અને ઝડપી બનશે.

ICAI બ રોડા ચેપ્ટરના પૂર્વ ચેરમેન રિકિન પટેલે જણાવ્યું હતું કે, 51 શ હેરમાંથી સીએ આજની કોન્ફ ર ન્સમાં આવ્યા છે. AI કમિ ટી ના ચેરમેન અને વાઈસ ચેરમે ન હાજર રહ્યા છે. જે લોકો હાજર ર હી શક્યા નથી, તેઓ વર્ચુઅલી ઉપસ્થિત રહ્યા છે. અમે એક વર્ષથી AIની તૈયારી કરી રહ્યા છીએ.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, 32 હજાર જેટલા CAને AIની સ ર્ટીફિકેટ કોર્સની ટ્રેનિંગ આપી ચૂક્યા છે અને આ બે દિવસના કાર્યક્રમ એ AI માટે જ છે. AI lને કેવી રીતે અડોપ્ટ કરવુ અને અમારા કામમાં કેવી રીતે વાપરવું તેની ટ્રેનિંગ આપી રહ્યા છીએ.

# યુવકે પરિવાર પર ટેમ્પો ચડાવીને કચડ્યા, 4ને ઈજા : પ્રત્યક્ષદર્શીએ કહ્યું, અમે સૂતા હતા ને પાછળથી ગાડી આવી ને બધાની ઉપર ચઢાવી દીધી.....

**વડોદરા, તા.05**

વડોદરાના ગોરવા વિસ્તારમાં મોડી રાત્રે (5 નવેમ્બરે) ભયાનક અકસ્માત સર્જાયો હતો. ટેમ્પો ચાલકે શ્રમજીવી પરિવારના ચાર સભ્યો પર ટેમ્પો ચઢાવી દેવાતા વિસ્તારમાં દહેશતનો માહોલ સર્જાયો હતો. આ ઘટનામાં પરિવારના ચારેય સભ્યો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા, જેઓને તાત્કાલિક ગોત્રી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.

ઈજાગ્રસ્તોમાં પિતા મહેમુદભાઈ મકવાણા, તેમની દીકરી પૂજા મકવાણા, રિયા મકવાણા અને સાવન મકવાણાનો સમાવેશ થાય છે. પરિવારના વડીલ મહેમુદ મકવાણા જે મહેનત મજૂરી કરી પરિવારનો ગુજરાન ચલાવે છે. દુર્ઘટના બાદ તેમના શરીરનું અડધું ભાગ કામ કરવાનું બંધ થઈ ગયું હોવાનો આક્ષેપ પરિવારજનોએ કર્યો છે.

પરિવારનો આક્ષેપ છે કે, ટેમ્પો ચાલકે પોતાની સાથે આવેલા એવા યુવાનને ટેમ્પોની ચાવી આપી હતી, જ્યારે કે તેને ડ્રાઈવિંગ આવડતું જ નહોતું અને આ યુવાને ટેમ્પો ચાલુ કરતાં જ શ્રમજીવી પરિવારમાંના




ચારેય સભ્યોને કચડી નાખ્યા હતા. પરિવારના જણાવ્યા મુજબ ટેમ્પો ચલાવનાર પાસે લાઈસન્સ પણ ના હતુ. આ ઘટના બાદ ગોરવા પોલીસે ટેમ્પો ચાલક તેમજ બીજા યુવાનની અટકાયત કરી છે.

સ્થાનિક રહેવાસી તોસીફ પઠાણ સહિત વિસ્તારના લોકોએ ઘટનાની જાણ થતાં જ દોડી આવ્યા હતા, અને ઈજાગ્રસ્ત શ્રમજીવી પરિવરની મદદ સાથે ન્યાય મળશે તેવી માગ કરી છે. સ્થાનિક રહેવાસી તોસીફ પઠાણએ જણાવ્યું હતું કે, ગોરવા શાક માર્કેટ પાસે એક ટેમ્પો ચાલકે સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવતા ત્યાં ફૂટપાથ પર સૂતેલા એક આખા પરિવારને કચડી નાખ્યો છે. આ ગમખ્વાર અકસ્માતમાં એક બાળક અને એક મહિલા સહીત 4 જેટલા લોકોને ઈજાઓ પહોંચી છે. હાલમાં આ તમામને સારવાર અર્થે ગોત્રી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. ટેમ્પો ચાલક ભાગી જવાની કોશિશ કરી રહ્યો હતો, જોકે પોલીસે ટેમ્પો ચાલકની ધરપકડ કરી છે.તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, જે ટેમ્પો ચલાવતો હતો તેનો ટેમ્પો નહતો, તે ટેમ્પો માં બેસી ગયો હતો અને ટેમ્પો ચલાવવા લાગ્યો હતો અને લોકોને કચડી નાખ્યા હતા. ટેમ્પો ચલાવતો હતો તે તો ચોળાફળી વેચે છે, તેને ટેમ્પો ચલાવતા આવડતું નહોતું તેમ છતાં ચાવી લઈને ટેમ્પોમાં બેસી ગયો હતો.

# પૂર્વ પત્નીના પતિની હત્યા બદલ યુવાનને આજીવન કેદ

## પત્નીએ બીજા લગ્ન કર્યા તો પૂર્વ પતિએ યુવકની હત્યા કરી, જસદણમાં 3 વર્ષ પહેલાના મર્ડર કેસમાં કોર્ટની સજા

**રાજકોટ, તા.05**

રાજકોટના જસદણમાં પ્રતાપપુર ગામે પૂર્વ પત્નીના પતિની ઘાતકી હત્યા નિપજાવવાના ગુનામાં 3 વર્ષ બાદ પતિને શેસન્સ કોર્ટ દ્વારા આજીવન કેદની સજા સંભળાવવામાં આવી છે અને રૂ. 15000 નો દંડ કરવામાં આવ્યો છે. વર્ષ 2022માં પતિ યશવંત મકવાણાએ પત્ની કોમલને છૂટાછેડા દીધા હતાં. જે બાદ પત્નીએ કમલેશ ચાવડા સાથે લગ્ન કર્યા હતા. જોકે તે લગ્નની બીજી જ રાત્રિના પૂર્વ પતિ યશવંત એ કમલેશની તેના ઘર પાસે જ છરીના ઘા મારી હત્યા નિપજાવી દીધી હતી.

યશવંતે જૂન - 2022 માં પોતાના પત્નીને છુટાછેડા આપ્યા હતા. જે બાદ તેની પત્ની કોમલે કમલેશભાઈ મોહનભાઈ ચાવડા સાથે 15 ઓગસ્ટ, 2022ના રોજ લગ્ન કરી લીધા હતાં. જોકે આ લગ્નથી આરોપીને સારૂ ન લાગતા અને પોતાની પત્નીને પરત લઈ આવવા માગતા યશવંતે કમલેશની હત્યા કરવાનુ નક્કી કર્યું હતુ.

જે બાદ 16 ઓગસ્ટ, 2022ના




રોજ મોડી રાત્રીના સમયે આરોપી યશવંત કમલેશ ચાવડાના ઘરે પહોંચ્યો હતો અને તેને બહાર બોલાવી મકાનના નવેરામા ઉપરાછાપરી છરીના ઘા મારી તેનુ મૃત્યુ નિપજાવ્યું હતુ. આ સમયે કમલેશે દેકારો કરતા તેના ભાઈ અને બનેવી દોડી આવ્યા હતા અને બંનેએ હત્યાનો બનાવ નજરોનજર જોયેલો હતો. આ બાબતે કમલેશના ભાઈ વિનોદભાઈ ચાવડાએ ફરીયાદ નોંધાવી હતી અને પોલીસ તપાસના અંતે આરોપી યશવંત સામે ચાર્જશીટ રજૂ કરવામાં આવી.

આ કેસમા આરોપી તરફે રજૂઆત કરવામા આવી હતી કે, ફરીયાદ પક્ષે મરણજનારના મોત અંગે આરોપી વિરૂધ્ધ પૂરતા પુરાવા લાવવામાં આવ્યા નથી અને બનાવ નજરે જોનાર બન્ને કુટુંબીજનોમાથી ફકત એક ને જ સાક્ષી બનાવેલા છે. આ કેસમા 22 સાક્ષીઓના નિવેદનો હોવા છતા ફક્ત 8 સાક્ષીઓની જ જુબાની લેવામાં આવી છે.

આ ઉપરાંત સાહેદોના નિવેદનોમા બનાવની ઘટનાને જે ક્રમમા દર્શાવવામા આવ્યા છે તેનાથી જુદા ક્રમમા જુબાની દરમ્યાન બનાવની ઘટના જણાવવામા આવેલી છે. આ સંજોગોમાં આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકવો જોઈએ.

જોકે સરકાર તરફે જિલ્લા સરકારી વકિલ એસ. કે. વોરાએ રજુઆત કરતા જણાવ્યું હતું કે, કોઈ પ્રસંગના ઘટનાક્રમને જુદા જુદા સમયે એક વ્યકિત ઉચ્ચારે તો પણ આવા ઘટનાક્રમના વર્ણનમા ફેર આવવો કુદરતી છે. કોર્ટમા જયારે જુબાની નોંધાતી હોય ત્યારે તેની સ્મરણશકિત કે બુધ્ધિમતાની પરીક્ષા નથી હોતી. કાયદાની જરૂરીયાત ફકત તેટલી જ છે કે ઘટનાક્રમની મહત્વની ઘટનાનો જુબાની દરમ્યાન ઉલ્લેખ થાય છે.

વકિલ એસ. કે. વોરાએ જણાવ્યું હતું કે, આ ઉપરાંત આરોપીના કપડા ઉપર મરણજનારના લોહીના ડાઘાઓ મળી આવેલા છે ત્યારે આરોપીએ આ અંગે કોઈ જ ખુલાસો કર્યો નથી. તે જ રીતે મરણજનારના ભાઈએ ફરીયાદ આપેલ છે તે ફરીયાદ હાલના આરોપી વિરૂધ્ધ કયા કારણોસર ખોટી આપેલ છે તે અંગે કોઈ જ કારણ દર્શાવેલ નથી. નજરે જોનાર સાક્ષીએ જુબાની દરમ્યાન એક ચોકકસ વર્ણન કરેલું હોય ત્યારે આરોપીએ જાતે જુબાની આપી સાહેદની જુબાની ન માનવાના કારણો દર્શાવવા જોઈએ. પોતાને નિર્દોષ સાબિત કરવા માટે આ ત્રણ મહત્વના પરીબળોમાથી આરોપી કોઈ એક પણ પરીબળનુ ખંડન કરી શક્યા નથી. જેથી આરોપી સામેનો ગુન્હો પુરવાર માનવાનો રહે છે.

સરકાર તરફેની આ રજુઆતોના અંતે અધિક સેશન્સ જજ આઈ. બી.પઠાણે આરોપી યશવંત ઉર્ફે અશ્વિન મહેશભાઈ મકવાણા (ઉ.વ.40, રહે. વડીયા મફતીયા પરા, અમરનગર રોડ, તા.વડીયા, જિ. અમરેલી)ને કમલેશભાઈ મોહનભાઈ ચાવડાની હત્યા બદલ આજીવન કેદની સજા સંભળાવી છે અને રૂ.15000 નો દંડ ફટકાર્યો છે.

# સમીપ કોમ્પ્લેક્ષમાં લાગેલી આગના પગલે ફાયર વિભાગ એક્શનમાં : બે ટીમો બનાવી ચેકિંગ હાથ ધરાયું

## 2 હોસ્પિટલ-3 કોમ્પ્લેક્ષને નોટિસ ફટકારી 10 દિવસમાં ખામી દૂર કરવા સૂચન

**ભાવનગર, તા.05**

ભાવનગર શહેરના કાળુભ રોડ પર આવેલી સમીપ કોમ્પ્લેક્ષના બેઝમેન્ટમાં એકાએક આગ લાગી હતી. જેમાં બાળકો સહિત 19 જેટલા લોકોના રેસ્ક્યૂ કરવામાં આવ્યા હતા અને સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી. જેને પગલે આજરોજ ભાવનગર ફાયર વિભાગ સફાળું જાગ્યું છે અને શહેરની હોસ્પિટલમાં ચેકિંગ અર્થે નીકળી હતી. પ્રથમ દિવસે સોલ હોસ્પિટલ, બિમ્સ હોસ્પિટલ, કાર્ટન સ્ક્વેર કોમ્પ્લેક્ષ, આયુષપ્લાઝા કોમ્પલેક્ષ અને અંજનેય આર્કેડ કોમ્પ્લેક્ષને નોટીસ પાઠવવામાં આવી છે. નોટિસ પાઠવવામાં આવેલ તમામ લોકોને 8થી 10 દિવસની અંદર તમામ સુવિધા પૂરી કરી લેખિતમાં ફાયર વિભાગમાં આપવા જણાવ્યું હતું.



ભાવનગર ફાયર વિભાગ દ્વારા બે અલગ અલગ ટીમો બનાવી ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં 2 સબ ઓફિસર અને 1 ફાયરનો સ્ટાફની બે ટીમ બનાવી કુલ 6 લોકોની ટીમે આજરોજ શહેરી વિસ્તારમાં આવેલી હોસ્પિટલો પૈકી સોલ હોસ્પિટલ, બિમ્સ હોસ્પિટલ, કાર્ટન સ્ક્વેર (તમામ હોસ્પિટલો), સુર્યદીપ કોમ્પ્લેક્ષ(તમામ હોસ્પિટલો), આયુષ પ્લાઝા કોમ્લેક્ષ (તમામ હોસ્પિટલો), અંજનેય આર્કેડ(તમામ હોસ્પિટલો), અક્ષરદિપ હોસ્પિટલ. કે, પી હોસ્પિટલ, Baiju Children hospital અને મહેતા મેટરનીટી હોસ્પિટલનું ઈન્સ્પેક્શન હાથ ધર્યું હતું. બે ટીમો દ્વારા તમામ હોસ્પિટલમાં ઈન્સ્પેક્શન દરમિયાન ફાયર સેફ્ટીનાં સાધનો જેવા કે, ફાયર એક્ષટિંગ્યુશર, ફાયર હાઈડ્રન્ટ સિસ્ટમ, સ્મોક ડિટેક્ટર એલાર્મ સિસ્ટમ, ઈમરજન્સી એક્ઝિટ, ઈમરજન્સી લાઈટિંગ, સ્ટાફ ટ્રેનિંગ તથા અન્ય સુરક્ષા સુવિધાઓની વિગતવાર તપાસ કરવામાં આવી, જે હોસ્પિટલોની ફાયર સેફ્ટીની સુવિધામાં ખામી સામે આવી અને બેઝમેન્ટમાં પડેલો કોઈ સામન પડેલો હોવાનું સામે આવ્યું અને ટેરેસ પર સામાન મુકેલો હોવાનું સામે આવ્યું હતું. આ અંગે હર્ષ ભોજાણી ફાયર કર્મચારીએ ટેલિફોનિક વિગત આપતા જણાવ્યું કે, આજરોજ ભાવનગર શહેરની હોસ્પિટલો પૈકી સોલ હોસ્પિટલમાં બેઝમેન્ટમાં પાર્ટીશન કરી મેડિકલ સ્ટોર રૂમ અને ફાયર સેફ્ટીનો પંપ બંધ હાલતમાં હોવાનું સામે આવ્યું. બિમ્સ હોસ્પિટલમાં બેઝમેન્ટમાં કેન્ટીન કાર્યરત અને ટેરેસ પર ઉપર માલસામાન મુકવામાં આવ્યો છે, કાર્ટન સ્ક્વેર કોમ્પ્લેક્ષમા ફાયરની અમુક સુવિધા બંધ સામે આવી, આયુષ પ્લાઝા કોમ્પલેક્ષમાં ટેરેસ પર પ્લાસ્ટિકનો મોટી માત્રામાં મુકેલો માલસામાન સામે આવ્યો અને અંજનેય આર્કેડ કોમ્પલેક્ષમાં ફાયર સુવિધાના અમુક સાધનો કાર્યરત ન હતા. જેના પગલે ફાયર વિભાગ દ્વારા નોટિસ પાઠવવામાં આવી છે. તમામ લોકોને આપેલ નોટિસકર્તાઓને 8થી 10 દિવસની અંદરની આ તમામ ખામીઓ સામે આવી છે. તે પુરી કરવી અને ફાયર વિભાગને લેખિતમાં ફાયર વિભાગને આપવાનુ જણાવવામાં આવ્યું છે.

# સચિનના સાતવલ્લા બ્રિજ પાસે કચરાના ઢગલામાંથી નવજાતનો મૃતદેહ મળ્યો....

## બાળકીને તરછોડનાર વાલીની CCTV-હોસ્પિટલના આધારે શોધખોળ શરૂ

**સુરત, તા.05**

દેશને આર્થિક ગતિ આપતું સુરત શહેર છેલ્લા એક અઠવાડિયાથી માતૃત્વના અપમાન અને માનવતાના પતનની સૌથી કરુણ ગાથા જોઈ રહ્યું છે. માત્ર સાત દિવસના ગાળામાં શહેરના બે અલગ-અલગ વિસ્તારો ઈચ્છાપુર અને સચિનમાંથી તાજી જન્મેલી બે ફૂલ જેવી બાળકીઓને નિષ્ઠુરતાપૂર્વક ત્યજી દેવામાં આવી છે. આ બંને માસૂમ બાળકીઓ કડકડતી ઠંડીમાં ત્યજાયેલી મળી હતી. કમનસીબે બંનેના મોત નીપજ્યા છે.

તાજેતરની અને વધુ હૃદયદ્રાવક ઘટના સચિન વિસ્તારના સાતવલ્લા બ્રિજ નજીક બની છે. અહીં નહેરની બાજુમાં આવેલા કચરાના ઢગલામાંથી તાજી જન્મેલી એક બાળકીનો મૃતદેહ મળી આવતા આસપાસના વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. બાળકીને જોઈને સ્પષ્ટ જણાઈ આવ્યું હતું કે, જન્મ



છુપાવવાના આશયથી આ માસૂમને મૃત હાલતમાં તરછોડી દીધી હતી. જનેતાની આ ક્રૂરતાએ માનવ સમાજનું માથું શરમથી ઝુકાવી દીધું છે. ઘટનાની જાણ થતા જ સચિન પોલીસ તુરંત સ્થળ પર દોડી આવી હતી. પોલીસે નવજાતના મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ મોકલી આપ્યો છે. આ અમાનવીય કૃત્ય કરનારને ઝડપી પાડવા માટે પોલીસે તાત્કાલિક ધોરણે તપાસ શરૂ કરી દીધી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, સાતવલ્લા બ્રિજ નજીકના 50થી વધુ સીસીટીવી ફૂટેજની સઘન તપાસ હાથ ધરવામાં આવી છે. આ સાથે જ આજુબાજુની તમામ ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં તાજેતરમાં પ્રસૂતિ થયેલી મહિલાઓની માહિતી પણ એકત્ર કરવામાં આવી રહી છે, જેથી કડી મળી શકે. હાલ પોલીસે અજાણી મહિલા વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી, પરંતુ હવે બીજી બાળકીનું મૃત્યુ થતા શહેરમાં આક્રોશની લાગણી ફેલાઈ છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં 10 થી 12 ડિસે. 54 મો ખેલકૂદ મહોત્સવ:એથલેટિક્સની 26 ઈવેન્ટમાં 5 જિલ્લાના 400 ખેલાડીઓ કૌવત બતાવશે

**રાજકોટ, તા.05**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આગામી 10 થી 12 ડિસેમ્બર દરમિયાન 54મા વાર્ષિક ખેલકૂદ મહોત્સવ વર્ષ 2025 - 2026નું આયોજન કરવામાં આવ્યું છે. કુલપતિના હસ્તે તેનો પ્રારંભ કરવામાં આવશે અને ત્રણ દિવસ દરમિયાન યોજાનારી આ એથ્લેટિક્સ ગેમમાં 26 ઈવેન્ટમાં રાજકોટ, મોરબી, જામનગર, અમરેલી અને સુરેન્દ્રનગર જિલ્લાના 400થી વધુ ખેલાડીઓ પોતાનું કૌવત બતાવશે.

યુનિવર્સિટી કક્ષાની સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર ખેલાડીને અનુક્રમે ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ સ્પર્ધા સ્થળ પર જ એનાયત કરી સન્માનિત કરવામાં આવશે. જ્યારે આ વિજેતા ખેલાડીઓમાંથી ક્વોલીફાય થનારા ખેલાડીઓ મેંગ્લોરમાં યોજાનારી ઓલ ઈન્ડિયા સ્પર્ધામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરવા માટે જશે. જ્યાં રાષ્ટ્રીય કક્ષાએ ખૂબ જ સારું પરફોર્મન્સ કરી યુનિવર્સિટીને મેડલ અપાવે તેવી આશા છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડૉ. હરીશ રાબાએ જણાવ્યું હતું કે, 10થી 12 ડિસેમ્બર દરમિયાન વાર્ષિક ખેલકૂદ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં 26 ઈવેન્ટમાં 400થી વધુ ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે જેમાં ભાઈઓ અને બહેનોની સ્પર્ધામાં જે ક્વોલિફાય થશે તેઓ ઓલ ઈન્ડિયા સ્પર્ધા રમવા માટે મેંગ્લોરમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરવા માટે જશે.

ખેલાડીઓ એથ્લેટિક્સની આ અલગ અલગ ઈવેન્ટમાં ખુબ જ સારુ પરફોર્મન્સ આપી મેડલ લાવવા માટે તત્પર છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડૉ. ઉત્પલ જોશી દ્વારા 10 ડિસેમ્બરના વાર્ષિક ખેલકૂદ મહોત્સવને ખૂલ્લો મૂકવામાં આવશે. જેમાં માર્ચ પાસ્ટ, મશાલ રિલે, બેસ્ટ એથ્લેટ્સ અને મેડલ સેરેમની જેવી અલગ અલગ એક્ટિવિટીની આ વર્ષથી શરૂઆત કરવા જઈ રહ્યા છીએ. સ્પર્ધા દરમિયાન જ પરિણામ જાહેર કરી અને ખેલાડીઓને સ્થળ ઉપર જ મેડલ પહેરાવી સન્માનિત કરવામાં આવશે. 54મા ખેલકૂદ મહોત્સવના ત્રણ દિવસ દરમિયાન એટલેટિક્સમાં ભાઈઓ અને બહેનોમાં 100, 200, 400, 800, 1500, 5000 અને 10000 મીટર દોડ, હાફ મેરેથોન, 20 કિલોમીટર વોક, ગર્લ્સ માટે 100 તો બોયઝ માટે 110 મીટર હર્ડલ્સ, 400 મીટર હર્ડલ્સની ઈવેન્ટ યોજાશે. આ ઉપરાંત લોંગ જમ્પ, ત્રીપલ જમ્પ, હાઈ જમ્પ, પોલ વોલ્ટ, શોટ પુટ, ડિસ્કસ થ્રો, જેવલીન થ્રો, હેમર થ્રો, હેપ્ટાથોન, ડેકાથોન, સ્ટીપલ ચેઝ, 4*100 મીટર રિલે, 4*400 મીટર રિલે અને 4*400 મીટર મિક્સ રિલે એમ કુલ 26 ઈવેન્ટ યોજાશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# અમિત શાહ 3 દિવસ ગુજરાતમાં : ગાંધીનગરમાં અર્થ સમિટનું ઉદ્ઘાટન કર્યું, ગામડાઓને બાજુમાં રાખી દેશનો વિકાસ શક્ય નથી

અમદાવાદ, તા.05

કેન્દ્રીય ગૃહ તથા સહકારિતામંત્રી અમિત શાહ આજથી ત્રણ દિવસ (5થી 7 ડિસેમ્બર) ગુજરાતની મુલાકાતે છે. આ દરમિયાન 1506 કરોડનાં વિકાસકાર્યોનાં લોકાર્પણ-ખાતમુહૂર્ત કરીને અમદાવાદ અને ગાંધીનગરના નાગરિકોને વિકાસકાર્યોની ભેટ આપશે. સૌથી પહેલા તેમમે GMDC ગ્રાઉન્ડમાં યોજાયેલા સ્વદેશોત્સવ કાર્યક્રમમાં સ્ટોલ નિહાળ્યા હતા. આ સમયે તેમની સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને હર્ષ સંઘવી પણ હતા. ત્યાર બાદ તેઓ ધ અર્થ સમિટ 2025-26માં હાજરી આપવા ગાંધીનગર જવા રવાના થઈ ગયા હતા.

અમિત શાહે નાબાર્ડ-IAMAIના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગરમાં યોજાયેલી 'ધ અર્થ સમિટ 2025-26'નું ઉદ્ઘાટન કર્યું હતું. આ ઉપરાંત સહકાર મંત્રી અમિત શાહના હસ્તે 'સહકાર સારથી એપ'નું લોકાર્પણ, ગ્રામીણ અર્થતંત્ર મજબૂત કરવાની દિશામાં 13 નવી ડિજિટલ સેવાઓનો પ્રારંભ કરાવ્યો હતો. આ સમિટમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કૃષિ મંત્રી જીતુ વાઘાણી, નાબાર્ડના ચેરમેન સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સહકાર મંત્રી અમિત શાહના હસ્તે સહકાર બેંકિંગ નેટવર્કને મજબૂત બનાવતા ડિજિટલ સેવા 'સહકાર સારથી એપ'નું લોકાર્પણ થયું, જેનાથી ગ્રામીણ બેંકો, અર્બન કો-ઓપરેટિવ બેંકો અને જિલ્લા-રાજ્ય સહકારી બેંકોને એક જ ડિજિટલ પ્લેટફોર્મ પર લાવવામાં આવશે. સમિટમાં એક સાથે 13 નવી સેવાઓનો પ્રારંભ પણ કરવામાં આવ્યો.

આ પ્રસંગે અમિત શાહે કહ્યું કે, આજની અર્થ સમિટ દેશ માટે અત્યંત મહત્વપૂર્ણ છે અને ગ્રામીણ અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવાનો મુખ્ય હેતુ ધરાવે છે. કૃષિ, પશુપાલન અને સહકાર- દેશના વિકાસના ત્રણ આધારસ્તંભ છે, અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ત્રણ વિભાગોના બજેટમાં ત્રણ ગણો વધારો કર્યો છે. દેશનો વિકાસ ગામડાઓને બાજુમાં રાખીને સંભવ નથી. ટેક્નોલોજી વિના સહકારી ક્ષેત્ર આગળ વધી શકશે નહીં; સહકાર સારથી ડિજિટલ પારદર્શિતા અને ઓછા ખર્ચે સેવા ઉપલબ્ધ કરાવશે.

બનાસકાંઠા અને પંચમહાલમાં ચાલતા પાયલોટ પ્રોજેક્ટ સફળ રહ્યા છે, જેના આધારે ભવિષ્યમાં આ સિસ્ટમ સમગ્ર દેશમાં લાગુ થશે. ડેરી ક્ષેત્રની સર્ક્યુલર ઈકોનોમી માટે ગુજરાત રોલ મોડલ બન્યું છે. પ્રાકૃતિક અને ઓર્ગેનિક ખેતીનાં પ્રયાસો વધતા, દેશમાં હાલ 49 લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધી ચૂક્યા છે, અને અમૂલની 40 ઓર્ગેનિક પ્રોડક્ટ ઓનલાઈન ઉપલબ્ધ છે.

અમિત શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ત્રણ દિવસીય ધ અર્થ સમિટના અમૃત ચિંતનથી દેશની ગ્રામીણ અર્થવ્યવસ્થા નવી ઊંચાઈઓએ પહોંચશે અને આત્મનિર્ભર ભારતના સંકલ્પને મજબૂત કરશે.

અમદાવાદના GMDC ગ્રાઉન્ડમાં સ્વદેશી જાગરણ મંચ દ્વારા સ્વદેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વદેશોત્સવમાં અલગ-અલગ સ્વદેશી વસ્તુઓના આકર્ષક સ્ટોલ્સ ઊભા કરવામાં આવ્યા છે. મુખ્ય અભિયાનો- પર્યાવરણ સંકલ્પ, સ્ટાર્ટઅપ ઉડાન, સ્વદેશી સંકલ્પ, સ્વાવલંબન અને માતૃશક્તિની ભૂમિકા, સાયબર સિક્યોરિટી જાગૃતિ, આયુર્વેદ અને સ્વાસ્થ્ય પ્રાકૃતિક તથા ઓર્ગેનિક ખેતી પર સ્ટોલ રાખવામાં આવ્યા છે. આ સ્વદેશોત્સવ કાર્યક્રમ 5 દિવસ સુધી ચાલશે.

આ સ્વદેશોત્સવમાં સૌથી વધુ ગૌ માતા આધારિત પ્રોડક્ટના સ્ટોલ જોવા મળી રહ્યા છે, જેમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી વલ્લભ કથીરિયાએ પણ સ્ટોલ કર્યો છે. વલ્લભ કથીરિયાએ રખડતાં ઢોરનો ત્રાસ અટકાવવા ગોબર અને ગૌમૂત્રના પ્રોડક્શન પર અલગ અલગ વસ્તુઓ બનાવવાની શરૂઆત કરી છે.



અમદાવાદનો કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ અમિત શાહ ગાંધીનગર રવાના થશે. તેઓ બપોરના 12 વાગ્યે ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે નાબાર્ડ દ્વારા યોજાનારી 'અર્થ સમિટ 2025'ના સમાપન સમારોહમાં હાજરી આપશે. બાદમાં ગાંધીનગરના તળાવના ઈન્ટરલિંગને લઈ સિંચાઈ વિભાગના અધિકારીઓ સાથે બેઠક કરશે. બાદમાં બપોરે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવેલાં નવાં બગીચા, યોગ સ્ટુડિયો, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું ઉદ્ઘાટન કરશે. સાંજના 5 વાગ્યા સુધી ગાંધીનગરના વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપ્યા બાદ ફરી અમિત શાહ અમદાવાદ પરત ફરશે.

તેઓ સાંજે 5.30 વાગ્યે અમદાવાદના નારણપુરા ખાતે વીર સાવરકર કોમ્પ્લેક્સમાં સાંસદ ખેલ મહોત્સવના સમાપન કાર્યક્રમમાં હાજરી આપશે. બાદમાં સાંજે 6:30 વાગ્યે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજ્ય સરકાર દ્વારા આયોજિત અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ 2025નું સિંધુભવન રોડ ખાતેથી શરૂઆત કરાવશે. આવતીકાલે એટલે કે 6 ડિસેમ્બરના રોજ તેઓ બનાસકાંઠા જિલ્લાના વાવ અને થરાદ ખાતેના કાર્યક્રમોમાં હાજરી આપશે.

આજે કેન્દ્રીય અમિત શાહના હસ્તે ગાંધીનગરમાં 68 કરોડનાં વિકાસકાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે. આ પ્રકલ્પોમાં બગીચાઓનું આધુનિકીકરણ, યોગ સ્ટુડિયો, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને ફોર-લેન રેલવે ઓવરબ્રિજનો સમાવેશ થાય છે, જે શહેરને વધુ 'લવેબલ' અને 'લિવેબલ' બનાવશે.

એક સમયે માત્ર કર્મચારીઓના નગર તરીકે ઓળખાતું ગાંધીનગર હવે જીવંત શહેર બની ગયું છે. વધતી વસતિ સાથે શહેરનો વિકાસ પણ થયો છે. ગાંધીનગર મહાપાલિકા દ્વારા સેક્ટર-22માં બે મહત્ત્વના પ્રકલ્પોનું લોકાર્પણ થશે, જેમાં 7196 ચોરસ મીટર વિસ્તારમાં 2.48 કરોડના ખર્ચે બગીચાનું આધુનિકીકરણ કરાયું છે, જેની વિશેષતાની વાત કરીએ તો 5100 ચો.મી. ગ્રીન એરિયા, 422 મીટર વોક-વે, કસરતનાં સાધનો, બાળકોનાં રમકડાં અને શૌચાલય જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાઈ છે. સ્વામિનારાયણ ગુરુકુળ સ્કૂલની સામે આવેલા આ બગીચાનો લાભ આશરે 75 હજાર લોકોને મળી શકશે. સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે 1.31 કરોડના ખર્ચે 50 વ્યક્તિની ક્ષમતાવાળા આધુનિક યોગ હોલનું નિર્માણ કરાયું છે. અહીં લોકર, ચેન્જિંગ રૂમ, શૌચાલય સહિતની સુવિધાઓ ધરાવતા આ સ્ટુડિયોથી સિનિયર સિટિઝન સહિત આશરે એક હજાર નાગરિકોને ઘર નજીક જ ધ્યાન અને પ્રાણાયામની સુવિધા મળશે. ગાંધીનગર મહાપાલિકાએ રોડ નં-6 પર નિર્માણ પામેલા ઓવરબ્રિજ નીચેની ખાલી જગ્યાનો સુઆયોજિત ઉપયોગ કરીને એક અનોખો સ્પોર્ટ્સ ઝોન વિકસાવ્યો છે.

સામાન્ય રીતે દબાણ કે પાર્કિંગ માટે ઉપયોગમાં લેવાતી આ જગ્યામાં 2.07 કરોડના ખર્ચે રમતગમત સંકુલ તૈયાર કરાયું છે. અહીં પિકલબોલ, બાસ્કેટબોલ, વોલીબોલ જેવી આઉટડોર રમતો સાથે ટેબલ ટેનિસ, ચેસ અને કેરમ જેવી ઈન્ડોર રમતો પણ રમી શકાશે. આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનો લાભ આશરે 500 નાગરિકોને મળશે. એ જ રીતે સેક્ટર-27ના જર્જરિત બગીચાનું 3.26 કરોડના ખર્ચે નવીનીકરણ કરાયું છે. આ ઉદ્યાનમાં 9300 ચો.મી. ગ્રીન એરિયા, 618 મીટર વોક-વે, 140 મીટર એક્યુપ્રેશર પાથ, એમ્ફીથિયેટર, સ્ટેજ, યોગ પ્લેટફોર્મ, સીસીટીવી અને રમતગમતનાં સાધનોનો સમાવેશ થાય છે. આ બગીચાના નવીનીકરણથી આશરે 70 હજાર નાગરિકોને લાભ થશે. આ વિકાસકાર્યો ગાંધીનગરના નાગરિકોના જીવનમાં પરિવર્તન લાવવા સાથે શહેરના સર્વાંગી વિકાસને વેગ આપશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે કેન્દ્રીય ગૃહ અને સહકારિતામંત્રી અમિત શાહ ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતે છે, ત્યારે 7 ડિસેમ્બરના રોજ અમદાવાદ શહેરમાં 1506 કરોડ રૂપિયાનાં વિકાસકાર્યોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત ગૃહમંત્રી દ્વારા કરવામાં આવશે. શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા વસ્ત્રાપુર તળાવનું 10 કરોડના ખર્ચે નવીનીકરણ કરવામાં આવ્યું છે, જેને નાગરિકો માટે કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા ખુલ્લું મૂકવામાં આવશે. ત્યાર બાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તૈયાર કરવામાં આવેલાં વિકાસકાર્યોના લોકાર્પણ અંતર્ગત 8 જેટલાં સ્થળો પર મુલાકાત લઈ નાગરિકોની સુવિધા માટે લોકાર્પણ કરશે. ગોતા દેવનગર પાસે મિની સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું ખાતમુહૂર્ત કરશે અને જાહેરસભાને પણ સંબોધન કરવાના છે.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતામંત્રી અમિત શાહ દ્વારા રૂપિયા 1506 કરોડનાં વિકાસકાર્યોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત ઉપરાંત શહેરના થલતેજ વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત 861 અને વાસણા વિસ્તારમાં 509 આવાસ યોજનાના મકાનોનું લોકાર્પણ કરવામાં આવશે. જ્યારે નારણપુરા વિસ્તારમાં નટના છાપરા ખાતે ઝૂંપડપટ્ટી પુનઃવિકાસના અંતર્ગત બનાવેલાં મકાનોનું લોકાર્પણ અને ડ્રો કરશે. શહેરના બોપલ વિસ્તારમાં બનાવવામાં આવેલા ઈલેક્ટ્રોથર્મ ગાર્ડનનું પણ લોકાર્પણ કરશે તેમજ રાણીપ બલોલનગર નીચે બનાવવામાં આવેલા સ્પોર્ટ્સ એક્ટિવિટી સેન્ટરનું પણ ઉદ્ઘાટન કરવામાં આવશેનાર છે.

# આખા સુભાષબ્રિજની તપાસ થશે, લાંબો સમય બ્રિજ બંધ રહેવાની શક્યતા

## તમામ 6 સ્પાનની તપાસ કરાશે, બ્રિજ તોડીને નવો બનાવવો કે સ્પાનને મજબૂત કરવા તે અંગે 2-3 દિવસમાં નિર્ણય

અમદાવાદ, તા.05

અમદાવાદના સુભાષબ્રિજ ઉપર ખૂબ મોટી તિરાડ અને સ્પાનનો ભાગ બેસી ગયો હોવાનું સામે આવ્યું છે. તિરાડ એટલી મોટી પડી છે કે બ્રિજ પર જોતા નીચે સાબરમતી નદીનું પાણી દેખાય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બ્રિજ પ્રોજેક્ટ અને કન્સલ્ટન્ટ દ્વારા બ્રિજ પર ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી છે. જેમાં બ્રિજના સ્પાનમાં અંદર રહેલા પ્રિ સ્ટ્રેસ વાયરને નુકસાન થયું હોવાના કારણે સ્પાનનો ભાગ બેસી ગયો હોય તેવી બાબત સામે આવી છે. બ્રિજના એક સ્પાનમાં આ પ્રમાણે સ્થિતિ સર્જાઈ હોવાના પગલે બ્રિજના તમામ છ સ્પાનની તપાસ કરવામાં આવશે. જેના પગલે હવે માત્ર પાંચ દિવસ જ નહીં પરંતુ લાંબો સમય સુધી બ્રિજને બંધ રાખવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બ્રિજ પ્રોજેક્ટ વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ બ્રિજ કન્સલટન્ટ દ્વારા બ્રિજના તમામ સ્પાનની તપાસ કરવામાં આવશે. જે સ્પાનમાં તિરાડ અને ભાગ બેસી ગયો છે જેને લઈને ત્રણ જેટલા બ્રિજ કન્સલ્ટન્ટ તેમજ રાજ્ય સરકારના બિલ્ડિંગ વિભાગ સાથે ચર્ચા વિચારણા અને મીટીંગ કરવામાં આવી છે. સ્પાનને રીપેર કરવો કે પછી આખો તોડીને ફરીથી નવો બનાવવો તેને લઈને બેથી ત્રણ અલગ અલગ વિકલ્પો નક્કી કરવામાં આવ્યા છે. બ્રિજને કેવી રીતે રીપેરીંગ કરવો તેના માટે પણ અલગ અલગ પ્રકારના સોલ્યુશન્સ કન્સલ્ટન્સ પાસેથી મેળવવામાં આવી રહ્યા છે. આખો બ્રિજ તોડીને નવો બ્રિજ બનાવવો કે આ જ બ્રિજ



પર ફરીથી સ્પાનને મજબૂત કરવો તેને લઈને ચર્ચા વિચારણા કરવામાં આવી રહી છે. બેથી ત્રણ દિવસમાં આ મામલે નિર્ણય લેવામાં આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના બ્રિજ પ્રોજેક્ટ વિભાગ દ્વારા આજે(5 ડિસેમ્બર) બપોર બાદ બ્રિજ પર તપાસની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. બ્રિજ પરના ભાગને માપવામાં આવ્યા છે. તિરાડ કેટલા ફૂટ લાંબી અને કેટલી પહોળી પડી છે તેના માટે થઈને સમગ્ર બાબતે તપાસ કરવામાં આવી છે. કયા ભાગમાં કેટલું નુકસાન થયું છે તેને લઈને ચેકિંગ કરવામાં આવ્યું છે. એક મહિના પહેલા બ્રિજ કન્સલ્ટન્ટ દ્વારા વિઝ્યુઅલ ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું જેમાં બેરિંગ બદલવા તેમજ માઈનોર રિપેરિંગ કરવાનું હતું. સુભાષબ્રિજનો ભાગ બેસી જવા પાછળનું કારણ બ્રિજ પર લોડ વધારે પડતો થયો હોવાનું જાણવા મળ્યું છે. લોડ વધારે થતાં બ્રિજ પર જે પિલ્લર આવેલા છે તેના ઉપર જ તિરાડ પડી છે. તિરાડ પડવાથી આગળનો ભાગ બેસી ગયો છે. બ્રિજ બેસી જવાનું એક કારણ પણ તિરાડ હોવાનું જણાયું છે. બ્રિજનો ભાગ તિરાડ બાદ બેસી ગયો છે. સૂત્રોના જણાવ્યા મુજબ શહેરના ગાંધીબ્રિજ અને સરદારબ્રિજની બેરિંગ રીપેરીંગ કરવાની જરૂરિયાત હોવા અંગેનું ઈન્સ્પેક્શન સામે આવ્યું હતું. જેના પગલે ગાંધીબ્રિજ અને સરદારબ્રિજનું રીપેરીંગ કામ શરૂ કરી દેવામાં આવ્યું હતું. સુભાષબ્રિજનું રીપેરીંગ કામ કરવામાં આવ્યું નહોતું. બ્રિજનું રીપેરીંગ કામ કરવું પડે તેવી સ્થિતિ હોવાનો પણ રિપોર્ટ આપવામાં આવ્યો હતો. અમદાવાદના તમામ બ્રિજનું ઈન્સ્પેકક્શન ચોમાસા પહેલા અને પછી કરવામાં આવે છે. સામાન્ય રીતે ચોમાસું 15 જૂનથી શરૂ થતું હોવાની ગણતરી કરવામાં આવતી હોય છે ત્યારે ચોમાસા પહેલા બ્રિજ ઈન્સ્પેક્શન મે અને જૂન મહિનામાં કરવાનું હોય તેની જગ્યાએ જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં કરવામાં આવ્યું છે. બ્રિજનું ઈન્સ્પેક્શન કર્યા બાદ તેનું માઈનોર રીપેરીંગ કરવા અંગેનું પણ કન્સલ્ટન્ટ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# આણંદમાં સતત બીજા દિવસે ફૂડ વિભાગની ડ્રાઈવ : યાત્રાધામોમાં

## ખાદ્ય પદાર્થોનું ચેકિંગ, 25 પેઢીઓમાંથી 12 નમૂના લેવાયા....

આણંદ, તા.05

આણંદ જિલ્લા કલેકટર પ્રવીણ ચૌધરીના માર્ગદર્શન હેઠળ, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા યાત્રાધામો અને પ્રવાસન સ્થળોએ ખાદ્ય પદાર્થોની ગુણવત્તા તપાસવા માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશ આજે સતત બીજા દિવસે પણ ચાલુ રહી હતી, જેમાં 25 જેટલી પેઢીઓનું નિરીક્ષણ કરીને 12 ખાદ્ય પદાર્થના નમૂના લેવામાં આવ્યા હતા.

નિવાસી અધિક કલેકટર ઋતુરાજ દેસાઈની દેખરેખ હેઠળ, ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા મહીસાગર માતાજીની ચોરી અને વહેરાખાડી મંદિર પરિસર આસપાસ 11 લારી-ગલ્લાઓની તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન, બે પેઢીઓ પાસેથી પાપડીનો લોટ અને ચણા દાળના નમૂના લેવાયા હતા.

મહીસાગર મંદિર, વાસદ ખાતે



ચાર પેઢીઓની તપાસ કરતા, એક લિટર બળેલું તેલ, ત્રણ કિલો વાસી પાપડી અને 500 ગ્રામ ચટણી સહિત કુલ ચાર કિલોથી વધુ બિનઆરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, ઈસ્કોન મંદિર નજીક પાંચ પેઢીઓમાંથી ચાર નમૂના અને લોટીયા ભાગોળ વિસ્તારમાં પાંચ પેઢીઓમાંથી છ નમૂના લેવામાં આવ્યા હતા. આમ, બીજા દિવસે કુલ 25 પેઢીઓમાંથી 12 નમૂના મેળવવામાં આવ્યા છે.

ફૂડ સેફ્ટી ઓફિસર દ્વારા તમામ લારી-ગલ્લા અને પેઢીઓને ખાદ્ય પદાર્થો સ્વચ્છ અને આરોગ્યપ્રદ સ્થિતિમાં રાખવા, શુદ્ધ, સાત્વિક અને તાજા પીરસવા સૂચના અપાઈ હતી. તેમને આસપાસ સ્વચ્છતા જાળવવા, ગ્લોઝ અને કેપ પહેરવા તેમજ ફૂડ સેફ્ટીના કાયદાનું પાલન કરવા અંગે પણ જાણકારી આપવામાં આવી હતી.

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, આણંદના ડેઝીગ્નેટેડ ઓફિસર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આણંદ જિલ્લાના યાત્રાધામો અને પ્રવાસન સ્થળોએ આવતા શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને શુદ્ધ અને આરોગ્યપ્રદ ખોરાક મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે આ ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

# મોગરીમાં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું, 85 કૃતિઓ પ્રદર્શિત : મંત્રી રમણભાઈ સોલંકી અને કમલેશભાઈ પટેલે ખુલ્લું મૂક્યું

આણંદ, તા.05

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વલાસણ, જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી આણંદ અને જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, મોગરીના સંયુક્ત ઉપક્રમે મોગરી ખાતે જિલ્લા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શનને અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકી તથા નાણા રાજ્ય મંત્રી કમલેશભાઈ પટેલના હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. પ્રાથમિક અને માધ્યમિક કક્ષાના આ વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શનમાં કુલ 85 કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી હતી.

પ્રદર્શન ખુલ્લું મૂક્યા બાદ મંત્રી રમણભાઈ સોલંકી, કમલેશભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોએ રજૂ કરાયેલી વિવિધ કૃતિઓ નિહાળી હતી. તેમણે નાના વૈજ્ઞાનિકો પાસેથી તેમની કૃતિઓ વિશે જાણકારી મેળવી હતી અને સંતોષ વ્યક્ત કર્યો હતો.

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારત બનાવવાનો સંકલ્પ કર્યો છે. આ પ્રદર્શનની મુખ્ય થીમ 'વિકસિત અને આત્મનિર્ભર ભારત' રાખવામાં આવી છે. તેમણે ટકાઉ ખેતી, કચરાનું વ્યવસ્થાપન અને પ્લાસ્ટિકના વિકલ્પો, હરિત ઊર્જા,



વિકસતી અને નવીન ટેકનોલોજી, મનોરંજક ગણિત મોડેલ, આરોગ્ય અને સ્વચ્છતા તથા જળ સંરક્ષણ અને વ્યવસ્થાપન જેવા વિષયો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ભાગ લેનાર બાળ વૈજ્ઞાનિકો અને તેમને તૈયાર કરનાર શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.


નાણા, જેલ અને પોલીસ આવાસ વિભાગના રાજ્યમંત્રી કમલેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આજની યુવા પેઢી નવી શોધો દ્વારા દેશને આત્મનિર્ભર બનાવવાની દિશામાં આગળ વધી રહી છે. તેમણે સ્વદેશી અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે આ પ્રદર્શનની થીમ બાળકો માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. તેમણે બાળકોમાં રહેલી શક્તિઓ દેશ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે તેમ જણાવી તેમને અભિનંદનને પાત્ર ગણાવ્યા હતા.

આ કાર્યક્રમમાં અનુપમ મિશનના કુલગુરુ પૂજ્ય રતિકાકા, જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતી, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન સુનિલભાઈ સોલંકી, જિલ્લા શિક્ષણ અધિકારી કામિનીબેન ત્રિવેદી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અર્ચનાબેન પ્રજાપતિ, જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના આચાર્ય સહિત શિક્ષક ગણ, વિવિધ શાળાના આચાર્ય, શૈક્ષણિક સંઘના પ્રમુખ, સીઆરસી, બીઆરસી સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટના આકાશમાં ગૌરવનો ગુંજારવ : સૂર્યકિરણ એર-શોની સાથે સૌપ્રથમવાર 'આકાશ ગંગા' સ્કાયડાઈવિંગ ટીમનું વિશેષ આકર્ષણ...

રાજકોટ, તા.05

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ભારતીય વાયુસેનાના સહયોગથી શહેરને એક ઐતિહાસિક અને રોમાંચક કાર્યક્રમની યજમાની કરવાનો ગૌરવ પ્રાપ્ત થઈ રહ્યો છે. જેમાં ભારતીય વાયુસેનાની વિશ્વવિખ્યાત સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા યોજાનારા ભવ્ય એર શો સાથે, પ્રથમ વખત શહેરના નાગરિકોને પ્રતિષ્ઠિત એર ફોર્સ બેન્ડનું આકર્ષક લાઈવ પરફોર્મન્સ માણવાની પણ તક મળશે. આ ઉપરાંત, આ કાર્યક્રમમાં વધુ એક રોમાંચક આકર્ષણનો ઉમેરો થયો છે. રવિવારના રોજ યોજનાર આ ભવ્ય કાર્યક્રમમાં ભારતીય વાયુસેનાની પ્રતિષ્ઠિત આકાશ ગંગા સ્કાયડાઈવિંગ ટીમનું રોમાંચક લાઈવ પ્રદર્શન પણ થશે. આ ટીમના જાંબાઝ જવાનો ઉડતા એરક્રાફ્ટમાંથી આશરે 8000 ફૂટની ઊંચાઈએથી પેરાશુટ સાથે આકાશમાં દિલધડક જમ્પ લગાવશે, જે દર્શકો માટે અવિસ્મરણીય અનુભવ બની રહેશે. અટલ સરોવર આસપાસના સ્માર્ટ સીટીના વિસ્તારમાં રવિવાર 7 ડિસેમ્બરે સવારે 10 વાગ્યે આ કાર્યક્રમ યોજાનાર છે. મુખ્ય કાર્યક્રમની પૂર્વ તૈયારી રૂપે તા. 06-12-2025ને શનિવારના સવારે 10:00 કલાકે સૂર્યકિરણ એર-શોનું ફૂલ ડ્રેસ રિહર્સલ પણ યોજનાર છે. આ કાર્યક્રમનું આયોજન શહેરના નાગરિકો માટે સંપૂર્ણપણે વિનામૂલ્યે રાખવામાં આવ્યું છે. જેમાં એર-શો અને શસ્ત્ર પ્રદર્શન નિહાળવા માટે કોઈ ટિકિટ કે પાસની આવશ્યકતા નથી. શનિવારના રોજ યોજાનારા ફૂલ ડ્રેસ રિહર્સલમાં સવારે 10:00 કલાકે વેપન ડિસ્પ્લેનું ઉદ્ઘાટન કરવામાં આવશે. ત્યારબાદ એરફોર્સ બેન્ડના પરફોર્મન્સ દ્વારા સ્વાગત કરાશે. બાદમાં C-295 એરક્રાફ્ટ ફ્લાયપાસ થશે અને આકાશ ગંગા સ્કાયડાઈવિંગ ટીમ દ્વારા આકાશમાંથી જમ્પ કરી પરફોર્મન્સ કરવામાં આવશે. જમ્પ કરેલા જવાનોને હેલિકોપ્ટર MI-17V5 દ્વારા વિંગસિંગ ઓપરેશન કરીને એરલિફ્ટ કરવામાં આવશે. ત્યારબાદ એરફોર્સ બેન્ડ પરફોર્મન્સ કરશે અને અંતે આકાશમાં ભવ્ય સૂર્યકિરણ એર-શો યોજાશે. આ વિશાળ કાર્યક્રમો રાજકોટના આકાશ અને ધરતી બંનેને દેશપ્રેમ, ગૌરવ અને સંગીતની સુંદરતાથી રંગીને શહેર માટે ઐતિહાસિક ક્ષણો સર્જશે. મુખ્ય કાર્યક્રમની વિશેષતાઓમાં ભારતીય વાયુસેનાની વિશ્વપ્રસિદ્ધ 'Suryakiran Aerobatic Team' આકાશમાં તેમના શૌર્ય, ચોકસાઈ અને તાલમેલના અનોખા કૌશલ્યનું પ્રદર્શન કરશે. આકાશમાં બનતી સુંદર રચનાઓ, ગતિ, ઝડપ અને પાયલોટ્સની કુશળતા નાગરિકો માટે



રોમાંચક દ્રશ્ય સર્જશે. એડ્રેનાલિન ભરેલા લૂપ્સ, બ્રેક મેન્યુવર્સ, વિંગ ફોર્મેશન્સ અને હાઈ-સ્પીડ પાસેસ એ કાર્યક્રમનાં મુખ્ય આકર્ષણોમાં રહેશે. આ ઉપરાંત, પ્રતિષ્ઠિત એર ફોર્સ બેન્ડ દ્વારા દેશભક્તિ ગીતો, પ્રખ્યાત મિલિટરી બેન્ડ ટ્યૂન્સ, આધુનિક સંગીતના ઈન્સ્ટ્રુમેન્ટલ્સ અને વિશેષ વાયુસેના થીમ મ્યુઝિકના મુખ્ય વિભાગો રજૂ કરવામાં આવશે. રાજકોટ શહેર માટે ગૌરવનો વધુ એક ક્ષણ ઉમેરાતા તા. 06 અને 07 ડિસેમ્બરના રોજ ભારતીય વાયુસેનાની પ્રતિષ્ઠિત આકાશ ગંગા સ્કાયડાઈવિંગ ટીમ પોતાના આંખને ચમકાવી દે તેવા પ્રદર્શન સાથે હાજર રહેશે. આકાશ ગંગા સ્કાયડાઈવિંગ ટીમ દેશ-વિદેશમાં અનેક વાર પોતાની કૌશલ્યપૂર્ણ હવાઈ કળાઓ માટે ઓળખાય છે. ટીમના પેરાટ્રૂપર્સ આકાશમાંથી ઝડપભેર ઝંપલાવી અનોખા ફોર્મેશન, રંગીન સ્મોક ટ્રેઈલ્સ અને અત્યંત દિલધડક સ્ટન્ટ્સ રજૂ કરશે. આ કાર્યક્રમ દરમિયાન દર્શકોને દેશના વીર જવાનોની તૈયારી, શિસ્ત અને સાહસનો જીવંત અનુભવ થશે. ત્યારબાદ જમીન પર લેન્ડિંગ કરી ચૂકેલા પેરાટ્રૂપર્સને હેલિકોપ્ટરની મદદથી એર લિફ્ટ કરવામાં આવશે. નાગરિકોને કાર્યક્રમ નિહાળવામાં સરળતા રહે તે માટે રાજકોટ મહાપાલિકા દ્વારા અટલ સરોવર આસપાસના સ્માર્ટ સીટી વિસ્તારમાં વિશેષ વ્યવસ્થાઓનું આયોજન કરવામાં આવ્યું છે. સ્માર્ટ સીટી વિસ્તારમાં અલગ અલગ સ્થળોએ 17 થી 20 ભવ્ય અને મોટી સ્ક્રીનના માધ્યમથી બહોળી સંખ્યામાં લોકો ઊભા રહીને કે ભારતીય બેઠક કરીને સમગ્ર પરફોર્મન્સ નિહાળી શકશે. એરફોર્સના કમાન્ડો દ્વારા આપવામાં આવતા કમાન્ડને નિહાળવાની સાથે અવકાશમાં થતા ફાઈટર પ્લેનના પરફોર્મન્સ પણ સરળતાથી નિહાળી શકાશે. શહેરીજનો અટલ સરોવરની આસપાસના વિસ્તારમાં ઊભા રહીને અને ભારતીય બેઠક પર ભવ્ય એર-શો અને એર ફોર્સ બેન્ડનું લાઈવ પરફોર્મન્સ નિહાળી શકે તે માટે અટલ સરોવર ફરતે 30 થી વધુ સાઉન્ડ ટાવર સ્ટેન્ડ બાય કરવામાં આવશે. જેના માધ્યમથી અટલ સરોવર ફરતે રહેલા નાગરિકો ભવ્ય એર-શો અને લાઈવ બેન્ડ માણી આનંદ મેળવી શકશે. આ ઉપરાંત, તા. 06 અને 07 ડિસેમ્બર એમ, બે દિવસ સુધી અટલ સરોવરના પાર્કિંગ પ્લોટમાં બપોરના 12 વાગ્યા થી સાંજના 6 વાગ્યા સુધી એર ફોર્સ સ્ટેટિક ડિસ્પ્લેનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં એરફોર્સના સાધનો અને શસ્ત્રો નિહાળી શકાશે.

આ બે દિવસ દરમિયાન લોકો ભારતીય વાયુસેનાના 'ગરુડ સ્પેશિયલ ફોર્સ' વિશે પણ માહિતી મેળવી શકશે, જેનું ગઠન 2004માં થયું હતું. ગરુડ કમાન્ડોની ટ્રેનિંગ અત્યંત પડકારજનક અને કઠિન હોય છે. આ ફોર્સ હાઈ રિસ્ક મિશન, કાઉન્ટર ટેરરિઝમ ઓપરેશન, રેસ્ક્યુ મિશન અને કુદરતી આપત્તિમાં રાહત તથા બચાવ કાર્યોમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. ગરુડ ફોર્સનું સૂત્ર 'પ્રહાર સે સુરક્ષા' છે. કાર્યક્રમને સુચારુરૂપે પાર પાડવા માટે અટલ સરોવરની આસપાસના વિસ્તારમાં કુલ 7 (A થી G) વ્યુ પોઈન્ટ અને કુલ 8 પાર્કિંગ પ્લોટ (પાર્કિંગ B, C અને D રિઝર્વ પાર્કિંગ તેમજ પાર્કિંગ A, E, F, G, H જનરલ પાર્કિંગ) નક્કી કરવામાં આવેલ છે. સ્માર્ટ સીટી એરિયામાં આવવા માટે મુખ્ય ચાર માર્ગો નક્કી કરવામાં આવ્યા છે: કાલાવડ રોડ તરફથી નવા રીંગ રોડ ઉપર, જામનગર રોડ પરથી નવા રીંગ રોડ ઉપર, રૈયા ચોકડી તરફથી સ્માર્ટ સીટી તરફ અને રામાપીર ચોક પરથી રૈયાધારવાળો રોડ. જાહેર સલામતી માટે લોકોને BRTSના રસ્તા ખાલી રાખવા અપીલ કરવામાં આવે છે.

## તંત્રી લેખ

# ઈમરાન ખાનનાં બહેને બોમ્બ ફોડ્યો! : અલીમાના ભાજપ રાગનાં ત્રણ સમીકરણ

તમને જાણીને નવાઈ લાગશે, પણ જે દેશનો પાયો જ 'ભારત વિરોધ' પર નંખાયો હોય, આજે એ જ દેશના એક પૂર્વ વડાપ્રધાનનાં બહેન દુનિયા સામે ચીસો પાડીને કહી રહી છે કે 'મારો ભાઈ ભારત સાથે મિત્રતા ઈચ્છે છે, પણ અમારો સેનાપતિ મુનીર યુદ્ધ ઈચ્છે છે!' યાદ કરો 1999નું વર્ષ. ત્યારે પણ એક વડાપ્રધાન નવાઝ શરીફ ભારતના વડાપ્રધાન અટલજી સાથે લાહોરમાં બસમાં બેસીને હાથ મિલાવતા હતા, અને બરાબર એ જ સમયે તેનો સેનાપતિ પરવેઝ મુશર્રફ કારગીલની પહાડીઓ પર યુદ્ધનું કાવતરું રચી રહ્યો હતો. આજે 25 વર્ષ પછી તારીખ બદલાઈ છે, ચહેરા બદલાયા છે, પણ પાકિસ્તાનની કૂતરાની પૂંછડી જેવી ફિતરત નથી બદલાઈ. આજે ઈમરાન ખાન જેલમાં છે, અને તેમની બહેન અલીમા ખાન ભારતીય મીડિયા અને પશ્ચિમી દેશોને એ કહી રહી છે કે જનરલ અસીમ મુનીર ભારત સાથે યુદ્ધ કરવા માગે છે. શું આ માત્ર એક બહેનની વ્યથા છે? કે પછી આ એક એવો રાજકીય જુગાર છે જેમાં ભારતને 'ઢાલ' બનાવવામાં આવી રહ્યું છે? આજે આપણે વાત કરવી છે સરહદ પાર રમાઈ રહેલા એક એવા 'ગેમ ઓફ થ્રોન્સ' વિશે, જેની સીધી અસર ભારતની શાંતિ પર પડી શકે છે. આ માત્ર આજના સમાચાર નથી, પણ ઈતિહાસ છે. કારણ કે જ્યારે પાકિસ્તાનમાં સિવિલિયન સરકાર અને મિલિટરી એસ્ટાબ્લિશમેન્ટ વચ્ચે તિરાડ પડે છે, ત્યારે તે તિરાડને પૂરવા માટે હંમેશા 'ભારત વિરોધી ઝેર'ને જ સિમેન્ટ તરીકે વાપરવામાં આવે છે. ઈમરાન ખાન, જે એક સમયે 'તાલિબાન ખાન' કહેવાતા હતા, આજે અચાનક ભારતપ્રેમી કેમ થઈ ગયા? અને જનરલ આસીમ મુનીર, જે સેનાના વડા છે, તે શા માટે ભારત સાથેના સંબંધો પર પૂર્ણવિરામ મૂકવા માગે છે? આપણે આ ઘટનાને માત્ર ઉપરછલ્લી રીતે નથી જોવી, પણ તેના ગર્ભમાં રહેલા ઈતિહાસ, અર્થતંત્ર અને કૂટનીતિના તાર જોડવાના છે. થયું કંઈક એવું છે કે પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન હાલ ભ્રષ્ટાચારના ગુનાઓમાં જેલમાં છે. તેમના બહેનો તેમને છોડાવવા માટે મુનીર સામે મોરચો માંડીને બેઠાં છે. ઈમરાનની બહેન અલીમા ખાને કહ્યું કે 'પાકિસ્તાની આર્મી ચીફ જનરલ અસીમ મુનીર ભારત સાથે યુદ્ધ કરવા ઈચ્છે છે અને તે ભારત વિરોધી છે, જ્યારે ઈમરાન ખાન ભાજપ સરકાર સાથે વાતચીત કરીને સંબંધો સુધારવા માગતા હતા.' આપણે જે વિવાદની વાત કરીએ છીએ તેમાં ચાર પાત્રો ચર્ચામાં છે, જેલમાં બંધ ઈમરાન ખાન, પાકિસ્તાન સરકાર સામે વિરોધ કરી રહેલી તેમની બહેનો, આર્મી ચીફ અસીમ મુનીર અને પાકિસ્તાની વડાપ્રધાન શાહબાઝ શરીફ. પાકિસ્તાન સરકાર ઈમરાન ખાન પર મિલિટરી કોર્ટમાં કેસ ચલાવવાની છે, એવી વાતો ઉડી રહી છે. જે ન થાય તેના માટે ઈમરાન ખાનનો પરિવાર આંતરરાષ્ટ્રીય સ્તરે ઈમરાનનો મુદ્દો ઉઠાવી રહી છે. ઈમરાનની બહેનો મુનીરને યુદ્ધખોર અને ઈમરાનને પીસ મેકર ચીતરી રહી છે. અલીમા ખાને કહ્યું કે, 'ઈમરાન ખાન સત્તામાં આવ્યા ત્યારે તેમણે ભારત અને BJP સાથે પણ સંબંધો સુધારવાનો પ્રયાસ કર્યો. જ્યારે મુનીર બોર્ડર પર તણાવ અને યુદ્ધનું વાતાવરણ બનાવે છે'

# રામાયણમાં બધાં જ પાત્રો ધર્મની વાત કરે છે, પણ આપણે કોની વાત સાચી માનીશું ! ?





**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

માનસ સાવધાનની છઠ્ઠા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય મહાપ્રભુજીની વાત કહી, કે કથા કહેનારા કેવા હોઈએ હોવા જોઈએ તથા સાંભળનારા કેવા હોવા જોઈએ ચૈત્રીય શાખામાં આવેલ પ્રકરણમાં 20 પ્રકારના જલનું વિવરણ છે. મહાપ્રભુજીએ સાવ સરળતાથી એ વાતને પ્રસ્થાપિત કરીને કહ્યું કે કયા વક્તા પાસેથી કથા સાંભળવી! મહાપ્રભુજી સાથે વૈષ્ણવ સંપ્રદાયનું નામ આવે! પણ એને એટલું સંકીર્ણ બનાવો નહીં! મહાપ્રભુજી એ સાવ સરળતાથી ક્રાંતિકારી વાતો કરી છે. અન્ય સંપ્રદાય કહે છે, કે સ્ત્રીને ઉપનયન સંસ્કાર ન હોવાથી, એ કથા કરી શકતી નથી, પરંતુ મહાપ્રભુજી કહે છે સ્ત્રી હોય કે પુરુષ કોઈ જાતિભેદ નથી, શરત માત્ર એટલી છે કે ગુરુમુખી હોવું જોઈએ, ચાર વસ્તુ ગુરુમુખી હોય એ કથા કરી શકે છે.

ગુરુમુખી ન હોય તો પરિણામ મોડુ મળે અથવા તો એ પહેલા પ્રારબ્ધ પણ પૂરું થઈ જાય(૧) ઈષ્ટ ગ્રંથ ગુરુ મુખ હોવો જોઈએ. તો એ અનુસંધાને એક પ્રશ્ન થયો કે બાપુ આપના ગુરુએ રામાયણ અને ગીતાનાં પાઠ કરવાનું કહ્યું હતું, તો આ તો બે ગ્રંથ થઈ ગયા. સાકેતવાસી પંડિત રામકિંકર મહારાજે કહ્યું હતું કે ભગવત ગીતા યોગ છે, અને રામચરિતમાનસ પ્રયોગ છે, એટલે કે બંને એક જ છે બે નથી. મહાપ્રભુજીએ પણ ઈષ્ટ ગ્રંથનો આશરો કર્યો, છતાં એમને ત્રણ ગ્રંથો પર પ્રસ્થાનત્રયી લખી છે, બ્રહ્મસૂત્ર પર, ઉપનિષદ અને ભાગવત ગીતા આ ત્રણેય પર એમનું આખું અણુભાષ્ય છે. તો પ્રથમ ઈષ્ટ ગ્રંથ એટલે કે શાસ્ત્ર વિદ્યા ગુરુમુખી હોવી જોઈએ. (૨) મંત્ર ગુરુ મુખી હોવો જોઈએ, પરંતુ મંત્ર તો સર્વ વ્યાપ્ત હોય! પંચાક્ષર મંત્ર લ્યો, 24 અક્ષરનો ગાયત્રી મંત્ર લ્યો કે પછી જૈનો નો ૐ નમો અરિહંતાણં, બુદ્ધનો બુદ્ધં શરણં ગચ્છામિ! આમ કોઈ મંત્રથી નખશિખ શુદ્ધ થયાં હોય એની પાસેથી મંત્ર લ્યો.(૩) વચન ગુરુ મુખી, ગુરુ કહી દે એની પર ભરોસો રાખવો, વાત ખતમ!(૪)ગુરુ વ્યક્તિ પણ હોય અને વ્યક્તિત્વ પણ હોય શકે આખું અસ્તિત્વ પણ હોય શકે!

ભગવત કથા ખુલ્લુ દ્વાર છે તમે

પાપી છો તમે આવા છો એવું બધું કહીને શા માટે ધર્મ ધમકાવી રહ્યો છે તુલસીદાસજીએ ભરતજીનું મંથન કરાવ્યું તુલસીદાસજી નો હેતુ એ ન હતો રામના અવતારનો હેતુ રાવણને મારવાનો ન હતો અલબત્ત એ કાર્ય એણે જરૂર કર્યું છે પરંતુ એનો મુખ્ય એજન્ડા નથી રાવણને નિર્વાણ આપવાનું છે પરંતુ રાવણને મારવો એ મુખ્ય કાર્ય નથી વનમાં જઈને તપસ્વી જીવન જીવવાનું ભગવાન રામના એજન્ડામાં નથી એ કર્યા કર્યું જરૂર પરંતુ મુખ્ય કાર્ય તો ભરતનું મંથન થાય ભરતરૂપી સંતના ભીતરમાંથી વિશ્વને પ્રેમરૂપી અમૃત પ્રાપ્ત થાય એ એકમાત્ર એજન્ડા છે અને આ હું નથી કહેતો તુલસી કહે છે.

પ્રેમ અમીઅ મંદરૂ બિરહુ ભરત પયોધિ ગંભીર,

મથી પ્રગટ સુર સાધુ હિત કૃપાસિંધુ રઘુબીર.

ભગવાન રામ નો વીર તો મંદરાચલ છે પરંતુ ભરતનો વિરસ સમુદ્ર છે, એને ભગવાનના વિરહથી મથવામાં આવ્યો જેથી વિશ્વને પ્રેમરૂપી અમૃત મળ્યો આ મંથનમાંથી પણ 14 રત્ન નીકળ્યા મને કહેવા દો ભરતનું મંથન શરૂ થયું તો પહેલું રત્ન જે નીકળ્યું એ ધર્મ! સમુદ્ર મંથનમાં અમૃત તો પછીથી જ નીકળે પહેલા તો ઝેર નીકળે. આપણી ભીતર પણ સદગુણ અને દુર્ગુણરૂપે સુર અને અસુર મંથન કરી રહ્યા છે સદગુણ ને માર ખાવો પડે છે પૌરાણિક કથાઓ વાંચો સાંભળો અસુરો અને દેવતાઓ જિંદગીભર લડતા જ રહ્યા અને એમાં દેવતા માર ખાય છે. થોડા સમય માટે આપણા અવગુણ સદગુણ પર હાવી થઈ જાય છે, સદગુણ દબાઈ ગયા પરંતુ મંથન ચાલુ રાખો અમૃત મોડેથી આવશે જ કથા સાંભળો તથા ગાઓ અને અમૃત ન મળે તો ઈશ્વર બેયમાં છે કથામાં એ તાકાત છે, કે એ આપણા સદગુણ ને મથીને પ્રેમામૃત કાઢી શકે. દુનિયાદારી સુધારવા પર ભાર મૂકે છે જ્યારે વ્યાસપીઠનું સૂત્ર છે કે સ્વીકારો! સંપ્રદાય નિષેધ કરે કે આમ ન કરો તેમ ન કરો પરંતુ સાચો ધર્મ તો એ જ છે જે સૌનો સ્વીકાર કરે. ભગવાન શ્રીરામ ને મનાવવા માટે ભરતજી તથા વશિષ્ઠ ચિત્રકૂટ જઈ રહ્યા છે, રસ્તામાં નિષાદ રાજ મળે છે, એક પતિત, વંચિત ગરીબ છેક છેવાડાનો માનવી એની ભીની આંખો જોઈ અને વશિષ્ઠજી કહે છે રામ સખા છે રામ સખા શબ્દ સાંભળતા જ ભરત રથમાંથી કૂદીને એને મળવા દોડે છે, નિષાદ રાજ ના પાડે છે છતાં એને પોતાની બાહોમાં સમાવી લીધો! પણ ગુરુ વશિષ્ઠ રથમાંથી ઉતરી શક્યા નહીં એટલે કે ક્યારેક ક્યારેક ધર્મ આવો ભેદ કરાવી જાય છે.

મહાપ્રભુજીએ દોષ ક્યાં ક્યાંથી પ્રગટ થાય છે એના ત્રણ સ્થાન બતાવ્યા છે એક કાળના પ્રભાવથી દોષ પ્રગટ થાય છે એટલે કે કળી નો પ્રભાવ, અધિકતમ આ રીતે કાળનો દોષ હોય છે, કાળ નો બીજો સંદર્ભ ઋતુકાળ એટલે કે અત્યંત ગરમી, કે સારું ચોમાસુ છે, અને ઘણા બધા કીડા મકોડા પેદા થાય છે, એમ આ રીતે ઋતુને કારણે પણ કામ, ક્રોધ, ઈર્ષા, લોભ, મોહ જેવા દોષ પ્રગટ થાય છે. બીજું સ્વભાવગત દોષ પ્રગટ થાય છે એટલે ઘણા સ્વભાવથી જ અહંકારી હોય મૂડ હોય લોભી હોય ઈર્ષાળુ હોય છે. તો ત્રીજું મહાપ્રભુજી કહે છે કે હરિ ઈચ્છા પણ દોષનું કારણ છે, ભગવાન સ્વયમ ઈચ્છે છે કે આમાંથી દોષ નીકળે.

ભરત રૂપી સમુદ્રને મથવાનો એક એજન્ડા હતું પ્રેમ પરંતુ પહેલા ધર્મ નીકળ્યો પ્રેમરૂપી અમૃત છેલ્લે નીકળ્યું ભરત એ જે રત્ન ને ઓળખ્યું એ હીરાને ઓળખ્યો! રામચરિત માનસ એક એવું શાસ્ત્ર છે એમાં બધાને મોઢે ધર્મની વાત છે ભગવાન રામ પણ ધર્મની વાત કરે છે હનુમાનજી પણ કરે છે ભારદ્વાજ પણ કરે છે વાલ્મિકીજી પણ કરે છે દશરથ પણ કરે છે વશિષ્ઠજી પણ ધર્મની વાત કરે છે અરે રાવણ પણ ધર્મની વાત કરે છે પરંતુ કોના મુખનો ધર્મ આદર્શ બની શકે! અંગતને રાવણ કહે છે હું તને હમણાં જ મૃત્યુ દંડ આપી શકું પરંતુ મને ધર્મ અને નીતિ રોકે છે ધર્મની યાદ વાલી એ પણ લીધી છે મંત્રા પણ ધર્મની આણ આપે છે કે મારાથી અસત્ય સહી શકાતું નથી એટલા માટે હું આપને વચન યાદ દેવરાવું છું. કુસંગથી જેની બુદ્ધિ વિપરીત થઈ ગઈ છે એ સ્વયમ કૈકેયી પણ ધર્મની આણ લે છે. પરંતુ ધર્મની સાચી વ્યાખ્યા એ જ આપી શકે જેણે પોતાના જીવનમાં અસહ્ય પ્રેમ દશાનો અનુભવ કર્યો હોય ધર્મ રાધા શીખવી શકે ધર્મ ભરત શીખવી શકે કેમ કે એમની બંને પાસે ધર્મનો સાર છે ધર્મનો અર્થ છે. ધર્મના ચાર ચરણ છે સત્ય, તપ, દયા, દાન, અને રામચરિત માનસના જે પાત્રોએ ધર્મની આણંદ લીધી છે એ બધાય ના ચારેય ચરણમાં સાતત્યતા જોવા મળતી નથી. એક પ્રશ્ન, ધર્મ અર્થ કામ અને મોક્ષ વિશે સમજાવો! મારા માટે ધર્મ સત્ય છે મારા માટે અર્થ પ્રેમ છે, મારા માટે કામ કરુણા છે, અને મારા માટે મોક્ષ એ ત્રણેયનો સમન્વય છે.સત્ય જ ધર્મ છે,જેટલી માત્રામાં આપણે અનુસરી શકીએ, જીવનનો પ્રેમ જ અર્થ છે, અહીં અર્થ એટલે પૈસા નહીં ગ્રંથોમાં અર્થના 15 દોષ બતાવ્યાં છે, જીવનનો અર્થ છે પ્રેમ કરવો. કામનો અર્થ વ્યાસપીઠ કરે છે કે બધા જ પર કરુણા કરવી, અને આ ત્રણેયનો સમન્વય થાય એ ઘાટ નું નામ મોક્ષ છે.

સેવામાં સાવધાન રહેવું બહુ જરૂરી છે, સામેવાળાની રૂચી જોઈને સેવા કરવી, વિવેક પૂર્વક સેવા કરવી, સ્પર્ધા મુક્ત થઈને સેવા કરવી, શ્રીમદ શંકરાચાર્યએ કહ્યું છે કે સેવામાં રજો ગુણ વર્જ્ય છે. ટૂંકમાં સેવામાં, સ્નેહમાં, અને સન્માનમાં સાવધાન રહેવું. અયોધ્યામાં ચારે ભાઈઓના નામકરણ ની કથા કહી છઠ્ઠા દિવસની કથા ને વિરામ આપ્યો.

# તત્કાલ બુકિંગ સિસ્ટમમાં ફેરફાર : અમદાવાદ મંડળમાંથી ચાલતી વધુ ચાર પ્રતિષ્ઠિત ટ્રેનો માટે ઓટીપી પ્રમાણિકરણ 5 ડિસેમ્બર થી લાગુ



**અમદાવાદ, તા. 05**

પશ્ચિમ રેલવે દ્વારા રેલવે બોર્ડના સૂચનાનુસાર તત્કાલ બુકિંગ સિસ્ટમમાં એક મહત્વપૂર્ણ ફેરફાર અમલમાં મુકવામાં આવી રહ્યો છે. હવે તત્કાલ ટિકિટ માત્ર સિસ્ટમ દ્વારા મોકલવામાં આવેલા વન ટાઈમ પાસવર્ડ (ઓટીપી) ના સત્યાપન બાદ જ જારી કરવામાં આવશે. આ ઓટીપી તે મોબાઈલ નંબર પર મોકલવામાં આવશે, જે મુસાફરે બુકિંગ સમયે આપ્યો હશે. ઓટીપી નું સફળ સત્યાપન થયા પછી જ ટિકિટ જારી કરવામાં આવશે.

આ ઓટીપી આધારિત તત્કાલ પ્રમાણિકરણ પ્રણાલી 05 ડિસેમ્બર, 2025 થી નીચે દર્શાવેલ ટ્રેનોમાં લાગુ થઈ જશે:

1. ટ્રેન સંખ્યા 12957 સાબરમતી - નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસ
2. ટ્રેન સંખ્યા 12297 અમદાવાદ-પુણે દૂરંતો એક્સપ્રેસ
3. ટ્રેન સંખ્યા 12462 સાબરમતી-જોધપુર વંદે ભારત એક્સપ્રેસ
4. ટ્રેન સંખ્યા 12268/12267 હાપા-મુંબઈ સેન્ટ્રલ દૂરંતો એક્સપ્રેસ
5. ટ્રેન સંખ્યા 12009/12010 મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ શતાબ્દી (01.12.2025 થી લાગુ )

નવી પ્રણાલી કોમ્પ્યુટરાઈઝ્ડ પીઆરએસ કાઉન્ટરો, અધિકૃત એજન્ટો, આઈઆરસીટીસી વેબસાઈટ તેમજ આઈઆરસીટીસી મોબાઈલ એપ્લિકેશન મારફતે કરવામાં આવેલી તમામ તત્કાલ બુકિંગ પર લાગુ પડશે. આ બદલાવનો હેતુ તત્કાલ બુકિંગ પ્રક્રિયાને પારદર્શક બનાવવાનો અને વાસ્તવિક મુસાફરી કરતા મુસાફરોને તત્કાલ ટિકિટ પ્રાપ્ત કરવામાં વધુ સુવિધા પૂરી પાડવાનો છે.

મુસાફરોને વિનંતી છે કે તેઓ બુકિંગ સમયે માન્ય મોબાઈલ નંબર અવશ્ય ઉપલબ્ધ કરાવે, જેથી ઓટીપી સત્યાપન પ્રક્રિયા સરળતાથી પૂર્ણ થઈ શકે. પશ્ચિમ રેલ્વે દ્વારા તમામ મુસાફરોને આ મહત્વપૂર્ણ બદલાવ અંગે ધ્યાન આપવા વિનંતી કરવામાં આવે છે.

# ધર્મનું ફળ છે શાંતિ, અધર્મનું ફળ છે અશાંતિ. ધર્મની મર્યાદાનું પાલન ન કરે તેને શાંતિ પ્રાપ્ત થતી નથી.,





**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે જોઈએ તો બ્રાહ્મણે ત્યાં જ શરીરત્યાગ કર્યો. તે બીજા જન્મમાં રાજા દશરથ થયા.તેને ત્રણ રાણીઓ હતી: કૌશલ્યા,સુમિત્રા, કૈકેયી.છતાં કાંઈ સંતતિ ન હતી.દશરથ વસિષ્ઠ પાસે ગયા.વિસષ્ઠે કહ્યું, તું પુત્રકામેષ્ટિ યજ્ઞ કર!તારે ત્યાં ચાર પુત્રો થશે. રાજાએ યજ્ઞ કર્યો અને અગ્નિદેવ ખીર લઈને યજ્ઞ કુંડમાંથી બહાર આવ્યા. વસિષ્ઠે આજ્ઞા કરીકે,કૌશલ્યા ધર્મપત્નીને પ્રસાદનો અર્ધો ભાગ આપજે, પછી જે પ્રસાદ રહે તેના બે ભાગ કરી કૈકેયી-સુમિત્રાને આપ્યા. કર્કશવાણીથી પતિદેવનું અપમાન કરે તે કૈકેયી. કૈકેયીએ દશરથનું અપમાન કર્યું,મને છેલ્લો પ્રસાદ કેમ આપ્યો?એટલામાં આકાશમાં સમડી આવી પ્રસાદ ઊઠાવી ગઈ. અંજની દેવી તપશ્ચર્યા કરતાં હતાં ત્યાં સમડીએ આવી અંજનીમાના હાથમાં પ્રસાદ આપ્યો.અંજની પ્રસાદ આરોગી ગયાં,આથી તેને ત્યાં હનુમાનજીનું પ્રાગટ્ય થયું. પછી કૈકેયીને પશ્ચાત્તાપ થયો કે, હું પ્રસાદ વગર રહી ગઈ, એટલે કૌશલ્યાએ પોતાના ભાગમાંથી થોડો પ્રસાદ આપ્યો. સુમિત્રાએ પણ થોડો પ્રસાદ આપ્યો. આમ ત્રણે રાણીઓએ પ્રસાદ ગ્રહણ કર્યો.

દશરથએ જીવાત્મા છે.દસ ઈન્દ્રિયોને જીતી જે જિતેન્દ્રિય બને તે દશરથ. તમે દશરથ બનો તો રામજી તમારે ત્યાં પધારે.જ્યાં યુદ્ધ નથી તે અયોધ્યા અને ભક્તિ તે સરયુ.

એક રાતે દશરથને સ્વપ્નું આવ્યું. સ્વપ્નમાં દશરથે સરયુમાં સ્નાન કર્યું.ઠાકોરજીને પંચામૃતથી અભિષેક કર્યો. સ્વપ્નમાં તેમણે લક્ષ્મીનારાયણની આરતી ઉતારી. દશરથ મહારાજ વારંવાર પ્રભુનાં દર્શન કરે છે. પ્રભુ એમની સામે જોઈ જાણે મરક-મરક હસે છે. પછી એકદમ કૌશલ્યાના દેહમાં લીન થઈ જાય છે. રાજા જાગી ગયા. સ્વપ્નની વાત કહેવા તેઓ વસિષ્ઠ પાસે આવ્યા.

દશરથજીએ વસિષ્ઠને કહ્યું, સ્વપ્નમાં મેં લક્ષ્મીનારાયણની આરતી ઉતારી. પછી મેં જોયું તો નારાયણમાંથી દિવ્ય તેજ નીકળી કૌશલ્યાના શરીરમાં પ્રવેશી ગયું.

વસિષ્ઠજી કહે છે કે,પરમાત્મા નારાયણ તારા ઘરે આવવાના છે તેનું આ સૂચન છે.રાજાનો આનંદ સમાતો નથી.

આ બાજુ કૌશલ્યા ધ્યાનમાં છે. આજનો દિવસ પરમ પવિત્ર રામનવમી તરીકે જગતભરમાં પ્રસિદ્ધ થવાનો છે.

ભગવાન શંકરના ઈષ્ટદેવ રામ છે. તેઓ આજે એવા ખુશ છે કે, જોષી અયોધ્યાની ગલીમાં ભમે છે, અને રામાવતારની આગાહી કરે છે.ચૈત્ર માસ,શુક્લ પક્ષ, નવમીની તિથિ, બપોરનો સમય, પરમ પવિત્ર સમય. દશરથને ત્યાં સાક્ષાત્ પરબ્રહ્મ શ્રીહરિ પ્રગટ થયા. જે નિર્ગુણ છે તે ભક્તોના પ્રેમને વશ થઈ આજે સગુણ બની પૃથ્વી પર અવતર્યા. સઘળે આનંદ-આનંદ થઈ રહ્યો. દેવો, ગંધર્વો આ ઘડીની પ્રતીક્ષા કરતા. તેમણે આનંદ વ્યક્ત કર્યો.પુષ્પની વૃષ્ટિ કરી. સ્વર્ગીય નૃત્યગાન કર્યાં અને વાતાવરણને આનંદથી ભરી દીધું. શિવજી જોષીના આનંદને તો હદ નથી.ઘરે ઘરે કહેતા ફરે છે કે, મારો જોષ સાચો પડ્યો ને!

માતા કૌશલ્યાજીનો ખોળો ભરાઈ ગયો. બાળકને જુએ છે ત્યાં બાળકનું ચતુર્ભુજરૂપે પ્રાગટ્ય થયું. માતાજીને ભાન કરાવ્યું કે, હું ઈશ્વર છું.પછી ચતુર્ભુજ સ્વરૂપ અદૃશ્ય થયું અને બે હાથવાળા બની રહ્યા. કૌશલ્યાએ દાસીને નવલખો હાર આપ્યો. દાસી કહે,મારે કાંઈ જોઈતું નથી. મારે તો રામને રમાડવા છે.દાસીની ગોદમાં રામને આપ્યા છે.આજે તેનો બ્રહ્મસંબંધ થયો.દાસી દોડતી દશરથ પાસે આવી, મહારાજ મહારાજ,વધાઈ વધાઈ લાલો ભયો હૈ.દશરથ વૃદ્ધ થયાછે આજે ઘણાં વર્ષે પુત્ર આવ્યો છે. પુત્ર સાધારણ નહીં પણ સાક્ષાત્ પરમાત્મા પુત્ર રૂપે આવ્યા છે. દશરથજીએ પ્રથમ ગણપતિ પૂજન કર્યું.પછી રાજાએ એટલું બધું દાન આપ્યું કે, અયોધ્યામાં કોઈ ગરીબ રહ્યોનહીં વસિષ્ઠે વેદમંત્રનો ઉચ્ચાર કર્યો. પછી દશરથજી અંતઃપુરમાં આવ્યા આજે રામલીલાનાં દર્શનથી બધી દાસીઓ દેહભાન ભૂલી ગઈ છે. દશરથજી પધાર્યા તેનુંયે એમને ભાન નથી,તોએમની લાજ કાઢે ક્યાંથી? ઈન્દ્રાદિદેવો પણ સૂક્ષ્મ રૂપે લાલાનાં દર્શન કરવા આવ્યા છે!રામ જન્મોત્સવ માં સઘળાને આનંદ થયો.બધા દેવોને સુખ થયું.માત્ર એક ચંદ્રને દુઃખ થયું છે,કારણ કે તેને રામનાં દર્શન પ્રાપ્ય નથી.સૂર્ય અસ્તમાં જાયતો ચંદ્ર રામનાંદર્શન કરવા પામે ને!પણ સૂર્ય તો આજે સ્થિર થઈ ગયો છે.આગળ વધતો જ નથી!ચંદ્રમાએ રામજી ને પ્રાર્થના કરી કે,આ સૂર્યને આગળ જવાનું કહો ને? મને એ તમારા દર્શન કરવા દેતો નથી. ત્યારે રામજીએ ચંદ્રને આશ્વાસન આપ્યું કે ડર ના. આજથી હું તારું નામ ધારણ કરીશ. હું રામચંદ્ર કહેવાઈશ. તો પણ ચંદ્રનું મન માન્યું નહીં. ત્યારે રામજી કહે છે,ભવિષ્યમાં શ્રીકૃષ્ણાવતાર ધારણ કરી હું તને એકલાને જ દર્શન આપીશ. શ્રીકૃષ્ણાવતારમાં હું રાત્રે બાર વાગે આવીશ.એટલે તને લાભ મળશે! શ્રીકૃષ્ણજન્મ વખતે ત્રણ જ જણા જાગે છે.વસુદેવ, દેવકી અને ચંદ્ર.જે રાત્રે જાગે તેને કનૈયો મળે છે.સોડ તાણી સૂતો હોય તેને કનૈયો મળતો નથી. જાગવુંએટલે? પાણીછાંટી આંખો ઊઘાડીરાખવી એ જાગવું નથી.નાટ્યરંગમાં લોકો આખી રાત જાગે છે,પણ આ જાગવું જુદું છે.ગીતાજીમાં કહ્યું છે કે, સર્વભૂત માત્રની જે રાત છે તેમાં સંયમી પુરુષ જાગે છે અને જ્યારે ભૂત માત્ર જાગે છે ત્યારે સંયમીની રાત હોથ છે,એટલે કે યોગી પુરુષ નિત્ય પરમાનંદમાં જાગે છે.એની દ્રષ્ટિ સતત પરમાનંદ શ્રીકૃષ્ણ તરફ જ મંડાયેલી રહે છે.

વાસુદેવજી-દેવકીની સ્થિતિજુઓ સંપત્તિ ગઈ,રાજ્ય ગયું,સંતિત ગઈ,અપરાધ વગર હાથપગમાં બેડીઓ પડી,તેમ છતાં આવા દુઃખમાં પણ ભગવાનનું તેઓ સદા સ્મરણ કરે છે. માટે દુઃખમાં પ્રભુના નામનું વિસ્મરણ ન થાય તે જોજો. દુઃખમાં જે ઈશ્વરનું ભજન કરે છે તેને ત્યાં ભગવાન પધારે છે.નળ અને રામ જેવાના જીવનમાં દુઃખના પ્રસંગો આવ્યા છે તો આપણો શું હિસાબ?

પ્રભુનો વિયોગ છે ત્યાં સુધી હરિ કથા છે. પ્રભુનો મેળાપ થયો પછી કથા બંધ,જીવને ઈશ્વરનો વિયોગ હોય,ત્યાં સુધી શ્રીકૃષ્ણ કથા. જીવ-ઈશ્વરના મિલન પછી કથા કેવી?

દશરથજીએ બાલ સ્વરૂપ જોયું. તે વખતે તેમને થયેલા આનંદનું વર્ણનકરવાની શક્તિ સરસ્વતીમાં પણ નથી.રામ-દશરથની ચાર આંખ મળી. રામલાલાએ સ્મિત કર્યું.દશરથ જી રામજીની જીભ ઉપર મધ ચટાડવા લાગ્યા. દશરથ રાજાએ વસિષ્ઠજીને વેદ મંત્રો બોલવાનું કહ્યું.પણ વસિષ્ઠજી કહે કે,રામનાં દર્શન કરીને મારું નામ પણ હું ભૂલી ગયો છું,તો શું મંત્ર બોલું?

દર્શનમાં નામરૂપ ભૂલાય ત્યારે દર્શનનો આનંદ આવે છે.બ્રહ્મ દર્શનનો આનંદ આવે છે.ઈશ્વર દર્શન થયા પછી વેદો પણ ભૂલાઈ જાય છે.ઈશ્વરનો સાક્ષાત્કારથાય તો વેદની પણ જરૂર નથી.પ્રભુ દર્શન થતાં નામ રૂપ ભૂલાય છે. પોતાનું ભાન પણ રહેતું નથી. એટલે વસિષ્ઠજી કહે છે કે,મારું નામ પણ હું ભૂલી ગયો છું.

કૌશલ્યાએ બાળકને ગોદમાંલીધો ને બહાર આવ્યાં. અયોધ્યા ની પ્રજા રામલાલાનાં દર્શન કરે છે, જીવમાત્ર આરામને શોધે છે,જીવ માત્ર શાંતિ ચાહે છે. એવી શાંતિ કે જે શાંતિનો ભંગ ન થાય. રામજીની મર્યાદાનું પાલન કરો તો જીવનમાં સાચી શાંતિ મળશે. ધર્મનું ફળ છે,શાંતિ,અધર્મનું ફળ છે અશાંતિ.ધર્મની મર્યાદાનું પાલન ન કરે તેને શાંતિ પ્રાપ્ત થતી નથી.સ્ત્રી સ્ત્રીની મર્યાદામાં રહે અને પુરુષ પુરુષની મર્યાદામાં રહે તો શાંતિ મળે.ધર્મ મર્યાદા વિનાનાં જ્ઞાન,ભક્તિ કે ત્યાગ સફળ થતાં નથી.આજ કાલ જ્ઞાન અને ભક્તિ વધ્યાં છે એમ લાગે છે પણ કોઈને શાંતિ મળતી નથી. તેનું કારણ એ છે કે,કોઈ ધર્મ મર્યાદા પાળતાં નથી.ધર્મ મર્યાદા પાળ્યા વગર ભક્તિ,જ્ઞાન પણ નકામા છે. ચંદ્ર,સૂર્ય ધર્મની મર્યાદા માં છે.સમુદ્ર પોતાની મર્યાદા છોડતો નથી,ત્યારે લોકોને થોડા પૈસા મળે,અધિકાર વધે, માન મળે,એટલે ઘમંડમાં આવી જાય છે અને માને છે કે હું મોટો સાહેબ છું.મને પૂછનાર કોણ?

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે અહીં અટકીએ જય માતાજી અસ્તુ.

# મહેસુલ રાજયમંત્રીશ્રીએ રૂ. 22 કરોડના વિવિધ વિકાસકામો મહુધા ખાતે પજાર્પણ કરાવ્યા

## લોકોની સુખાકારી અને સમુધ્ધિ માટે કામગીરી કરવા માટે સરકાર કટિબધ્ધ- રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહિડા

**નડિયાદ, તા. 05**

મહેસુલ રાજયમંત્રીશ્રી સંજયસિંહ મહિડાએ રૂ. ૨૨ કરોડના વિવિધ વિકાસકામો મહુધા ખાતે પજાર્પણ કરાવ્યા હતા. મહેસુલ અને આપત્તિ વ્યવસ્થાપન, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહિડાના અધ્યક્ષ સ્થાને મહુધા નગરપાલિકાના વિકાસના કામોના ખાતમુહર્ત અને લોકાર્પણ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, "સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રુ. ૭ કરોડના વિવિધ કામોના ખાતમુહર્ત આજરોજ કરવામાં આવ્યા છે. જેના લીધે નગરજનોની સુખાકારીમાં વધારો થશે. આ ઉપરાંત હાલમાં મહુધા ખાતે વોટર સપ્લાયનો પ્રોજેક્ટ GUDC દ્વારા અંદાજીત ૮.૫૦ કરોડના ખર્ચે બની રહ્યો છે. જે અંતર્ગત વડથલ કેનાલથી પાણી ઉપાડી દૈનિક ધોરણે શુધ્ધ પીવાનુ પાણી નગરજનોને પ્રાપ્ત થશે. આ ઉપરાંત દૈનિક ધોરણે ડોર ટુ ડોર કચરાનુ કલેકશન તેમજ તેના પ્રોસેસીગ પ્લાન્ટનું કામ SBM 2.0 યોજના હેઠળ ૨૧૬ લાખના ખર્ચે હાલમાં પ્રગતિમાં છે. ડાકોર ચોકડી મુસાફરી બંગલાથી મામલતદાર કચેરી સુધી ૪૦ લાખના ખર્ચે આઇકોનીક રોડનું કામ પ્રગતિમાં છે. તેમજ અમૃત ૨.૦ યોજના હેઠળ વડા તળાવ બ્યુટીફીકેશનનું કામ ૪.૦૦ કરોડના ખર્ચે પુર્ણ થયેલ છે. આમ વિકાસની યાત્રા અવિરત પણે ચાલુ છે. ભવિષ્યમા પણ લોકોની સુખાકારી અને સમુધ્ધિ માટે કામગીરી કરવા માટે સરકાર કટિબધ્ધ છે." મહુધા નગરપાલિકાના પ્રમુખશ્રી રૂપેશભાઈ રાઠોડ એ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે," મહુધા નગરપાલિકા ધ્વારા





વિવિધ વિકાસના કામોના ખાતમુહર્ત કાર્યક્રમ રાખલે છે. જે અંતગર્ત મહેસુલ રાજયમંત્રીશ્રી સંજયસિંહ મહિડા સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજનામાં થનારા અને પુર્ણ થયેલા અમૃત ૨.૦ના કામો નગરજનોને અર્પણ કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે રાજયમંત્રીશ્રીએ મહુધાના યુવા પ્રમુખશ્રી હેમંતભાઈ ઠાકોર અને હસનેન શેખના વરદ હસ્તે ખાતમુહર્ત અને પૂજન વિધિ કરાવી હતી. આ પ્રસંગે સર્વશ્રી એપીએમસી ચેરમેન અને કેડીસીસીના ડિરેક્ટર નિલેશભાઈ પટેલ, નગરપાલિકા ઉપપ્રમુખ અશફાકમીયા મલેક, પૂર્વ પ્રમુખ બહાદુરસિંહજી, પંકજભાઈ ત્રિવેદી, પરેશભાઈ દરજી, કૃણાલ પટેલ તેમજ કાઉન્સિલર સર્વશ્રી ભગવતીબેન પટેલ, રાજેશ્વરીબેન રાઠોડ, કનિશ ફાતિમાબાનુ, જયશ્રીબેન સોલંકી તેમજ નગરપાલિકાના વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ અને ચીફ ઓફિસર શ્રી વિશાલભાઈ પટેલ, માર્ગમકાન કચેરી કર્મયોગીઓ સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ડાકોર ચોકડી મુસાફરી બંગલાથી મામલતદાર કચેરી સુધી ૪૦ લાખના ખર્ચે આઇકોનીક રોડનું કામ પ્રગતિમાં છે. તેમજ અમૃત ૨.૦ યોજના હેઠળ વડા તળાવ બ્યુટીફીકેશનનું કામ ૪.૦૦ કરોડના ખર્ચે પુર્ણ થયેલ છે. આમ વિકાસની યાત્રા અવિરત પણે ચાલુ છે. ભવિષ્યમા પણ લોકોની સુખાકારી અને સમુધ્ધિ માટે કામગીરી કરવા માટે સરકાર કટિબધ્ધ છે." મહુધા નગરપાલિકાના પ્રમુખશ્રી રૂપેશભાઈ રાઠોડ એ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે," મહુધા નગરપાલિકા ધ્વારા આજરોજ વિવિધ વિકાસના કામોના ખાતમુહર્ત કાર્યક્રમ રાખલે છે. જે અંતગર્ત મહેસુલ રાજયમંત્રીશ્રી સંજયસિંહ મહિડા સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજનામાં થનારા અને પુર્ણ થયેલા અમૃત ૨.૦ના કામો નગરજનોને અર્પણ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે રાજયમંત્રીશ્રીએ મહુધાના યુવા પ્રમુખશ્રી હેમંતભાઈ ઠાકોર અને હસનેન શેખના વરદ હસ્તે ખાતમુહર્ત અને પૂજન વિધિ કરાવી હતી. આ પ્રસંગે સર્વશ્રી એપીએમસી ચેરમેન અને કેડીસીસીના ડિરેક્ટર નિલેશભાઈ પટેલ, નગરપાલિકા ઉપપ્રમુખ અશફાકમીયા મલેક, પૂર્વ પ્રમુખ બહાદુરસિંહજી, પંકજભાઈ ત્રિવેદી, પરેશભાઈ દરજી, કૃણાલ પટેલ તેમજ કાઉન્સિલર સર્વશ્રી ભગવતીબેન પટેલ, રાજેશ્વરીબેન રાઠોડ, કનિશ ફાતિમાબાનુ, જયશ્રીબેન સોલંકી તેમજ નગરપાલિકાના વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ અને ચીફ ઓફિસર શ્રી વિશાલભાઈ પટેલ, માર્ગમકાન કચેરી કર્મયોગીઓ સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ભારતીય ડાક વિભાગ દ્વારા આઈઆઈટી ગાંધીનગરમાં ગુજરાતનું પ્રથમ નવીનીકૃત જેન-Z થીમ આધારિત પોસ્ટ ઓફિસનું શુભારંભ

**અમદાવાદ, તા. 05**

ભારતીય ડાક વિભાગે આધુનિકીકરણ તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરતી વખતે ગુજરાતનું પ્રથમ જેન-Z થીમ આધારિત નવીનીકૃત ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થા (આઈઆઈટી) ગાંધીનગર પોસ્ટ ઓફિસ નું શુભારંભ કર્યો છે - જેને જનરેશન-Z પેઢી સાથે વધુ નજીકથી જોડાવાના હેતુથી દેશવ્યાપી પહેલના ભાગરૂપે વિકસાવવામાં આવ્યું છે. માનનીય કેન્દ્રીય સંચાર મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયા ની દ્રષ્ટિ અને માર્ગદર્શન હેઠળ આ પહેલનો હેતુ પોસ્ટ ઓફિસઓને જીવંત, વિદ્યાર્થી-કેન્દ્રિત અને પ્રૌદ્યોગિકી-સક્ષમ સ્થળો તરીકે પુનઃપરિકલ્પિત કરવાનો છે, જે યુવાપેઢીના ભાવ સાથે સમન્વય બનાવે. આ પરિવર્તન રાષ્ટ્રીય પહેલનો ભાગ છે, જેમાં 15 ડિસેમ્બર સુધી શૈક્ષણિક કેમ્પસમાં સ્થિત 46 હાલના પોસ્ટ ઓફિસનાં નવીનીકરણનો સમાવેશ થાય છે. આ જેન-Z થીમ આધારિત નવીનીકૃત પોસ્ટ ઓફિસનું ઉદ્ઘાટન 5 ડિસેમ્બર, 2025ના રોજ ગુજરાત પરિમંડળના મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલ શ્રી ગણેશ વી. સાવળેશ્વરકર અને આઈઆઈટી ગાંધીનગરના નિદેશક પ્રો. રજત મૂના દ્વારા, મહાપ્રબંધક (વિત્ત) ડો. રાજીવ કાંડપાલ તથા ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવની વિશિષ્ટ હાજરીમાં કરવામાં આવ્યું. આ અવસર પર 'IITGN: ગુજરાતનું પ્રથમ Gen-Z વિષયક ડાકઘર' પર એક વિશેષ આવરણ અને આઈઆઈટી ગાંધીનગર પોસ્ટ ઓફિસનું સ્થાયી ચિત્રાત્મક વીરૂપણ પણ પ્રકાશિત કરવામાં આવ્યું. આ અવસર પર, ચીફ પોસ્ટમાસ્ટર જનરલ શ્રી ગણેશ વી. સાવળેશ્વરકરે જણાવ્યું કે આઈઆઈટી ગાંધીનગર પોસ્ટ ઓફિસ ખાસ કરીને યુવાનોની જરૂરિયાતો, તેમની સર્જનાત્મકતા, આધુનિક વિચારસરણી અને પ્રૌદ્યોગિક અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. તેનો દેખાવ અને અનુભૂતિ સંપૂર્ણ રીતે જેન-Z વાયબ્સ અને સંસ્કૃતિને પ્રતિબિંબિત કરે છે. આ પોસ્ટ ઓફિસને આઈઆઈટી ગાંધીનગરના વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી દ્વારા નવી ઓળખ આપવામાં આવી છે. તેમના વિચારો ભીંતચિત્રો, આંતરિક થીમ તથા પ્રચાર સામગ્રીના ડિઝાઈનમાં પ્રતિબિંબિત થયા છે, જેના કારણે પોસ્ટ ઓફિસને વિશિષ્ટ યુવા-કેન્દ્રિત ઓળખ મળી છે. આઈઆઈટી ગાંધીનગરના નિદેશક પ્રો. રજત મૂનાએ આ જેન-Z પોસ્ટ ઓફિસ પહેલ માટે પોસ્ટ વિભાગની પ્રશંસા કરી અને આશા વ્યક્ત કરી કે મહત્તમ સંખ્યામાં વિદ્યાર્થીઓ પોસ્ટ વિભાગની સેવાઓ અને આધુનિક સુવિધાઓનો લાભ મેળવશે. આઈઆઈટી ગાંધીનગરના વિદ્યાર્થીઓ દ્વારા રચાયેલ "ટ્રી ઓફ લાઈફ ઓફ IITGN" ભીંતચિત્રમાં કેમ્પસમાં જોવા મળતા વિવિધ પક્ષીઓની સમૃદ્ધ વૈવિધ્યતા ઉજાગર કરવામાં આવી છે. આ કલા કૃતિમાં એક સમૃદ્ધ વૃક્ષ દર્શાવાયું છે, જેની ડાળીઓ પર આઈઆઈટી ગાંધીનગર પરિસરમાં વસતા અનેક પ્રકારના પક્ષીઓ દેખાઈ આવે છે–જે સંસ્થાના જીવંત પર્યાવરણીય તંત્ર સાથેના તેના ગાઢ સંબંધનું પ્રતીક છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે જેન-Z આઈઆઈટી પોસ્ટ ઓફિસમાં વાઈ-ફાઈ, કાફેટેરિયા, મિની લાઈબ્રેરી, પાર્સલ, જ્ઞાન પોસ્ટ, પાર્સલ પેકેજિંગ સેવાઓ, ફિલેટેલી, પોસ્ટ ઓફિસ બચત સેવાઓ, ડાક જીવન વીમા, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, વિદ્યાર્થીઓ માટે સ્પીડ પોસ્ટમાં છૂટ તેમજ ક્યુઆર આધારિત ડિજિટલ પેમેન્ટ જેવી આધુનિક સુવિધાઓ આ પોસ્ટ ઓફિસને વધુ આધુનિક, સુલભ તથા યુવા-મૈત્રીપૂર્ણ બનાવે છે.

# તાલુકા કક્ષાએ તાલુકા સ્વાગત કાર્યક્રમ માટે અરજીઓ તા. ૧૦/૧૨/૨૦૨૫ સુધીમાં સંબંધિત મામલતદાર કચેરીએ કરી દેવી

**નડિયાદ, તા. 05**

ખેડા જિલ્લામાં તાલુકા કક્ષાએ તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૩/૧૨/૨૦૨૫ના બુધવારના રોજ વર્ગ-૧,૨ કક્ષાના નોડલ અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાને મામલતદાર કચેરી ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટેની અરજીઓ તા. ૧૦/૧૨/૨૦૨૫ સુધીમાં સંબંધિત મામલતદાર કચેરી, નડીઆદ (શહેર / ગ્રામ્ય) / ખેડા / કપડવંજ / મહેમદાવાદ / ઠાસરા / મહુધા / કઠલાલ / માતર / વો / ગળતેશ્વરની કચેરીઓમાં ત્રણ નકલમાં સુવાચ્ય અક્ષરોમાં, એ/૪ કાગળ ઉપર કરવાની રહેશે. અરજદારનો પોતાનો પ્રશ્ન હોવો જોઈએ તેમજ ગ્રામ્ય કક્ષાએ સંબંધિત કચેરી ખાતે પહેલા રજૂઆત કરેલી હોવી જોઈએ અથવા પ્રશ્ન તાલુકા કક્ષાનો હોવો જોઈએ બીજાનો પ્રશ્ન રજુ કરી શકાશે નહી. તેમજ એક જ વિષયની એક અરજી સ્વીકારવામાં આવશે.

અરજદારે આધાર પુરાવા સહિત કરેલ અરજી તાલુકા સ્વાગત કાર્યક્રમમાં લેવામાં આવશે. અરજીના તાલુકા સ્વાગત કાર્યક્રમ લખવાનું રહેશે. તેમજ અરજીમાં પોતાનો મોબાઈલ નંબર ફરજિયાત પણે દર્શાવવાનો રહેશે. પોસ્ટ કાર્ડ કે આંતરદેશિય પત્રો વિગેરે ઉપર કરેલ અરજી કરી શકશે નહિ. તાલુકા સ્વાગત કાર્યક્રમમાં કોઈ પણ અરજદાર એકથી વધુ પ્રશ્નો પૂછી શકશે નહિ. આ કાર્યક્રમમાં ન્યાયીક તુલ્ય બાબતો, કોર્ટ મેટર, સ્ટે. (મનાઈ હુકમ), અપીલો, માહિતી અધિકાર અધિનિયમને લગતા પ્રશ્નો તેમજ નોકરી, રહેમરાહે નોકરી ને લગતી બાબતોનો સમાવેશ કરવામાં આવશે નહી. જેની નોંધ લેવા વિનંતિ છે એમ જનસંપર્ક અધિકારીશ્રી ખેડા-નડીઆદ એમ.પી. સોલંકીની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# 6 થી 9 ડિસેમ્બર સુધી સાબરમતી-યોગનગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ મેરઠ સિટી સુધી જશે

**અમદાવાદ, તા. 05**

ઉત્તર રેલ્વેના દેહરાદુન સ્ટેશન ખાતે લોકો પિટ સાઈડિંગ કાર્ય માટે બ્લોકને કારણે સાબરમતી-યોગનગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ મેરઠ સિટી અને યોગનગરી ઋષિકેશ વચ્ચે આંશિક રદ રહેશે. જે આ મુજબ છે : * 6 ડિસેમ્બર થી 9 ડિસેમ્બર 2025 સુધી સાબરમતીથી પ્રસ્થાન કરતી ટ્રેન નંબર 19031 સાબરમતી-યોગનગરી ઋષિકેશ એક્સપ્રેસ મેરઠ સિટી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. તેથી આ ટ્રેન મેરઠ સિટી અને યોગનગરી ઋષિકેશ વચ્ચે આંશિક રદ રહેશે. * 6 ડિસેમ્બર થી 9 ડિસેમ્બર 2025 સુધી સાબરમતીથી પ્રસ્થાન કરતી ટ્રેન નંબર 19031 સાબરમતી-યોગનગરી ઋષિકેશ એક્સપ્રેસ મેરઠ સિટી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે. તેથી આ ટ્રેન મેરઠ સિટી અને યોગનગરી ઋષિકેશ વચ્ચે આંશિક રદ રહેશે. * 7 ડિસેમ્બર થી 10 ડિસેમ્બર 2025 સુધી ટ્રેન નંબર 19032 યોગનગરી ઋષિકેશ-સાબરમતી એક્સપ્રેસ યોગનગરી ઋષિકેશના બદલે મેરઠ સિટીથી પ્રસ્થાન કરશે, તેથી આ ટ્રેન યોગનગરી ઋષિકેશ-મેરઠ સિટી વચ્ચે આંશિક રદ રહેશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચનાથી સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિત

**અમદાવાદ, તા. 05**

ભારતને 'આત્મનિર્ભર' બનાવવાની વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની સંકલ્પનાને આગળ ધપાવતા 'સ્વદેશોત્સવ ૨૦૨૫'નું કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે શુક્રવારે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી મેદાન ખાતે ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ રાષ્ટ્રવ્યાપી એક્સ્પો ૦૫ ડિસેમ્બર, ૨૦૨૫ થી ૦૯ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી ચાલશે. ગૃહમંત્રીશ્રીએ ઉદ્ઘાટન સમારોહ બાદ સ્વદેશી શક્તિના પ્રતીક સમી 'સ્વાનુભૂતિ પ્રદર્શની' પણ ખુલ્લી મુકી હતી. જ્ઞાન અને જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્યથી રાષ્ટ્રીય મહત્ત્વના વિવિધ વિષયો પર વિશેષ સેમિનારોનું આયોજન આ સ્વદેશોત્સવમાં કરવામાં આવ્યું છે. તદઅનુસાર, ૦૫ ડિસેમ્બરના રોજ, સ્વદેશોત્સવના પ્રથમ દિવસે 'પર્યાવરણ સંકલ્પ સંમેલન', ૦૬ ડિસેમ્બરે 'સ્ટાર્ટઅપ્સ ઉડાન ૨૦૨૫' અને 'સ્વદેશી સંકલ્પ અભિયાન' પર સેમિનાર યોજાશે. ૦૭ ડિસેમ્બરે 'માતૃશક્તિની ભૂમિકા' અને 'સાયબર સિક્યુરિટી અવેરનેસ' જેવા મહત્ત્વના વિષયો પર સત્રો યોજાવાના છે. ૦૮ ડિસેમ્બરે 'આયુર્વેદ અને સ્વાસ્થ્ય' તથા 'Intellectual Property Rights' પર અને ૦૯ ડિસેમ્બરે 'પ્રાકૃતિક ખેતી, ઓર્ગેનિક ખેતી' જેવા વિષયો પર સત્રો યોજાશે. મહોત્સવ દરમિયાન દરરોજ સાંજે ૭:૦૦ થી ૧૦:૦૦ વાગ્યા સુધી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. ગુજરાત યુનિવર્સિટી મેદાન ખાતે આયોજિત આ મહોત્સવ જ્ઞાન, કલા અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહિત કરવાનો અવસર પૂરો પાડશે. આ અવસરે સ્વર્ણિમ જાગરણ મંચના પદાધિકારીઓ પણ જોડાયા હતા. મહોત્સવ દરમિયાન દરરોજ સાંજે ૭:૦૦ થી ૧૦:૦૦ વાગ્યા સુધી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. ગુજરાત યુનિવર્સિટી મેદાન ખાતે આયોજિત આ મહોત્સવ જ્ઞાન, કલા અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહિત કરવાનો અવસર પૂરો પાડશે. આ અવસરે સ્વર્ણિમ જાગરણ મંચના પદાધિકારીઓ પણ જોડાયા હતા.


# મહુધા નગર પાલિકાના રુ. ૭.૦૦ કરોડના વિવિધ કામોના ખાતમુહર્ત કરવામાં આવ્યા

## મહેસુલ રાજયમંત્રીશ્રીએ રૂ. ૨૨ કરોડના વિવિધ વિકાસકામો મહુધા ખાતે પજાર્પણ કરાવ્યા

**અમદાવાદ, તા. 05**

મહેસુલ રાજયમંત્રીશ્રી સંજયસિંહ મહિડાએ રૂ. ૨૨ કરોડના વિવિધ વિકાસકામો મહુધા ખાતેપ્રજાર્પણ કરાવ્યા હતા. મહેસુલ અને આપત્તિ વ્યવસ્થાપન, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહિડાના અધ્યક્ષ સ્થાને મહુધા નગરપાલિકાના વિકાસના કામોના ખાતમુહર્ત અને લોકાર્પણ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, "સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રુ. ૭ કરોડના વિવિધ કામોના ખાતમુહર્ત આજરોજ કરવામાં આવ્યા છે. જેના લીધે નગરજનોની સુખાકારીમાં વધારો થશે. આ ઉપરાંત હાલમાં મહુધા ખાતે વોટર સપ્લાયનો પ્રોજેક્ટ GUDC દ્વારા અંદાજીત ૮.૫૦ કરોડના ખર્ચે બની રહ્યો છે. જે અંતર્ગત વડથલ કેનાલથી પાણી ઉપાડી દૈનિક ધોરણે શુધ્ધ પીવાનુ પાણી નગરજનોને પ્રાપ્ત થશે. આ ઉપરાંત દૈનિક ધોરણે ડોર ટુ ડોર કચરાનુ કલેકશન તેમજ તેના પ્રોસેસીગ પ્લાન્ટનું કામ SBM



2.0 યોજના હેઠળ ૨૧૬ લાખના ખર્ચે હાલમાં પ્રગતિમાં છે. ડાકોર ચોકડી મુસાફરી બંગલાથી મામલતદાર કચેરી સુધી ૪૦ લાખના ખર્ચે આઈકોનીક રોડનું કામ પ્રગતિમાં છે. તેમજ અમૃત ૨.૦ યોજના હેઠળ વડા તળાવ બ્યુટીફીકેશનનું કામ ૪.૦૦ કરોડના ખર્ચે પુર્ણ થયેલ છે. આમ વિકાસની યાત્રા અવિરત પણે ચાલુ છે. ભવિષ્યમા પણ લોકોની સુખાકારી અને સમુધ્ધિ માટે કામગીરી કરવા માટે સરકાર કટિબધ્ધ છે." મહુધા નગરપાલિકાના પ્રમુખશ્રી રૂપેશભાઈ રાઠોડ એ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે," મહુધા નગરપાલિકા ધ્વારા આજરોજ વિવિધ વિકાસના કામોના ખાતમુહર્ત કાર્યક્રમ રાખલે છે. જે અંતગર્ત મહેસુલ રાજયમંત્રીશ્રી સંજયસિંહ મહિડા સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજનામાં થનારા અને પુર્ણ થયેલા અમૃત ૨.૦ના કામો નગરજનોને અર્પણ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે રાજયમંત્રીશ્રીએ મહુધાના યુવા પ્રમુખશ્રી હેમંતભાઈ ઠાકોર અને હસનેન શેખના વરદ હસ્તે ખાતમુહર્ત અને પૂજન વિધિ કરાવી હતી. આ પ્રસંગે સર્વશ્રી એપીએમસી ચેરમેન અને કેડીસીસીના ડિરેક્ટર નિલેશભાઈ પટેલ, નગરપાલિકા ઉપપ્રમુખ અશફાકમીયા મલેક, પૂર્વ પ્રમુખ બહાદુરસિંહજી, પંકજભાઈ ત્રિવેદી, પરેશભાઈ દરજી, કૃણાલ પટેલ તેમજ કાઉન્સિલર સર્વશ્રી ભગવતીબેન પટેલ, રાજેશ્વરીબેન રાઠોડ, કનિશ ફાતિમાબાનુ, જયશ્રીબેન સોલંકી તેમજ નગરપાલિકાના વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ અને ચીફ ઓફિસર શ્રી વિશાલભાઈ પટેલ, માર્ગમકાન કચેરી કર્મયોગીઓ સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત હાલમાં મહુધા ખાતે વોટર સપ્લાયનો પ્રોજેક્ટ GUDC દ્વારા અંદાજીત ૮.૫૦ કરોડના ખર્ચે બની રહ્યો છે. જે અંતર્ગત વડથલ કેનાલથી પાણી ઉપાડી દૈનિક ધોરણે શુધ્ધ પીવાનુ પાણી નગરજનોને પ્રાપ્ત થશે. આ ઉપરાંત દૈનિક ધોરણે ડોર ટુ ડોર કચરાનુ કલેકશન તેમજ તેના પ્રોસેસીગ પ્લાન્ટનું કામ SBM 2.0 યોજના હેઠળ ૨૧૬ લાખના ખર્ચે હાલમાં પ્રગતિમાં છે. ડાકોર ચોકડી મુસાફરી બંગલાથી મામલતદાર કચેરી સુધી ૪૦ લાખના ખર્ચે આઈકોનીક રોડનું કામ પ્રગતિમાં છે. તેમજ અમૃત ૨.૦ યોજના હેઠળ વડા તળાવ બ્યુટીફીકેશનનું કામ ૪.૦૦ કરોડના ખર્ચે પુર્ણ થયેલ છે. આમ વિકાસની યાત્રા અવિરત પણે ચાલુ છે. ભવિષ્યમા પણ લોકોની સુખાકારી અને સમુધ્ધિ માટે કામગીરી કરવા માટે સરકાર કટિબધ્ધ છે." મહુધા નગરપાલિકાના પ્રમુખશ્રી રૂપેશભાઈ રાઠોડ એ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે," મહુધા નગરપાલિકા ધ્વારા આજરોજ વિવિધ વિકાસના કામોના ખાતમુહર્ત કાર્યક્રમ રાખલે છે. જે અંતગર્ત મહેસુલ રાજયમંત્રીશ્રી સંજયસિંહ મહિડા સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજનામાં થનારા અને પુર્ણ થયેલા અમૃત ૨.૦ના કામો નગરજનોને અર્પણ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે રાજયમંત્રીશ્રીએ મહુધાના યુવા પ્રમુખશ્રી હેમંતભાઈ ઠાકોર અને હસનેન શેખના વરદ હસ્તે ખાતમુહર્ત અને પૂજન વિધિ કરાવી હતી. આ પ્રસંગે સર્વશ્રી એપીએમસી ચેરમેન અને કેડીસીસીના ડિરેક્ટર નિલેશભાઈ પટેલ, નગરપાલિકા ઉપપ્રમુખ અશફાકમીયા મલેક, પૂર્વ પ્રમુખ બહાદુરસિંહજી, પંકજભાઈ ત્રિવેદી, પરેશભાઈ દરજી, કૃણાલ પટેલ તેમજ કાઉન્સિલર સર્વશ્રી ભગવતીબેન પટેલ, રાજેશ્વરીબેન રાઠોડ, કનિશ ફાતિમાબાનુ, જયશ્રીબેન સોલંકી તેમજ નગરપાલિકાના વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ અને ચીફ ઓફિસર શ્રી વિશાલભાઈ પટેલ, માર્ગમકાન કચેરી કર્મયોગીઓ સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# જો રૂટની ઓસ્ટ્રેલિયામાં પ્રથમ ટેસ્ટ સેન્ચુરી : બીજી એશિઝ મેચમાં કારકિર્દીની 59મી સદી ફટકારી, ઇંગ્લેન્ડ- 325/9; સ્ટાર્કને 6 વિકેટ

## બ્રાયડન કાર્સ ખાતું ખોલ્યા વગર પેવેલિયન પરત ફર્યા. જોફ્રા આર્ચર ફરી ઝડપથી રન બનાવ્યા અને રૂટ સાથે 50+ રનની ભાગીદારી કરી

**મુંબઈ તા. 05**

ઈંગ્લેન્ડના ટોપ રન સ્કોરર જો રૂટે આખરે ઓસ્ટ્રેલિયામાં પણ ટેસ્ટ સદી ફટકારી દીધી. ગુરુવારે બ્રિસ્બેનના ધ ગાબા સ્ટેડિયમમાં તેણે 181 બોલમાં સદી પૂરી કરી. આ તેના ટેસ્ટ કારકિર્દીની 40મી સદી હતી, પરંતુ ઓસ્ટ્રેલિયામાં તે પહેલીવાર આ પરાક્રમ કરી શક્યો. રૂટ આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં 59 સદી ફટકારી ચૂક્યો છે. એશિઝની બીજી ટેસ્ટના પહેલા દિવસે ઈંગ્લેન્ડે 9 વિકેટ ગુમાવીને 325 રન બનાવ્યા. રૂટ ઉપરાંત ઓપનર ઝેક ક્રોલીએ 76 રન બનાવ્યા. યજમાન ટીમ માટે લેફ્ટ આર્મ પેસર મિચેલ સ્ટાર્કે 6 વિકેટ લીધી. ઈંગ્લેન્ડની ખરાબ શરૂઆત ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઈંગ્લિશ ટીમે 5 રનમાં 2 વિકેટ ગુમાવી દીધી. બેન ડકેટ અને ઓલી પોપ ખાતું ખોલ્યા વગર જ પેવેલિયન પરત ફર્યા. બંનેને મિચેલ સ્ટાર્કે પેવેલિયન મોકલ્યા. ઝેક ક્રોલીએ પછી જો રૂટ સાથે સદીની ભાગીદારી કરી. ક્રોલી 76 રન બનાવીને આઉટ થયો અને બંને વચ્ચે 117 રનની ભાગીદારી તૂટી. લાંબી રાહ બાદ રૂટે સદી ફટકારી 3 વિકેટ પડ્યા બાદ રૂટે એક છેડો સંભાળી લીધો. તેમની સામે હેરી બ્રૂક 31, કેપ્ટન બેન સ્ટોક્સ 19 અને જેમી સ્મિથ ખાતું ખોલાવ્યા વગર આઉટ થઈ ગયા. વિલ જેક્સ થોડીવાર ટક્યો, પરંતુ તે પણ 19 રન બનાવીને કેચ આઉટ થયો. રૂટે પછી સ્કોટ બોલેન્ડની બોલ પર ફાઈન લેગ તરફ ચોગ્ગો ફટકાર્યો અને પોતાની 40મી ટેસ્ટ સેન્ચુરી પૂરી કરી લીધી. રૂટને ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ સદી ફટકારવા માટે 30



ઈનિંગ્સ લાગી ગઈ. રૂટની સદી ફટકાર્યા બાદ તેની સામે ગસ એટકિન્સન 4 અને બ્રાયડન કાર્સ ખાતું ખોલ્યા વગર પેવેલિયન પરત ફર્યા. જોફ્રા આર્ચર ફરી ઝડપથી રન બનાવ્યા અને રૂટ સાથે 50+ રનની ભાગીદારી કરી. દિવસની રમત પૂરી થવા સુધી ટીમે 9 વિકેટ ગુમાવીને 325 રન બનાવ્યા. ઝેક ક્રોલીએ પછી જો રૂટ સાથે સદીની ભાગીદારી કરી. ક્રોલી 76 રન બનાવીને આઉટ થયો અને બંને વચ્ચે 117 રનની ભાગીદારી તૂટી. લાંબી રાહ બાદ રૂટે સદી ફટકારી 3 વિકેટ પડ્યા બાદ રૂટે એક છેડો સંભાળી લીધો. તેમની સામે હેરી બ્રૂક 31, કેપ્ટન બેન સ્ટોક્સ 19 અને જેમી સ્મિથ ખાતું ખોલાવ્યા વગર આઉટ થઈ ગયા. વિલ જેક્સ થોડીવાર ટક્યો, પરંતુ તે પણ 19 રન બનાવીને કેચ આઉટ થયો. રૂટે પછી સ્કોટ બોલેન્ડની બોલ પર ફાઈન લેગ તરફ ચોગ્ગો ફટકાર્યો અને પોતાની 40મી ટેસ્ટ સેન્ચુરી પૂરી કરી લીધી. રૂટને ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ સદી ફટકારવા માટે 30 ઈનિંગ્સ લાગી ગઈ. રૂટની સદી ફટકાર્યા બાદ તેની સામે ગસ એટકિન્સન 4 અને બ્રાયડન કાર્સ ખાતું ખોલ્યા વગર પેવેલિયન પરત ફર્યા. જોફ્રા આર્ચર ફરી ઝડપથી રન બનાવ્યા અને રૂટ સાથે 50+ રનની ભાગીદારી કરી. દિવસની રમત પૂરી થવા સુધી ટીમે 9 વિકેટ ગુમાવીને 325 રન બનાવ્યા. રૂટ 135 અને આર્ચર 32 રન બનાવીને નોટઆઉટ રહ્યા. સ્ટાર્કને 6 વિકેટ ઓસ્ટ્રેલિયાના ઝડપી બોલર મિચેલ સ્ટાર્કે 6 વિકેટ લીધી. માઈકલ નેસર અને સ્કોટ બોલેન્ડને 1-1 વિકેટ મળી. બ્રેન્ડન ડોગેટ અને કેમરૂન ગ્રીન કોઈ વિકેટ લઈ શક્યા નહીં. સ્ટાર્કે ડે-નાઈટ ટેસ્ટમાં છઠ્ઠી વખત એક ઈનિંગ્સમાં 5 વિકેટ લીધી. તે 15 મેચની 28 ઈનિંગ્સમાં 87 વિકેટ લઈ ચૂક્યો છે. પિંક બોલ ટેસ્ટમાં તેનાથી વધુ વિકેટ કોઈ અન્ય બોલરે લીધી નથી.બંને ટીમની પ્લેઇંગ-11 ઈંગ્લેન્ડ: ઝેક ક્રોલી, બેન ડકેટ, ઓલી પોપ, જો રૂટ, હેરી બ્રૂક, બેન સ્ટોક્સ (કેપ્ટન), જેમી સ્મિથ (વિકેટકીપર), વિલ જેક્સ, ગસ એટકિન્સન, બ્રાયડન કાર્સ અને જોફ્રા આર્ચર. ઓસ્ટ્રેલિયા: જેક વેદરાલ્ડ, ટ્રેવિસ હેડ, માર્નસ લાબુશેન, સ્ટીવ સ્મિથ (કેપ્ટન), કેમરૂન ગ્રીન, જોશ ઈંગ્લિસ, એલેક્સ કેરી (વિકેટકીપર), માઈકલ નેસર, મિચેલ સ્ટાર્ક, સ્કોટ બોલેન્ડ અને બ્રેન્ડન ડોગેટ

## કોહલી ICC વન-ડે બેટર્સ રેન્કિંગમાં ચોથા નંબર પર પહોંચ્યો

**મુંબઈ તા. 05**

ICCની લેટેસ્ટ વન-ડે બેટર્સ રેન્કિંગમાં ભારતના વિરાટ કોહલી ચોથા નંબર પર પહોંચી ગયો છે. જ્યારે પૂર્વ કેપ્ટન રોહિત શર્મા ટોચ પર યથાવત છે. સાઉથ આફ્રિકા સામેની વન-ડે સિરીઝમાં કેપ્ટનશીપ કરી રહેલા કેએલ રાહુલને 2 સ્થાનનો ફાયદો થયો. બોલરોમાં લેફ્ટ આર્મ સ્પિનર કુલદીપ યાદવ નંબર-6 પર પહોંચી ગયો. ચારેયને રાંચી વન-ડેમાં શાનદાર પ્રદર્શનનો ફાયદો મળ્યો. સાઉથ આફ્રિકા સામે રવિવારે રાંચીમાં વિરાટ કોહલીએ સદી ફટકારતા 135 રનની ઈનિંગ રમી હતી.



## રોવમેન પોવેલે જણાવ્યું પોતાની પાવર હિટિંગનું રહસ્ય : કહ્યું- સખત મહેનતથી આત્મવિશ્વાસ વધે છે



**મુંબઈ તા. 05**

26 જાન્યુઆરી 2022...બ્રિજટાઉનનું કેન્સિંગ્ટન ઓવલ મેદાન. ઈંગ્લેન્ડ-વેસ્ટ ઈન્ડિઝની તે મેચમાં દુનિયાએ રોવમેન પોવેલની પાવર હિટિંગનો નમૂનો જોયો હતો. ત્યારે પોવેલે 53 બોલમાં 10 છગ્ગાની મદદથી 107 રન બનાવ્યા હતા. પોવેલે પોતાની પાવર હિટિંગનું રહસ્ય જણાવ્યું છે. 32 વર્ષના આ કેરેબિયન હિટરે પાવર હિટિંગના સવાલ પર કહ્યું- 'મારી પાવર હિટિંગનું રહસ્ય સખત મહેનત છે. જ્યારે તમે ખૂબ મહેનત કરો છો, ત્યારે પોતા પર વિશ્વાસ વધે છે.' તે UAEમાં ચાલી રહેલી ઈન્ટરનેશનલ ટી-20 લીગમાં ભાગ લઈ રહ્યો છે. તે દુબઈ કેપિટલ્સનો ભાગ છે. ટુર્નામેન્ટની મેચ ઝી એન્ટરટેઈનમેન્ટ સ્પોર્ટ્સ પર પ્રસારિત થઈ રહી છે. વેસ્ટ ઈન્ડિઝના પાવર હીટર પોવેલે પોતાની પાવર હિટિંગ, વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ અને IPL પર વાત કરી. સવાલ- તમારી ટીમ પહેલી મેચ હારી ગઈ છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન હોવાને કારણે આગળની શું પ્લાનિંગ છે? પાવેલ- મને લાગે છે કે અમારે છેલ્લી મેચમાંથી શીખવાની જરૂર છે. અમ જોવું પડશે કે અમારી પ્લાનિંગ સાચી હતી કે નહીં. શું અમે અમી પ્લાનિંગને મેદાન પર લાગુ કરી શક્યા. અમારી પાસે આગામી મેચ પહેલા કેટલાક દિવસો છે. અમે ટ્રેનિંગમાં અમારી ખામીઓ પર કામ કરીશું અને મજબૂત વાપસી કરીશું. સવાલ- અત્યાર સુધી કોઈ પણ ટીમે સતત બે ટાઇટલ જીત્યા નથી. આ અંગે તમે શું કહેશો? પોવેલ- આ દર્શાવે છે કે દર વર્ષે ટીમ વધુ મજબૂત બનીને પાછી ફરે છે. અમે ડિફેન્ડિંગ ચેમ્પિયન છીએ, તેથી બધા અમને હરાવવા માટે ખાસ તૈયારી કરે છે. અમારે સતત સારું રમવું પડશે, અને એકવાર જ્યારે લય મળી જાય, તો વધુમાં વધુ મેચ જીતવા પડશે. પ્લેઓફમાં પહોંચી ગયા તો પછી જીતવાની પૂરી સંભાવના રહે છે.

## આલિયા ભટ્ટે ₹250 કરોડના ઘરની ઝલક બતાવી

- ગૃહપ્રવેશથી લઈને રાહાના જન્મદિવસની તસવીરો શેર કરી: કેપ્શનમાં લખ્યું, નવેમ્બર 2025... તમે દોઢ મહિનાનાં હતાં



**મુંબઈ તા. 05**


આલિયા ભટ્ટે ઈન્સ્ટાગ્રામ પર પોતાના નવેમ્બર 2025ની ઝલક બતાવી છે. એમાં પરિવાર સાથે વિતાવેલી કેટલીક અમૂલ્ય પળોની ઝલક જોવા મળી રહી છે. કેટલીક તસવીરોમાં જ્યાં રાહા કપૂરના જન્મદિવસની ઝલક જોવા મળી, તો વળી આલિયાએ પોતાના નવા 250 કરોડના ઘરની અંદરની ઝલક ચાહકોને બતાવી છે, જે વાઈરલ થઈ રહી છે. આ તસવીરોની સાથે એક્ટ્રેસે કેપ્શનમાં લખ્યું, 'નવેમ્બર 2025... તમે દોઢ મહિનાનાં હતાં.' આ પોસ્ટમાં પ્રેમ, વિધિઓ અને યાદોની ઝલક જોવા મળે છે, જેને ચાહકો પણ પસંદ કરી રહ્યા છે. આ ઉપરાંત અન્ય ફોટોમાં આલિયા અને રણબીર પોતાના નવા ઘરમાં ગૃહપ્રવેશ કરતાં જોવા મળી રહ્યાં છે. આલિયાએ હાઉસવોર્મિંગ સેરેમનીથી લઈને રાહાના જન્મદિવસ સુધીના ઘણા ફોટા શેર કર્યા. આખો પરિવાર સાથે જોવા મળી રહ્યો છે. પૂજા માટે હસીનાએ ટિસ્યૂ સાડી પહેરી હતી, જ્યારે રણબીર સફેદ કુર્તા-પાયજામા પહેરેલો જોવા મળ્યો હતો, જે સફેદ દોરાનો ઉપયોગ કરીને ફૂલોની પેટર્નથી શણગારેલો હતો. ભરતકામ ફક્ત આગળના ભાગમાં જ નહીં, પણ પાછળના ભાગમાં પણ ફૂલોના પેચ સાથે હતું. તિલક સાથે પૂર્ણ થયેલો રણબીરનો દેશી લુક અદભુત લાગતો હતો. આલિયાને હંમેશાંની જેમ સાડીમાં પોતાનો શાહી અંદાજમાં દેખાતી હતી. આ મનીષ મલ્હોત્રા બ્લશ ટિસ્યૂ સાડીની ચમકે તેની ચમક વધારી દીધી હતી, જ્યારે એ સોનેરી તાર અને દોરાઓની વણાયેલી બોર્ડરથી શણગારેલી હતી.

## કલ્કિ ટુમાં દીપિકાને સ્થાને પ્રિયંકા ચોપરા ગોઠવાય તેવી સંભાવના



**મુંબઈ, તા. 05**

પ્રભાસની 'કલ્કિ ટુ'માંથી દીપિકાને કાઢી મૂકવામાં આવ્યા બાદ હવે પ્રિયંકા ચોપરા તેનું સ્થાન લે તેવી સંભાવના છે. પ્રિયંકા હાલ એસ. એસ. રાજામૌલીની 'વારાણસી'નાં શૂટિંગ માટે ભારતના આંટાફેરા કરી રહી છે. આ દરમિયાન તેણે 'કલ્કિ ટુ'ના નિર્માતાઓ સાથે વાતચીત કરી હોવાનું કહેવાય છે. દીપિકાએ આ ફિલ્મ માટે થોડું શૂટિંગ કર્યું હતું. જોકે, પોતે ઓછા કલાકો માટે કામ કરશે અને વધારે ફી લેશે તેવાં નખરાં દેખાડતાં નિર્માતાઓએ તેને દરવાજો દેખાડી દીધો હતો. તે પછી તેને સ્થાને આલિયા ભટ્ટ, સાઈ પલ્લવી કે પછી અનુષ્કા શેટ્ટીનાં પણ નામો ચર્ચાયાં હતાં. જોકે, પોતે ઓછા કલાકો માટે કામ કરશે અને વધારે ફી લેશે તેવાં નખરાં દેખાડતાં નિર્માતાઓએ તેને દરવાજો દેખાડી દીધો હતો. તે પછી તેને સ્થાને આલિયા ભટ્ટ, સાઈ પલ્લવી કે પછી અનુષ્કા શેટ્ટીનાં પણ નામો ચર્ચાયાં હતાં.



## 'અમે બધા મજબૂત રહેવાનો પ્રયાસ કરી રહ્યા છીએ, પલક મુછાલે

### 'બન્ને પરિવારો મુશ્કેલ સમયમાં છે' : પલાશની બહેને ભાઈના લગ્ન વિશે કોઈ ફોડ ન પાડ્યો

**મુંબઈ તા. 05**

મ્યુઝિક કમ્પોઝર પલાશ મુછાલ અને ક્રિકેટર સ્મૃતિ મંધાનાના લગ્ન 23 નવેમ્બરે થવાના હતા, પરંતુ સ્મૃતિના પિતાની તબિયત લથડ્યા બાદ આ લગ્ન મુલતવી રાખવામાં આવ્યા. હવે પલાશની બહેન અને સિંગર પલક મુછાલે જણાવ્યું છે કે બંને પરિવારો હાલ કઈ સ્થિતિમાં છે. ફિલ્મફેર સાથેની વાતચીતમાં પલકે કહ્યું, "બંને પરિવારો ખૂબ જ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યા છે. જેમ તમે કહ્યું, અમે આ સમયે ફક્ત સકારાત્મક રહેવા માગીએ છીએ. શક્ય હોય તેટલી સકારાત્મકતા ફેલાવવા માંગીએ છીએ. અમે બધા મજબૂત રહેવાનો પ્રયાસ કરી રહ્યા છીએ." નોંધનીય છે કે પલાશ અને સ્મૃતિના લગ્ન ત્યારે મુલતવી રહ્યા હતા જ્યારે સ્મૃતિના પિતાને લગ્નના થોડા કલાકો પહેલા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેના બીજા દિવસે પલાશની તબિયત પણ બગડી અને તેને પણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. બાદમાં બંનેને રજા આપવામાં આવી હતી. લગ્ન ટળ્યા બાદ સોશિયલ મીડિયા પર અનેક પ્રકારની અફવાઓ ફેલાવા લાગી હતી. દાવો કરવામાં આવ્યો કે પલાશ મુછાલે સ્મૃતિ સાથે દગો કર્યો છે અને તેનું નામ વેડિંગ કોરિયોગ્રાફર સાથે જોડવામાં આવ્યું. આ દરમિયાન, સ્મૃતિએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી લગ્ન સંબંધિત તમામ તસવીરો હટાવી દીધી હતી. પલાશ અને સ્મૃતિએ અત્યાર સુધી આ સમગ્ર મામલે કોઈ નિવેદન આપ્યું નથી. પ્રેમાનંદ મહારાજને મળવા પહોંચ્યો હતો પલાશ ત્યાં જ પલાશ સોમવારે સંત પ્રેમાનંદ મહારાજને મળવા પહોંચ્યો હતો. વૃંદાવનના કેલિકુંજ આશ્રમમાં અન્ય ભક્તોની જેમ જ પલાશ પણ માસ્ક પહેરેલો દેખાયો. તેણે એકાંત વાર્તાલાપ દરમિયાન 'રાધા-રાધા' નામનો જાપ કર્યો. સોમવારે સ્મૃતિ સાથે લગ્ન ટળ્યા બાદ, પલાશ મુછાલ બીજી વખત જાહેરમાં જોવા મળ્યો હતો. આ પહેલા તેને એરપોર્ટ પર ઓલ-બ્લેક લુકમાં સ્પોટ કરવામાં આવ્યો હતો. પલાશ અને સ્મૃતિના લગ્નની નવી તારીખને લઈને તાજેતરમાં દાવો કરવામાં આવી રહ્યો હતો કે બંને 7 ડિસેમ્બરે લગ્નના બંધનમાં બંધાવાના છે. આ લગ્નમાં ફક્ત બંનેના પરિવારજનો જ સામેલ થશે, પરંતુ સ્મૃતિના ભાઈ શ્રવણ મંધાનાએ આ દાવાને સંપૂર્ણપણે નકારી કાઢ્યો. તેમણે કહ્યું, 'મને આ અફવાઓ વિશે કોઈ જાણકારી નથી. હાલમાં લગ્ન પોસ્ટપોન છે.'

# લોન સસ્તી થશે, RBIએ વ્યાજદર 0.25% ઘટાડ્યો : 20 વર્ષમાં 20 લાખની લોન પર લગભગ 74 હજાર રૂપિયાનો ફાયદો...

**નવી દિલ્હી, તા.05**

આવનારા દિવસોમાં લોન સસ્તી થઈ જશે. વર્તમાન EMI પણ ઘટશે. RBIએ રેપો રેટ 0.25% ઘટાડીને 5.25% કર્યો છે. આ ઘટાડાનો નિર્ણય મોનેટરી પોલિસી કમિટીની 3થી 5 ડિસેમ્બર સુધી ચાલેલી બેઠકમાં લેવામાં આવ્યો હતો. RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ 5 ડિસેમ્બરે આ અંગે માહિતી આપી હતી.




રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, એટલે કે RBI જે દરે બેંકોને લોન આપે છે એને રેપો રેટ કહેવાય છે. જ્યારે RBI રેપો રેટ ઘટાડે છે ત્યારે બેંકોને સસ્તી લોન મળે છે અને તેઓ આ લાભ ગ્રાહકો સુધી પહોંચાડે છે, એટલે કે આવનારા દિવસોમાં હોમ અને ઓટો જેવી લોન 0.25% સુધી સસ્તી થઈ જશે.

તાજેતરના ઘટાડા પછી 20 વર્ષની 20 લાખની લોન પર EMI 310 રૂપિયા સુધી ઘટશે. એવી જ રીતે 30 લાખની લોન પર EMI 465 રૂપિયા સુધી ઘટશે. નવા અને વર્તમાન ગ્રાહકો બંનેને એનો લાભ મળશે.

રેપો રેટ ઘટ્યા પછી બેંકો પણ હાઉસિંગ અને ઑટો જેવા લોન પરના વ્યાજદરો ઘટાડે છે. વ્યાજદરો ઓછા થવાથી હાઉસિંગ ડિમાન્ડ વધશે. વધુ લોકો રિયલ એસ્ટેટમાં રોકાણ કરી શકશે. આનાથી રિયલ એસ્ટેટ સેક્ટરને બૂસ્ટ મળશે.

RBIએ ફેબ્રુઆરીમાં યોજાયેલી મિટિંગમાં વ્યાજદરોને 6.5%થી ઘટાડીને 6.25% કર્યા હતા. મોનેટરી પોલિસી કમિટીએ આ ઘટાડો લગભગ 5 વર્ષ પછી કર્યો હતો.

બીજી વખત એપ્રિલમાં યોજાયેલી મિટિંગમાં પણ વ્યાજદર 0.25% ઘટાડ્યો. જૂનમાં ત્રીજી વખત દરોમાં 0.50% ઘટાડો થયો. હવે ફરી એકવાર એમાં 0.25%નો ઘટાડો કરવામાં આવ્યો છે, એટલે કે મોનેટરી પોલિસી કમિટીએ ત્રણ વખત વ્યાજદરો 1.25% ઘટાડ્યા.

RBI જે વ્યાજદરે બેંકોને લોન આપે છે એને રેપો રેટ કહેવામાં આવે છે. રેપો રેટ ઘટાડવાનો અર્થ એ છે કે બેંકોને ઓછા વ્યાજદરે લોન મળશે. જ્યારે બેંકો સસ્તી લોન મેળવે છે ત્યારે તેઓ ઘણીવાર આ લાભ તેમના ગ્રાહકોને આપે છે. આનો અર્થ એ છે કે બેંકો પણ તેમના વ્યાજદર ઘટાડે છે.

કોઈપણ સેન્ટ્રલ બેંક પાસે પોલિસી રેટના રૂપમાં મોંઘવારી સામે લડવા માટે એક શક્તિશાળી સાધન છે. જ્યારે મોંઘવારી ખૂબ વધારે હોય છે, ત્યારે સેન્ટ્રલ બેંક પોલિસી રેટ વધારીને અર્થતંત્રમાં નાણાંના પ્રવાહને ઘટાડવાનો પ્રયાસ કરે છે.

જો પોલિસી રેટ વધારે હશે તો બેંકોને સેન્ટ્રલ બેંક પાસેથી મળતી લોન મોંઘી થશે. બદલામાં બેંકો તેમના ગ્રાહકો માટે લોન મોંઘી કરી દે છે. આનાથી અર્થતંત્રમાં નાણાંનો પ્રવાહ ઓછો થાય છે. નાણાંનો પ્રવાહ ઓછો થાય છે તો માગમાં ઘટાડો થાય છે અને મોંઘવારી ઘટી જાય છે.

એવી જ રીતે જ્યારે અર્થતંત્ર ખરાબ સમયમાંથી પસાર થાય છે ત્યારે રિકવરી માટે નાણાંનો પ્રવાહ વધારવાની જરૂર પડે છે. આવી સ્થિતિમાં સેન્ટ્રલ બેંક પોલિસી રેટ ઘટાડી દે છે. આનાથી બેંકોને સેન્ટ્રલ બેંક પાસેથી મળતી લોન સસ્તી થઈ જાય છે અને ગ્રાહકોને પણ સસ્તા દરે લોન મળે છે.

મોનેટરી પોલિસી કમિટીમાં 6 સભ્યો હોય છે. એમાંથી 3 RBIના હોય છે, જ્યારે બાકીના કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવે છે. RBIની મિટિંગ દર બે મહિને થાય છે.

તાજેતરમાં રિઝર્વ બેંકે નાણાકીય વર્ષ 2025-26ની મોનેટરી પોલિસી કમિટીની બેઠકોનું શિડ્યૂલ જાહેર કર્યું હતું. આ નાણાકીય વર્ષમાં કુલ 6 બેઠક યોજાશે. પ્રથમ બેઠક 7-9 એપ્રિલે યોજાઈ હતી.

# લેટ ફી સાથે 31 ડિસેમ્બર સુધી ITR ફાઇલ કરો : આવું ન કરવા પર ઇનકમ ટેક્સ ડિપાર્ટમેન્ટ નોટિસ મોકલી શકે છે

**નવી દિલ્હી, તા.05**

જો તમે હજુ સુધી નાણાકીય વર્ષ 2024-25નું ઈન્કમ ટેક્સ રિટર્ન (ITR) ફાઈલ કર્યું નથી, તો તમે લેટ ફી સાથે 31 ડિસેમ્બર 2025 સુધીમાં ફાઈલ કરી શકો છો. એટલે કે, આ માટે તમારી પાસે 1 મહિનાથી પણ ઓછો સમય બાકી છે. આ પછી તમે રિટર્ન ફાઈલ કરી શકશો નહીં, જેના કારણે નોટિસ આવવા ઉપરાંત દંડ સહિત અન્ય કાનૂની મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. જો તમે 5 લાખથી ઓછી આવકનું બિલેટેડ ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરો છો, તો તમારે 1,000 રૂપિયા લેટ ફી ચૂકવવી પડશે. જ્યારે, 5 લાખ કે તેથી વધુની આવક પર 5,000 રૂપિયાની લેટ ફી ચૂકવવી પડશે. નાણાકીય વર્ષ 2024-25 માટે કોઈપણ લેટ ફી વિના ITR ફાઈલ કરવાની છેલ્લી તારીખ 16 સપ્ટેમ્બર હતી. બિલેટેડ ટેક્સ રિટર્ન શું હોય છે? જો તમે તમારું ઈન્કમ ટેક્સ રિટર્ન (ITR) સામાન્ય નિયત તારીખ (એટલે કે 31 જુલાઈ અથવા 31 ઓગસ્ટ, જે પણ લાગુ પડતી હોય) પછી ફાઈલ કરો છો, તો તેને બિલેટેડ રિટર્ન કહેવાય છે. સરળ ભાષામાં, સમયસર ITR ભર્યું નથી, પછીથી ભર્યું તો તેને બિલેટેડ રિટર્ન કહેવાય છે.




જો 31 ડિસેમ્બર પછી ITR ફાઈલ કરવા પર તમારું રિફંડ (પાછું મળવાપાત્ર ટેક્સ) ક્લેમ નહીં થાય, ભલે ગમે તેટલું રિફંડ બનતું હોય, તે સરકાર પાસે જતું રહેશે.

પગાર, TDS ની માહિતી માટે ફોર્મ 16. કેટલો ટેક્સ જમા કર્યો અને કેટલો બાકી છે તેના માટે ફોર્મ 26AS અને એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ (AIS).

બેંક સ્ટેટમેન્ટ, વ્યાજ પ્રમાણપત્ર ઉપરાંત LIC, PPF, NSC જેવા ઈન્વેસ્ટમેન્ટ પ્રૂફ. ઘર/મકાન લોનની વિગતો. ભાડાની રસીદ, કેપિટલ ગેઈનની માહિતી.

રિટર્નમાં ખોટી માહિતી આપવાનું ટાળો ઘણા ટેક્સપેયર ખોટા ડિડક્શન જેમ કે- LIC, મેડિક્લેમ, હાઉસ લોન ઈન્ટરેસ્ટ અને દાનની ખોટી માહિતી આપીને ટેક્સ બચાવે છે. પરંતુ ઈનકમ ટેક્સ ડિપાર્ટમેન્ટ આજના સમયમાં AI દ્વારા રિટર્નના ડેટાનું વિશ્લેષણ કરે છે. ખોટી માહિતી આપવાથી નોટિસ આવી શકે છે.


# રતન ટાટાના સાવકા માતા સિમોન ટાટાનું નિધન : સ્વિટ્ઝર્લેન્ડમાં જન્મ, 1953માં ભારતની મુલાકાત લીધી, નવલ ટાટા સાથે લગ્ન કર્યાં હતા....

**મુંબઈ, તા.05**

રતન ટાટાના સાવકા માતા અને નોએલ ટાટાના માતા સિમોન દુનોયર ટાટાનું નિધન થયું છે. 95 વર્ષની ઉંમરે તેમણે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. સ્વિટ્ઝર્લેન્ડમાં જન્મેલા સિમોને ભારતમાં આવીને માત્ર ટાટા પરિવારમાં સ્થાન બનાવ્યું નહીં, પરંતુ કોસ્મેટિક બ્રાન્ડ લેક્મેને વૈશ્વિક બનાવી.

સિમોન ટાટાનો જન્મ સ્વિટ્ઝર્લેન્ડના જિનીવામાં થયો હતો. તેમનું પૂરું નામ સિમોન નેવલ દુનોયર હતું. 1953માં તેઓ ભારત ફરવા આવ્યા અને જેઆરડી ટાટાના સાવકા ભાઈ નવલ એચ ટાટા સાથે 1955માં લગ્ન કર્યા.

નવલ ટાટાની પ્રથમ પત્ની સૂની કોમિસેરિયેટથી બે પુત્રો- રતન ટાટા અને જીમી ટાટા હતા. પરંતુ, બીજી પત્ની સિમોને



પરિવારને એકજૂટ રાખ્યો. નોએલ ટાટા તેમના પુત્ર છે, જે આજે ટાટા ટ્રસ્ટ્સ અને હિન્દુસ્તાન યુનિલિવરમાં મોટી ભૂમિકાઓ સંભાળી રહ્યા છે.

સિમોન પહેલીવાર 1960ના દાયકામાં ટાટા ગ્રુપ સાથે જોડાઈ. તેઓ ટાટા ઓઈલ મિલ્સ કંપની (TOMCO)ની સબસિડિયરી લેક્મેના બોર્ડમાં સામેલ થયાં. તે સમયે લેક્મે એક નાની કંપની હતી, જે હમામ, ઓકે અને મોદી સોપ્સ જેવા ઉત્પાદનો બનાવતી હતી. પરંતુ સિમોને તેને ભારતીય મહિલાઓ માટે ખાસ કોસ્મેટિક્સ બ્રાન્ડ બનાવવાનું વિઝન આપ્યું.

1982માં તેઓ લેક્મેના ચેરપર્સન બન્યાં. ઉદારીકરણ પછી 1996માં લેક્મે અને HULએ 50:50 જોઈન્ટ વેન્ચર બનાવ્યું, જેનું નામ લેક્મે યુનિલિવર લિમિટેડ રાખવામાં આવ્યું. 1998માં લેક્મેએ પોતાનો 50 ટકા હિસ્સો HULને 200 કરોડ રૂપિયામાં વેચી દીધો. આ પછી લેક્મેએ બિઝનેસ બદલી નાખ્યો અને એપેરલ રિટેલિંગમાં પ્રવેશ કર્યો. સિમોન પહેલીવાર 1960ના દાયકામાં ટાટા ગ્રુપ સાથે જોડાઈ. તેઓ ટાટા ઓઈલ મિલ્સ કંપની (TOMCO)ની સબસિડિયરી લેક્મેના બોર્ડમાં સામેલ થયાં. તે સમયે લેક્મે એક નાની કંપની હતી, જે હમામ, ઓકે અને મોદી સોપ્સ જેવા ઉત્પાદનો બનાવતી હતી. પરંતુ સિમોને તેને ભારતીય મહિલાઓ માટે ખાસ કોસ્મેટિક્સ બ્રાન્ડ બનાવવાનું વિઝન આપ્યું.

# વ્યાજ દરોમાં ઘટાડાથી બજારમાં ઉછાળો : સેન્સેક્સ 447 અંક વધીને 85,712 પર બંધ, નિફ્ટી 152 અંક ચઢ્યો....

**મુંબઈ, તા.05**

RBIએ રેપો રેટ 0.25% ઘટાડીને 5.25% કર્યો છે. આનાથી આગામી દિવસોમાં લોન સસ્તી થશે. હાલના EMIમાં પણ ઘટાડો થશે. RBIની આ જાહેરાત પછી, સુસ્ત બજારે ગતિ પકડી છે.

સેન્સેક્સ 447 પોઈન્ટ વધીને 85,712 પર બંધ થયો છે. નિફ્ટી પણ 152 પોઈન્ટ વધીને 26,186 પર બંધ થયો છે. તે જ સમયે, SBI અને બજાજ ફિનસર્વના શેરમાં પણ ઉછાળો જોવા મળ્યો છે.

સેન્સેક્સના 30માંથી 24 શેર વધ્યા છે. નિફ્ટીના 50માંથી 38 શેર વધ્યા છે. બેંકિંગ, IT અને રિયલ્ટી શેરમાં ખરીદી જોવા મળી હતી. આજે મીડિયા અને ફાર્મા શેરમાં વેચવાલી જોવા મળી હતી.

એશિયન બજારો: કોરિયાનો કોસ્પી 1.78% વધીને 4,100 પર બંધ થયો. જાપાનનો નિક્કી 1.05% ઘટીને 50,491 પર અને હોંગકોંગનો હેંગ સેંગ 0.50% વધીને 26,085 પર બંધ થયો. યુએસ બજારો: 4 ડિસેમ્બરે, ડાઉ જોન્સ 0.067% ઘટીને 47,851 પર બંધ થયો. નાસ્ડેક કમ્પોઝિટ 0.22% વધીને 23,505 પર અને એસ એન્ડ પી 500 0.11% વધીને 6,857 પર બંધ થયો.




મીશોનો IPO બે દિવસમાં 8.28 ગણો સબસ્ક્રાઇબ થયો મીશોના IPOનો આજે છેલ્લો દિવસ છે. 3 ડિસેમ્બરે ખુલેલો IPO પહેલા બે દિવસમાં કુલ 8.28 ગણો સબસ્ક્રાઇબ થઈ ચૂક્યો છે. રિટેલ કેટેગરીમાં તે 9.65 ગણો સબસ્ક્રાઇબ થયો છે. આ ઉપરાંત, અન્ય બે કંપનીઓ-એક્સસ લિમિટેડ અને વિદ્યા વાયર્સના IPOમાં પણ આજે રોકાણ કરવાની તક છે.

4 ડિસેમ્બરે વિદેશી રોકાણકારો (FIIs) એ કેશ સેગમેન્ટમાં 1,944.19 કરોડના શેર વેચ્યા. જ્યારે સ્થાનિક રોકાણકારો (DIIs) એ 3,661.05 કરોડની ખરીદી કરી.

ડિસેમ્બરના પહેલા 4 દિવસમાં FIIs એ કુલ 9,964.72 કરોડના શેર વેચ્યા છે. આ સમયગાળા દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 15,596.33 કરોડના શેર ખરીદ્યા છે.

નવેમ્બર મહિનામાં FIIs એ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIs એ 77,083.78 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને સ્થાનિક રોકાણકારોનો ટેકો છે.

2026માં નિફ્ટી 29,000 પર પહોંચશે બેંક ઓફ અમેરિકાએ કેલેન્ડર વર્ષ 2026 માટે નિફ્ટીનો ટાર્ગેટ 29,000 નક્કી કર્યો છે, જે વર્તમાન સ્તરથી 11% વૃદ્ધિ દર્શાવે છે. બ્રોકરેજે જણાવ્યું કે વેલ્યુ વધવાની સંભાવના ઓછી છે અને આવકમાં વૃદ્ધિ થવાથી બજારમાં તેજી આવશે.

બજાર 159 અંક વધીને 85,265 પર બંધ થયું અઠવાડિયાના ચોથા કારોબારી દિવસે ગુરુવારે, 4 ડિસેમ્બરે સેન્સેક્સ 159 અંક વધીને 85,265 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 48 અંકનો ઉછાળો રહ્યો, તે 26,034 પર બંધ થયો. સેન્સેક્સના 30માંથી 20 શેરોમાં તેજી જોવા મળી. નિફ્ટીના 50માંથી 34 શેર ઉપર બંધ થયા. ઓટો, IT અને રિયલ્ટી શેરોમાં વધુ તેજી જોવા મળી. મીડિયા 1.45% નીચે આવ્યો.

# ચાંદી ₹1.79 લાખ કિલોએ ઓલટાઇમ હાઈ : ₹2,400 મોંઘી થઈ, સોનું ₹733 વધીને ₹1.29 લાખ પ્રતિ 10 ગ્રામ થયું....

**નવી દિલ્હી, તા.05**

એટલે કે 5 ડિસેમ્બરે ચાંદીના ભાવ ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગયા છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર 1 કિલો ચાંદીનો ભાવ 2,400 રૂપિયા વધીને 1,79,025 રૂપિયા થયો છે. આ પહેલા ચાંદીની કિંમત 1,76,625 રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતી.

જ્યારે 10 ગ્રામ સોનું 733 રૂપિયા મોંઘું થઈને 1,28,578 રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલા સોનું 1,27,845 રૂપિયાનું હતું. 17 ઓક્ટોબરે સોનાએ 1,30,874 રૂપિયાનો ઓલ ટાઈમ હાઈ બનાવ્યો હતો.

જુદા જુદા શહેરોમાં ભાવ અલગ કેમ હોય છે? IBJAના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિન શામેલ હોતા નથી તેથી જુદા જુદા શહેરોના ભાવ અલગ અલગ



હોય છે. પંજાબ નેશનલ બેંક સહિત ઘણી બેંકો ગોલ્ડ લોન રેટ નક્કી કરવા માટે આ કિંમતોનો ઉપયોગ કરે છે.

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત 52,416 રૂપિયા વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,28,578 રૂપિયાનું થઈ ગયું છે.

ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 90,003 રૂપિયા વધી ગયો છે. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 1,79,025 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

1. કેન્દ્રીય બેંકોની ખરીદી: વિશ્વભરની મોટી બેંકો ડોલર પર નિર્ભરતા ઘટાડવા માગે છે. તેથી તેઓ પોતાના ભંડારમાં સોનાનો હિસ્સો સતત વધારી રહ્યા છે.

અસર: જ્યારે મોટી બેંકો સતત ખરીદી કરે છે, ત્યારે બજારમાં સોનાની માગ જળવાઈ રહે છે અને કિંમત ઉપર જાય છે.

2. ક્રિપ્ટોથી સોના તરફ વલણ: ક્રિપ્ટોમાં ઉતાર-ચઢાવ અને કડક નિયમોના ડરથી રોકાણકારો સોનામાં પૈસા લગાવી રહ્યા છે. છેલ્લા કેટલાક સમય દરમિયાન ભારતમાં શેરબજારમાંથી ઓછા વળતરે પણ સોનાને આકર્ષક બનાવ્યું છે. આ ઉપરાંત, લગ્નની સીઝન શરૂ થવાથી પણ સોનાની માગ વધી ગઈ છે.

3. લાંબા ગાળાની સંપત્તિ: સોનું ક્યારેય સંપૂર્ણપણે નકામું થતું નથી. તે નષ્ટ થતું નથી, મર્યાદિત માત્રામાં છે અને મોંઘવારીના સમયે તેની કિંમત જાળવી રાખે છે.

આ વર્ષે 1 લાખ 35 હજાર સુધી જઈ શકે છે સોનું કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયા કહે છે કે ભૌગોલિક રાજકીય તણાવ યથાવત છે. આનાથી સોનાને ટેકો મળી રહ્યો છે. આનાથી સોનાની માંગ વધી રહી છે. આવી સ્થિતિમાં, આ વર્ષે સોનું 1 લાખ 35 હજાર રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી જઈ શકે છે.

# બુલ રન વચ્ચે સ્ટોક માર્કેટનું નબળું પ્રદર્શન, સેન્સેક્સ 1 વર્ષમાં ફક્ત 8.34% વધ્યો....

**મુંબઈ, તા.05**

ગત અઠવાડિયે સેન્સેક્સ અને નિફ્ટી લાઈફટાઈમ હાઈ પર પહોચ્યા હતા. પરંતુ, આંકડાઓ અને રિટર્નમાં ભારે વિરોધભાસ જોવા મળી રહ્યો છે. લાઈફટાઈમ હાઈનો આંક જોઈને ઘણા કહી રહ્યાં હતાં કે, ભારત વિશ્વના સૌથી સારા ઈક્વિટી બજારોમાંનું એક છે. પરંતુ, આંકડાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યા બાદ સામે આવે છે કે, ભારત છેલ્લા એક વર્ષમાં સૌથી ખરાબ ઈક્વિટી બજારોમાંનું એક છે. મજબૂત મેક્રોઈકોનોમિક સંકેતો વચ્ચે પણ એક વર્ષમાં સેન્સેક્સમાં સાધારણ 8.34 ટકા જેટલો જ વધારો થયો છે. આ સમયગાળા દરમિયાન જ અનેક વૈશ્વિક બેન્ચમાર્ક્સમાં વધારો જોવા મળ્યો છે. જે ઈન્ટરનેશનલ કેપિટલ માર્કેટમાં ભારતની ઘટતી અપીલને દર્શાવે છે. ગ્લોબલ માર્કેટમાં બુલ રનની અસર જોવા મળી રહી છે. દક્ષિણ કોરિયામાં એક્સપોર્ટના મજબૂત આંકડા અને ટેક સેક્ટરમાં



સૂધારા વચ્ચે સૂચકાંક કોસ્પી ૬૦ ટકા વધ્યો છે. મેક્સિકોનો આઈપીસી ઈન્ડેક્સ 62.29 ટકા વધ્યો છે. અન્ય એશિયન બજારોએ પણ ભારતને પાછળ છોડયું છે.

હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ 33.13 ટકા વધ્યો છે. જાપાનનો નિક્કી-225 31.53 ટકા વધ્યો છે. જ્યારે, સ્પેનનો આઈબીઈએક્સ-35 40.63 ટકા વધ્યો છે. યુરોપિયન બજારો પણ ભારત કરતા સારા ચમક્યા છે. લંડનનો એફટીએસઈ-100 17.29 ટકા, ઈટાલીનો એફટીએસઈ એમઆઈબી 29.58 ટકા, બ્રાઝિલનો બોવેસ્પા ઈન્ડેક્સ 26.58 ટકા વધ્યો છે. ચીને અનેક આર્થિક અવરોધો વચ્ચે પણ 16.90 ટકા વળતર આપ્યું છે. ભારત સાથે ઓસ્ટ્રેલિયા અને રશિયાના માર્કેટનું પ્રદર્શન નબળું રહ્યું છે. ઓસ્ટ્રેલિયામાં 2.11 ટકા અને રશિયામાં યુક્રેન યુદ્ધ વચ્ચે 3.82 ટકાનો જ વધારો જોવા મળ્યો હતો.

એનએસડીએલના ડેટા અનુસાર, એફપીઆઈએ તેમના ભારતના એક્સપોઝરને ઘટાડયું છે. તેમણે જાન્યુઆરી, 2025થી ભારતીય ઈક્વિટીમાંથી રૂ. 1.48 લાખ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે. ભારતના મજબૂત મેક્રો ફંડામેન્ટલ્સ, સ્થિર ફુગાવાના આંકડા અને સ્થિર વ્યાજ દર વચ્ચે પણ નોંધપાત્ર આઉટફ્લો ચિંતાનો વિષય બન્યો છે. જાણકારોના મતે, ભારતને સ્થાનિક સંસ્થાકીય અને રિટેલ રોકાણકારોનો સાથ મળ્યો છે. જેના કારણે માર્કેટ પોઝીટીવ જોવા મળી રહ્યું છે. એપ્રિલ 2025માં 71425ના તળિયા બાદ ૨૭ નવેમ્બર, 2025ના રોજ 86055ની ઊંચાઈ બાદ સેન્સેક્સ 4 ડિસેમ્બરે 85265 પર બંધ થયું હતું.

# નિકાસ મોરચે ઉદ્ભવેલા પડકારો વચ્ચે પણ રૂપિયાની નરમાઈને સહન કરવાનો RBIનો વ્યૂહ

**હાલની સ્થિતિમાં દેશમાંથી નિકાસમાં વધારો થાય તે આવશ્યક હોવાનો મત**

**મુંબઈ, તા.05**

નિકાસ મોરચે ભારત દ્વારા હાલમાં સામનો કરાઈ રહેલા પડકારોને ધ્યાનમાં રાખી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા ડોલર સામે રૂપિયાની નબળાઈને હાલમાં સહન કરવાનું ચાલુ રાખશે તેવો બજારમાં મત પ્રવર્તી રહ્યો છે. વેપાર ખાધ ઉપરાંત ડોલર ઈન્ફલોસ અટકી પડવાને કારણે ભારત હાલમાં બહારી આંચકાનો સામનો કરી રહ્યું છે. વર્તમાન વર્ષમાં રૂપિયાને ઘટતો અટકાવવા રિઝર્વ બેન્કે અવારનવાર દરમિયાનગીરી કરી હતી અને નોંધપાત્ર ડોલર વેચ્યા હતા.

જો કે છેલ્લા આઠ સત્રમાં રૂપિયામાં ૧.૪૦ ટકાથી વધુનો ઘટાડો આવ્યો છે. ડોલર સામે રૂપિયાના ભાવમાં ભારે વોલેટિલિટી અથવા તો સટ્ટાકીય વેપારના કિસ્સામાં જ પોતે દરમિયાનદગીરી કરતી હોય છે અને રૂપિયાને કોઈ ચોક્કસ સ્તર સુધી જાળવવા માટે દરમિયાનગીરી કરાતી નહીં હોવાના રિઝર્વ બેન્ક હાલમાં સંકેત આપી રહી છે, એમ ફોરેક્સ માર્કેટના એક વિશ્લેષકે જણાવ્યું હતું.

વર્તમાન વર્ષના પ્રથમ નવ મહિનામાં રિઝર્વ બેન્કે ખુલ્લા બજારમાં ૩૮ અબજ ડોલરનું વેચાણ કર્યું છે. ૨૦૨૪ના ઓકટોબરથી ડોલર સામે



રૂપિયો સતત દબાણ હેઠળ રહ્યા કરે છે. ગયા વર્ષના ઓકટોબરમાં ડોલરનો ભાવ ૮૪ રૂપિયા જેટલો હતો જે હાલમાં ૯૦ ડોલરની ઉપર પહોંચી ગયો છે.

ફન્ડામેન્ટલ જ જ્યારે રૂપિયાની વિરુદ્ધમાં હોય ત્યારે ફોરેકસ રિઝર્વમાંથી ડોલર ઘટાડવાનો કોઈ મતલબ નહીં હોવાનું એક બેન્કરે જણાવ્યું હતું અને રિઝર્વ બેન્ક આવતી કાલે તેની સમીક્ષા બેઠકના અંતે કદાચ આ સંદર્ભમાં કોઈ નિવેદન કરશે તેમ જણાય છે. સામાન્ય રીત જ્યારે ડોલર મજબૂત બનતો હોય છે ત્યારે દેશના નિકાસકારોને તેનો લાભ થતો હોય છે અને આયાતકારો માટે સ્થિતિ પ્રતિકૂળ બને છે.

હાલમાં અમેરિકા દ્વારા ભારતના માલસામાન પર ૫૦ ટકા ટેરિફ લાગુ કરવામાં આવી છે જેને પરિણામે અમેરિકામાં ભારતની નિકાસ ઘટી રહી છે એટલું જ નહીં વિશ્વના અન્ય દેશોમાં પણ ભારતે નિકાસ સામે સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે.

યુએસ ડોલર સામે રૂપિયામાં તીવ્ર ઘટાડો વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોના (એફપીઆઈ) રોકાણ પર દબાણ ચાલુ રહેવાની શક્યતા છે, કારણ કે કોર્પોરેટ કમાણીમાં સુધારો અને યુએસ સાથે વેપાર સોદા પર પ્રગતિ કોઈપણ આઉટફ્લોને ઉલટાવી શકાય તે માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

વિશ્લેષકોએ આ નબળાઈને નિકાસમાં ઘટાડો (ઘણા ભારતીય માલ પર ૫૦ ટકા સુધીના યુએસ ટ્રેડ ટેરિફથી પ્રભાવિત) અને વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા સતત વેચાણને આભારી ગણાવ્યો છે. નિષ્ણાતો કહે છે કે રૂપિયાની નબળાઈ એફપીઆઈ રોકાણ માટે નજીકના ગાળાના દ્રષ્ટિકોણને અસર કરી શકે છે. જો કે, ભારતનું મજબૂત અર્થતંત્ર ફટકાને ઘટાડવામાં મદદ કરશે. વધુમાં, તેમણે કહ્યું કે રૂપિયાની નબળાઈ કમાણી વૃદ્ધિના અંદાજમાં કોઈ ફેરફાર કરશે નહીં.

**પશ્ચિમ રેલવે**
**ભાવનગર મંડળ**

**OHE જાળવણી (પાવર બ્લોક અને નોન-પાવર બ્લોક પ્રવૃત્તિઓ)**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (TRD) પશ્ચિમ રેલ્વે, ભાવનગર પરા, ભારતના રાષ્ટ્રપતિ વતી નીચેના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે **ટેન્ડર નંબર: 07-TRDBVP-2025-26-R1.** **કામનું નામ:** ધોળા જંક્શન-ભાવનગર ટર્મિનસ-પાલિતાણા, રાજુલા-મહુવા, ધાસા-જેતલસર, કનાલુસ-પોરબંદર, જેતલસર-વાંસજાલિયા અને રાજકોટ-સોમનાથ સેક્શનના OHE જાળવણી (પાવર બ્લોક અને નોન પાવર બ્લોક પ્રવૃત્તિઓ) 2 વર્ષ માટે. **ટેન્ડર રકમ:** 3,59,09,728.94/- **ટેન્ડર ફી:** NIL **EMD રકમ:** 3,29,600/- **સરનામું:** DRM (ટ્રેક્શન) BVP, DRM ઓફિસ, ભાવનગર પરા-364003 બિડરોએ ફક્ત **www.ireps.gov.in** લિંક દ્વારા ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને વેબસાઈટ **www.ireps.gov.in** ની મુલાકાત લો. ઉપરોક્ત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૨૯.૧૨.૨૦૨૫ બપોરે ૩:૦૦ વાગ્યા સુધી રહેશે. BVP 211

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# વડોદરા મામલતદાર કચેરી પાસેનો કટ બન્યો 'ડેથ ટ્રેપ'

## 5 દિવસમાં એક જ જગ્યાએ એક જ પેટર્નથી 4 એક્સિડન્ટ, વાહનચાલકોની જીવલેણ ટક્કરથી ડરનો માહોલ



**વડોદરા, તા.05**

અકસ્માત તો આપણે ઘણા જોયા હશે પરંતુ, એવી સ્થિતિ ભાગ્યે જ સર્જાઈ હશે કે, એક જ જગ્યા પર એક જ પેટર્નથી એક કરતા વધુ અકસ્માત સર્જાયા હોય અને તે તમામ અકસ્માત CCTVમાં કેદ થયા હોય. સમા મામલતદાર કચેરી પાસેનો ખતરનાક વળાંક ફરી એકવાર અકસ્માતનું કેન્દ્ર બન્યો છે. આજે સવારે ઈકો કાર ચાલકે નિયંત્રણ ગુમાવતાં અકસ્માત સર્જાયો, જેના CCTV પણ સામે આવ્યા છે. રાહતની વાત એ છે કે, આ અકસ્માતમાં કોઈને ઈજા થઈ નથી. આ જ સ્થળે સતત પાંચમા દિવસે ચોથો અકસ્માત નોંધાયો છે, જેના કારણે સ્થાનિક લોકોમાં ભયનો માહોલ છે. અકસ્માત સ્થળે આજરોજ વડોદરા ટ્રાફિક ડીસીપી, આરટીઓ અને કોર્પોરેશન અધિકારીઓની સંયુક્ત વિઝીટ આખરે અહીંયા સ્પીડ બ્રેકર મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો.

વડોદરાના સમા વિસ્તારમાં મામલતદાર કચેરી પાસે આ પ્રકારની આશ્ચર્યજનક અકસ્માતોની વણઝાર એક પછી એક ઘટી હતી. આ વિચિત્ર અકસ્માત અંગે ગતરોજ સમા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી અને ત્રણેય અકસ્માતના લાઈવ સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા હતા. ફરિયાદમાં ઉલ્લેખનીય આ ત્રણેય અકસ્માતમાં 30 નવેમ્બર, 2 અને 3 ડિસેમ્બરે એક અકસ્માતનો સમાવેશ થાય છે.

વડોદરા શહેરના સમા વિસ્તારમાં મામલતદાર કચેરી પાસે ચાર રસ્તા પર અકસ્માતોની સિલસિલો જાણે અટકવાનું નામ જ ન લે તે પ્રકારે એક બાદ એક ત્રણ દિવસમાં ત્રણ અકસ્માત સામે આવ્યા છે. આ તમામ અકસ્માત સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. રાહતની વાત એ છે કે આ તમામ અકસ્માતમાં કોઈ વ્યક્તિનો જીવ નથી ગયો પણ આ અકસ્માતના ફૂટેજ જોઈ તમે પણ ચોંકી જશો.

આ ત્રણેય અકસ્માતમાં પહેલી ઘટના ગત 30 નવેમ્બરે બપોરે પોણા ત્રણ વાગ્યાની આસપાસ બની છે, જેમાં બે બાઈક વચ્ચે જોરદાર ટક્કર થાય છે જેમાં બંને વ્યક્તિના બાઈક ફંગોળાઈ બંને વ્યક્તિ નીચે પટકાતા નજરે પડે છે. આ બાદ તે જ સાંજે છ વાગ્યા બાદ એક સાથે ત્રણ બાઈકની એક સાથે ટક્કર થાય છે જેમાં જાણે બાઈકનો ભુક્કો બોલાવે એવો વિચિત્ર અવાજ આવે છે, જેમાં ચાર લોકોને ઈજાઓ પહોંચે છે. આ સાથે આ જ જગ્યા પર ગત રોજ એક એક્ટિવાચાલકને કાર ચાલક અડફેટે લે છે. આ તમામ અકસ્માત એક જ જગ્યાએ ત્રણ દિવસમાં સર્જાય છે.

સમા વિસ્તારમાં આવેલ મામલતદાર કચેરીની પાસે આવેલા કટ પર અકસ્માતનો ભોગ બનેલ બાઈક ચાલક નિતીન રાઠોડે નોંધાવેલી ફરિયાદ મુજબ અજાણ્યા શખસે આ જગ્યા પર પોતાનું બાઈક બેદરકારીપૂર્વક હંકારી ફરિયાદીની બાઈક સાથે અથડાવી ફરિયાદીના પગના અંગૂઠામાં અને બે આંગળીઓમાં ફ્રેક્ચર કરી સાથે જ પાછળ બેસેલ તેઓના મિત્ર ભરતસિંહ મહિડાને ચહેરાના ભાગે તથા નાકના ભાગે ફેક્ચર કરી આંખની કીકીમાં ક્રેક કરી ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હોવાની ફરિયાદ સમા પોલીસ મથકમાં નોંધાવી છે.

# ગુજરાતમાં ચૂંટણીઓ પૂર્વે બ્રહ્મ સમાજ સરકાર સામે પડ્યો

## રાજકોટમાં આજે મહાસંમેલનમાં 34 જિલ્લાના 254 તાલુકાના પ્રતિનિધિઓનું શક્તિ પ્રદર્શન જોવા મળશે



**રાજકોટ, તા.05**

ગુજરાતમાં આગામી સમયમાં વિધાનસભા અને કોર્પોરેશનની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે તે પહેલાં હવે બ્રહ્મ સમાજ સરકાર સામે પડ્યો હોય એવું લાગી રહ્યું છે. જેના મંડાણ પણ સૌરાષ્ટ્રના પોલિટિકલ હબ ગણાતા રાજકોટથી થવા જઈ રહ્યા છે. શહેરમાં 7 ડિસેમ્બરના ગુજરાત બ્રહ્મદેવ સમાજનું મહાસંમેલન મળવા જઈ રહ્યું છે. આ શક્તિ પ્રદર્શનમાં રાજ્યના 34 જિલ્લાના 254 તાલુકાના બ્રહ્મ સમાજના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેવાનો દાવો કરવામાં આવ્યો છે ત્યારે હવે જોવું રહ્યું કે, આ સંમેલનથી સરકાર અને વિપક્ષ દ્વારા કયા પ્રકારની રણનીતિઓ અપનાવવામાં આવે છે.

ગુજરાતના બ્રહ્મદેવ સમાજનું મહાસંમેલન 7 ડિસેમ્બરના સાંજે 4થી 7 વાગ્યા સુધી રાજકોટમાં અટલ સરોવરના અટલ પાર્ટી પ્લોટ ખાતે મળી રહ્યું છે ત્યારે તે પહેલા બ્રહ્મ સમાજના આગેવાન મિલન શુક્લે જણાવ્યું હતું કે, બ્રહ્મ સમાજની સામાજિક અને રાજકીય અવગણના મુદ્દે અમારું મહાસંમેલન મળવા જઈ રહ્યું છે. આ ઉપરાંત કર્મકાંડી બ્રાહ્મણો, દેવસ્થાનો અને EWSને લગતી અમારી જે પડતર માંગણીઓ છે તેને રજૂ કરી શકે તે માટે શક્તિ પ્રદર્શન સ્વરૂપે અમારું સંમેલન આગામી 7 ડિસેમ્બરના મળવા જઈ રહ્યું છે ત્યારે રાજકોટ સમાજના 31 તરગોળ ઉપસ્થિત રહ્યા છે.

તેઓએ જણાવ્યું કે, સૌરાષ્ટ્ર કચ્છની વિવિધ સંસ્થાઓ સાથે પણ અમે સંકલન કરી રહ્યા છીએ. 34 જિલ્લાના 254 તાલુકામાંથી બ્રહ્મ સમાજના પ્રતિનિધિઓ આ સંમેલનમાં હાજર રહેવાના છે. વર્તમાન સમયમાં રાજકીય પક્ષો બ્રહ્મ સમાજની સતત ઉપેક્ષા કરી રહ્યા છે. એક પક્ષને એવું લાગી રહ્યું છે કે, આ અમારી વોટબેંક છે તો ક્યાં જવાના છે ત્યારે બીજા પક્ષને એવું લાગે છે કે આ અમારામાં આવવાના નથી. જેને કારણે બ્રહ્મ સમાજનું પ્રતિનિધિત્વ ધીમે ધીમે ઘટી રહ્યું છે ત્યારે મતદારોના રૂપમાં બ્રાહ્મણો સંગઠિત થાય તે મુખ્ય ઉદ્દેશ છે.

ગુજરાત બ્રહ્મ સમાજને એવી લાગણી છે કે, અમારું રાજકીય પ્રતિનિધિત્વ નથી. વ્યક્તિગત કોઈને આપતા હોય તો તેની સામે અમને વાંધો ન હોઈ શકે પરંતુ, બ્રહ્મ સમાજના પ્રતિનિધિ કે જે સમાજ સાથે કનેક્ટ હોય એવા કોઈ પ્રતિનિધિઓ હાલની સરકારમા અમને દેખાતા નથી. હાલ અમે કોઈ રાજકીય આગેવાનને આમંત્રણ આપેલું નથી આ બ્રહ્મ સમાજને એકજૂટ કરી અને વેરવિખેર બ્રહ્મ સમાજને એક કરવાનો આ પ્રયાસ છે.

# 80 કિલો નકલી પનીર અને 168 કિલો શંકાસ્પદ માવો ઝડપાયો : બે સ્થળે SOG અને પાલિકાના દરોડા



**સુરત, તા.05**

સ્વાદના શોખીન સુરતીઓ માટે ફરી એક વખત લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. જો તમે બહારથી પનીર કે મીઠાઈ લાવીને આરોગતા હોવ, તો ચેતી જવાની જરૂર છે. સુરત શહેરમાં લોકોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં કરતા તત્વો સામે સુરત શહેર સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ અને સુરત મહાનગરપાલિકાના ફૂડ એન્ડ સેફ્ટી વિભાગે સંયુક્ત રીતે લાલ આંખ કરી છે. એક જ દિવસમાં શહેરના બે અલગ અલગ વિસ્તારોમાં દરોડા પાડીને તંત્રએ હજારો રૂપિયાની કિંમતનું શંકાસ્પદ નકલી પનીર અને ભેળસેળયુક્ત માવો બજારમાં વેચાય તે પહેલાં જ ઝડપી પાડ્યો છે.

સુરત S.O.G. ને મળેલી ચોક્કસ બાતમીના આધારે, પોલીસની ટીમે સુરત મહાનગરપાલિકાના ફૂડ એન્ડ સેફ્ટી વિભાગના અધિકારી જે. એમ. દેસાઈ અને ટી.એસ. પટેલને સાથે રાખીને ઉધના વિસ્તારમાં વોચ ગોઠવી હતી. ઉધના ગામ, પટેલ કોલોનીમાં આવેલી જ્યોતિનગર સોસાયટીમાં ‘શ્રીજી પ્રોવીઝન સ્ટોર‘ (દુકાન નં.1)માં તપાસ હાથ ધરવામાં આવી હતી.

SOG સ્ટાફે ઉધનાની શ્રીજી પ્રોવિઝન સ્ટોરમાંથી રૂ. 26,900ની કિંમતનું 80 કિલો શંકાસ્પદ પનીર અને મગોબમાં એક ફ્લેટમાંથી રૂ. 34,953ની કિંમતનો 168 કિલો મિઠાઈ બનાવવાનો માવો જપ્ત કર્યો છે. દુકાનમાંથી 70 કિલો મલાઈ પનીર અને 10 કિલો એનાલોગ પનીર મળી આવ્યું હતું, જે હલકી કક્ષાના દૂધ અને પામોલિન તેલમાંથી બનાવવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. SOGએ પ્રોવિઝન સ્ટોરના માલિક નવલકિશોર મોતીરામ ગર્ગને ઝડપી પાડ્યા હતા. આટલી ગંભીર માહિતી પોલીસને મળે છે, ત્યારે પાલિકાના ફૂડ એન્ડ સેફ્ટી વિભાગને કેમ જાણ થતી નથી તે એક તપાસનો વિષય છે.

# રાજ્યમાં 106 ફ્લાઈટ કેન્સલ, અન્ય એરલાઈન્સના ભાડા બમણાં : 'ઈન્ડિગો ચોર હૈ, મુર્દાબાદ'ના નારા લાગ્યા



**અમદાવાદ, તા.05**

પાઈલટ્સ અને ક્રૂ મેમ્બર્સની અછતના કારણે દેશની સૌથી મોટી એરલાઈનની કટોકટી ત્રીજા દિવસે પણ ગંભીર બની છે. અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ એરપોર્ટ પર 106 ફ્લાઈટ રદ કરવામાં આવી છે. જેને કારણે પેસેન્જર્સમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને અફરા તફરી મચી ગઈ છે. તેમાં પણ અમદાવાદ એરપોર્ટ પર ઈન્ડિગો ચોર હૈ, ઈન્ડિગો મુર્દાબાદના નારા લાગ્યા હતા. ઈન્ડિગો ઈમર્જન્સીને કારણે કોઈએ હનીમૂનના પ્લાન પડતા મૂકવા પડ્યા છે તો કોઈ વર-વધૂ પોતાના જ લગ્નના રિસેપ્શનમાં પહોંચી શક્યા નથી. એક તરફ ઈન્ડિગોની ફ્લાઈટ્સ ધડાધડ રદ થઈ રહી છે, તેવામાં એર ઈન્ડિયાના ભાડામાં ચાર ગણો વધારો થયો છે. મજબુરીમાં હવે મુસાફરોને બસ-ટ્રેનમાં મુસાફરી કરવી પડશે. મુસાફરોની ટિકિટ કેન્સલની સાથે ઈન્ડિગો એરલાઈન્સે બીજી એક મોટી ભૂલ કરી છે. 4 ડિસેમ્બરની ફ્લાઈટના જેટલા પણ પેસેન્જર છે એ બધાના લગેજ આપવામાં આવ્યા નથી. 4 ડિસેમ્બરના જેટલા પેસેન્જર છે, તેઓની ફ્લાઈટ ગઈકાલે ટેકઓફ થઈ ગઈ હતી, પરંતુ તેઓનો સામાન હજુ પરણ અમદાવાદ એરપોર્ટ પર જ છે. 5 ડિસેમ્બરના પેસેન્જરનો સામાન પણ હજુ સુધી પરત કરવામાં આવ્યો નથી.

